
# સરળ સ્વભાવી કેશુભાઈ

ભારતી દિપક મહેતા



શ્રી કેશુભાઈ વજપારભાઈ શાહ



# સરળ સ્વભાવી કેશુભાઈ

ભારતી દિપક મહેતા



**☐ SARAL SWABHAVI - KESHUBHAI**

Life Sketch of Shri Keshubhai Vrajpar Shah -
Biography of his Divine Works and Experiences.

---

**☐ WRITTEN & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

---

☐ February 2023 / સંવત્ ૨૦૭૯
500 Copies / 120 Pages

For Private Circulation only

---

**☐ PUBLISHER**

© Shri Bhadrankar Prakashan,
49/1, Mahalakshmi Society, Shahibaug,
Ahmedabad - 380004.

---

**☐ SPONSOR**

Shri Guru Bhakta Parivar

# શ્રી દ્વારિકા તીર્થ નેમિજિન પ્રાસાદ



આ દેવભૂમિ દ્વારિકામાં,
એક વસ્તુ અમુલખ મનમાં વસી;
જીવનની પ્રત્યેક પળે ભાવું કેઃ
'સવિ જીવ કરું શાસનરસી'!

# ॥ नवकारमंत्र ॥

Navkarmantra

**नमो अरिहंताणं**

*Namo Arihantanam: I bow down to Arihantas*

**नमो सिद्धाणं**

*Namo Siddhanam: I bow down to Siddhas*

**नमो आयरियाणं**

*Namo Ayariyanam: I bow down to Acharyas*

**नमो उवज्झायाणं**

*Namo Uvajjhayanam: I bow down to Upadhyayas*

**नमो लोए सव्वसाहूणं**

*Namo Loe Savva-Sahunam: I bow down to Sadhus*

**एसो पंच नमुक्कारो**

*Eso Panch Namukkaro: This five-fold salutation*

**सव्वपावप्पणासणो**

*Savva Pavappanasano: Destroys all sins*

**मंगलाणं च सव्वेसिं**


*Mangalam Cha Savvesim: And amongst all auspicious things*

**पढमं हवई मंगलं**

*Padhamam Havai Mangalam: Is the most auspicious one*



દાદા ઋષભના મારગને શત શત વંદન;
જે લઈ જાયે મુક્તિ સમીપે પ્રતિદિનં!



પ.પૂ.આ. શ્રી પૂજ્યપાદ્
શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ.આચાર્ય
શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.

અધ્યાત્મયોગી
પ.પૂ. પંન્યાસ પ્રવર
શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્ય

પ.પૂ. આચાર્ય
શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ

પ.પૂ. પંન્યાસ પ્રવર
શ્રી વજ્રસેનવિજયજી મહારાજ

પ.પૂ. આચાર્ય
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ

પ.પૂ. આચાર્ય
શ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ

# કેશુભાઈની પ્રબળ પુણ્યવંતી ગુરૂપરંપરા...

૦ સ્થાનકવાસીમાંથી શ્વેતાંમ્બર મૂર્તિપૂજકપણાંમાં આવેલા
અને પ્રભુ મહાવીરની પાટપરંપરાના પટ્ટધર
શ્રી આત્મારામજી મહારાજા

૦ તેમના સુવિનિત શિષ્યરત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્વિજય કમલસૂરીશ્વરજી મહારાજ સાહેબ

૦ તેમના તેજોમય પટ્ટધર પરમ પૂજ્ય વીરવિજયજી મહારાજા

૦ તેમના પ્રશસ્ત ઉર્જાવાન પટ્ટધર પરમ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી મહારાજા

૦ તેમના શ્રેયસ્કર પટ્ટધર સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિષ્ણાંત
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા

૦ તેમના પટ્ટપ્રભાવક કલિકાલકલ્પતરૂ, દીક્ષામાર્ગસંશોધક પરમ
પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૦ તેમના પરમ વિનેયી શિષ્યરત્ન અધ્યાત્મયોગી
પરમ પૂજ્ય ભદ્રંકરવિજયજી ગણિવર્ય,
પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ,
પરમ પૂજ્ય મહાસેનવિજયજી મહારાજ,
પરમ પૂજ્ય ગણિવર્યશ્રી વજ્રસેનવિજયજી મહારાજ તથા
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ.

# શાશ્વત મંગલ મધુર સહસ્ત્ર આશીર્વચનો



પ. પૂ. પંન્યાસ પ્રવર
શ્રી વજ્રસેનવિજયજી મહારાજ

પ. પૂ. આચાર્ય
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ

પ. પૂ. આચાર્ય
શ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ

અનંત ઓચ્છવ સમા શ્રી કેશુભાઈના જીવનમાં
ધરતી ઉપરનું શ્રેષ્ઠ દ્વિઅક્ષરી કાવ્ય એટલે... 'ગુરુ'!

દ્વૈતના હૃદયગ્રંથ ઉપર અદ્વૈતનો પ્રથમ શ્લોક એટલે...
ગુરૂ માટેના સમર્પણના ૧૪ રાજલોક!

અમૃતમયી આ ક્ષણો છે, જ્યારે ગુરુના મનમાં આહ્લાદ છે;
સૌના વદન ઉપરનું મધુરૂં સ્મિત, કેશુભાઈને મન વરદાન છે!

કેશુભાઈ પરિવારમાં ધર્મમેઘ સીંચનારા ગુરુ પ્રેમતીર્થ છે;
વજ્ર-હેમની મનમોહન જોડી વાત્સલ્યવારિધિ સમાન સ્નેહતીર્થ છે.

# આશીર્વચન

## સરળ સ્વભાવી કેશુભાઈ...

૪૭ વર્ષથી જેની ઓળખ છે, તે પરિવાર એટલે જેઠીબેન વ્રજપાર શાહ પરિવાર અને તેમના મોટા સુપુત્ર એટલે ઉદારમના કેશુભાઈ. લંડનમાં રહેતાં હોવા છતાં તે પુણ્યાત્માના હૃદયમાં જીવો પ્રત્યે અત્યંત લાગણી, પ્રભુ પ્રત્યે અવિહડ ભક્તિ, ગુરૂભગવંત પ્રત્યે અતિશય સમર્પણભાવ, ધર્મ અને ધર્મીઓ પ્રત્યે અત્યંત આદર, આંતરિક બહુમાન અને દેવ-ગુરૂ-ધર્મની અનહદ ચાહના છે!

કેશુભાઈ આયુના ૯૦મા વર્ષમાં પ્રવેશે છે, ત્યારે તેમને અંતરથી નવાજવાનું મન થયું કે : જેઓ મનથી અબજોપતિ છે, ઉદારતાને કારણે વચનથી સિદ્ધવચની છે, સત્યનો જ પક્ષપાત હોવાના કારણે કાયાથી નિર્મળ ભાવસંપન્ન છે તથા આ ઉંમરે ય ધર્મમાર્ગે પૂર્ણ કાર્યશીલ હોવાને કારણે અંતરથી અભિવાદન કરવા દ્વારા આ ઉત્તમ ગુણીજનનું ઉત્કીર્તન કરીએ. તે માટે સરસ્વતીકૃપા પામેલ ભારતીબેનને થોડું લખાણ આપી વાત કરી કે તેમના સહજ ગુણોને અવલંબીને આ જીવનકથા વર્ણવવાની છે અને તેમણે પૂરા ઉમંગ તથા નિર્મળ ભાવથી સહજભાવે અમારી ભાવનાને સ્વીકારી અને કેશુભાઈના પૂર્ણ જીવનને ભાવભરી કલમથી કંડારીને આપ્યું આ મજાનું સાહિત્ય! તે બદલ ભારતીબેનની અંતરથી અનુમોદના.

બસ, સરલ સ્વભાવી એટલે હકીકતમાં
ખરેખર જ સરલ સ્વભાવી એવા કેશુભાઈને અંતરથી ધર્મલાભ.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

## અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

सत्यमधुरवक्तारं उदारं मोहवैरिणं ।
निःस्पृहं बोधदातारं, स्तौमि भद्रंकरं गुरूम् ॥

દરેક ગચ્છ, સમુદાય, જૈનસંઘોમાં 'પૂજ્ય પંન્યાસજી મહારાજ' તરીકે ઓળખાયેલ શ્રી નમસ્કાર મહામંત્રના પરમોચ્ચ આરાધક, જિનભક્તિ ને જીવમૈત્રીના સર્વોત્કૃષ્ટ સાધક, અધ્યાત્મયોગી એટલે પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યજી મહારાજ.

તેઓની સુકોમળ કાયાના સામુદ્રિક લક્ષણો પારખીને કહેવાતું કેઃ 'સર્વને પ્રિયકર આ આત્મા જૈનશાસનનો મહાન સ્તંભ બનશે.' તેઓનો સંક્ષિપ્ત પરિચય એટલે ચંદ્ર શી સમતાભરી મુખમુદ્રા, આજાનબાહુ, મધુર વાણી, આત્માનંદથી રસેલું ગંભીર સ્મિત, જિનભક્તિ એવં જીવમૈત્રી થકી ઉભરતું કરૂણાર્દ્ર હૃદય, 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવનાથી રસાયેલ પરોપકારભર્યું શ્રમણજીવન!

૫૦ વર્ષના દીક્ષાકાળમાં તેઓએ મંત્રાધિરાજ નવકારમંત્ર, જૈનમાર્ગની પીછાણ, પ્રતિમાપૂજન, તત્ત્વદોહન, આસ્તિકતાનો આદર્શ, આત્મઉત્થાનનો પાયો, ધર્મચિંતન, દેવદર્શન, અનુપ્રેક્ષા, આરાધનાનો માર્ગ, ધર્મશ્રદ્ધા, મનનમાધુરી, નમસ્કારમીમાંસા, વચનામૃતસંગ્રહ, તાત્ત્વિક પત્રવેલી આદિ પ્રમુખ સર્જનો કર્યા. આ તેઓએ ખીરના એકાસણા સંગે નમસ્કાર મહામંત્રના ૧ લાખ જાપ કરવા ૨૦ દિવસના સામૂહિક અનુષ્ઠાનો કરાવ્યા. ઈ.સ.૧૯૫૧માં

એમને 'પંન્યાસ પદવી'થી વિભૂષિત કરાયા અને 'આચાર્ય પદવી' સ્વીકારવાની ગુર્વાજ્ઞાને શિરોધાર્ય કરવાની ક્ષણેઃ ''હું કૃતજ્ઞ છું, પણ મારું આ મુનિપદ જ એટલું મહાન છે કે એના દ્વારા સ્વ-પરના જીવનને કૃતાર્થ કરવાના આશીષ માંગુ છું'' એમ નિઃસ્પૃહતા દાખવી પદવી સ્વીકારની નમ્રતાપૂર્વક ના કહેલ.

તેઓની વાણીમાં કયારેય નિંદા કે નકાર પ્રવેશ્યા નહીં. તેઓનો નિષ્પક્ષ મત સૌનો મત બન્યો. શાસ્ત્રગ્રાહી પ્રજ્ઞાને કારણે દરેક સમુદાયને સ્વીકાર્ય બન્યાં. સકળ જીવરાશિ પ્રત્યે નીતરતાં સ્નેહપરિણામને કારણે તથા તત્ત્વવિચારણા સહિતના ધ્યાનયોગથી ભાવિત આ પૂણ્યપુરુષને વચનસિદ્ધિ વરેલી હતી. જેની કૃતિ - આકૃતિ - પ્રકૃતિ - પ્રતિકૃતિ ભદ્રંકર હતી, એવા 'પારસમણિ' સમા પૂજ્ય પંન્યાસજી મહારાજના અવગ્રહમાં પ્રવેશતાં જ પરમ શાંતિનો અનુભવ થાય - બધા પ્રશ્નોના સમાધાન મળી જાય - મન પ્રસન્નતાથી ઉભરાઈ જાય, તેવા તેઓ મહાપુરુષ હતાં.

આયુષ્યની અવધિ પૂરી થવા આવી ત્યારે ઈ.સ.૧૯૮૦ના વૈશાખ માસની ચૌદસે અજોડ સાધકે સાવધાન બની કહ્યું કેઃ 'હવે આ છેલ્લો સમય છે.' સજાગ બની અરિહંત ધ્યાને લીન થઈ, દેહથી દિગંત બની કાળધર્મ પામી તેઓ પંચમહાભૂતમાં વિલિન થયા.

**સકલસત્વહિતાશયી પૂજ્ય પંન્યાસજી ભગવંતને કોટી-કોટી વંદન.**

# આચાર્યપ્રવરશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ

ઈ.સ.૧૮૫૫માં કાઠિયાવાડ ચાર પ્રદેશોમાં વહેંચાયેલઃ ઝાલાવાડ, સોરઠ, હાલાર અને ગોહિલવાડ. તેમાં હાલારના મોટામાંઢા નામે રળિયામણાં ગામમાં પૂંજાભાઈ અને માંકાબેનના પરિવારે સંવત્ ૧૯૭૩ના ફાગણ સુદ અગ્યારસે તેમના પાંચમા પુત્ર કેશવજીનો જન્મ થયેલો. શિક્ષણ અર્થે માતા-પિતાએ મુંબઈ મોટાભાઈ માણેકભાઈના ઘરે રહી મોકલ્યો. મસ્જિદ બંદર વિસ્તારની કચ્છી હાઈસ્કૂલમાં શૈક્ષણિક-ધાર્મિક-વ્યવહારિક જ્ઞાન પણ તેઓ પામ્યા.

### ગુરૂનું બહુમાન એ જ મોક્ષ!

વાત્સલ્યવારિધિ, અજાતશત્રુ અણગાર, અધ્યાત્મયોગી પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબના મેળાપથી આત્માને પરિપૂર્ણ શુદ્ધ કરવાના ભાવ જાગ્યા અને એક લાખેણી પળે વિ.સં.૧૯૯૮ વૈશાખ સુદ પાંચમે વણી મુકામે ભાગવતી દીક્ષા સ્વીકારીને નવું નામ પામ્યાઃ મુનિશ્રી કુંદકુંદવિજયજી મહારાજ.

તેઓની વિશ્વવત્સલ, ગુરૂપારતંત્ર્યી અને દિવાકરની દ્યુતિને ય શરમાવે તેવી પ્રભા ઝળહળતી જોઈને ગુરૂ પૂજ્યશ્રી પંન્યાસજી મહારાજને પણ ઘણો પરિતોષ અનુભવાતો. તેમણે જીવદયામંત્ર આત્મસાત્ કરેલો, તેથી ભૂંડ, લૂંલા-લંગડા કૂતરાં જેવા પ્રાણીના તેઓ રક્ષણહાર બનતાં. પાટણ અને તેની પરિસર તેઓની દયાભાવનાપૂર્વકની પ્રેરણાથી જ હજારો ભૂંડોને રક્ષણ મળેલ. દરેક ચાતુર્માસમાં કંઠસ્થ હજારો કથાઓનું બાળજીવોને શ્રવણ કરાવીને તેમાં ધર્મતત્ત્વોને વીંટીને પૂજ્યશ્રી આત્મસાત્ કરાવી દેતાં.

વૃદ્ધ દાદીમાઓના વ્હાલા એવા 'કુમકુમ મહારાજ' સર્જિત ૧૫૦ જેટલા ગ્રંથમાં ધર્મચક્રવર્તી એવા શ્રી જિનેશ્વર ભગવંતોની અતુલ્ય શક્તિના નવનીતનું પદાર્પણ છે, તે પ્રત્યેક વિવેકીધર્મી આત્માને કાજે ફોરૂં, મિષ્ટ, મોક્ષક્ષુધા પ્રદીપ્ત કરી સહેલાઈથી પચે તેવું છે! ૪૦ વર્ષના દીક્ષાપર્યાય મધ્યે માત્ર એક વર્ષ કાજે આચાર્યપદનો પર્યાય પાળી શકનાર પૂજ્ય આચાર્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજના નિત્ય એકાસણાં, સ્વાધ્યાયમાં તલ્લીનતા, આત્મલક્ષી પ્રવૃત્તિઓ, આદિના કારણે તેમની સાધના સહસ્રદળકમળ સમ વિકસિત થઈ, જેની સૌરભ દેશ ઉપરાંત દૂર દેશાવર પરદેશમાં પણ પહોંચી!

**દિનાંક ૧૭.૦૨.૧૯૮૩ના દિવસે જીવનના અસ્તાચળનો ઉત્સવઃ**
ફાગણ શુકલ ચતુર્થીની સવારે પ્રકૃતિ સ્હેજ ખિન્ન ભાસતી હતી. મોટામાંઢાની પુણ્યભૂમિ ઉપર ચાલતાં ઉપધાનના તમામ ૩૬૫ તપસ્વીઓ આચાર્યપ્રવરની વધતી વેદનાને અનુભવતાં હતાં, કિન્તુ ત્યારે પણ તેમના મુખેથી અત્યંત સમાધિમય શબ્દો સરી પડેલઃ

**"કષ્ટ વેઠીને ય તમો સૌ હાલારની પ્રજાને ધર્મમાર્ગમાં જોડજો."**
અને શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ-સ્મરણ કરતાં કરતાં તેઓ ઉર્ધ્વારોહણ કરી ગયા. હાલારની કરોડરજ્જુ એવં હજારોના શિરોછત્ર હતા તેઓ. આરાધક-પ્રભાવક ગુરૂના કૃપાપાત્ર, હાલારી પ્રજાના આલંબન, હાલારની કરોડરજ્જુ તથા ગુણરત્નોના રત્નાકર હતા તેઓ. જેમ સાગરની ગહનતામાં જ મોતી પાકી શકે, તેમ શાસનની ગહન પ્રીતિમાં ડૂબેલા આવા વિશ્વહૃદયી ભગવંતને પકવનારૂં પણ જૈનશાસન જ છે! એ દીવાદાંડીરૂપ એ આત્માએ મૃત્યુને ય મહોત્સવ બનાવી દીધું. તેઓને ત્રિકાળ વંદના.

## હાલારરત્ન પૂજ્યવર મહાસેનવિજયજી મહારાજ સાહેબ

હાલારના ઝળહળતાં ઝવાહર અને મનગમતાં મૌક્તિક એટલે સિંહણ નદીને કિનારે સ્થિત ગામ મોટા માંઢાના પુંજાભાઈ તથા માંકાબેન ખીમસિયાના પુત્ર માણેકભાઈ. નાનપણથી જ પરોપકાર વૃત્તિ ધરાવતાં માણેકભાઈ ૧૧ વર્ષની ઉંમરે આફ્રિકા ગયાં. ભારે તેજસ્વી હોવાથી બે જ વર્ષમાં સારી એવી કમાણી લઈ સ્વદેશ પરત ફર્યાં. એ પછી આંબલાના દાનશૂરા શ્રી ધરમશીભાઈની દીકરી જીવીબેન સાથે લગ્નગ્રંથિથી જોડાઈને મુંબઈ સ્થિર થયાં.

લાલબાગમાં પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના સાંન્નિધ્યમાં ઊંડો ધર્મ પામ્યાં અને નાનાભાઈ તથા દીકરા કેશુ પછી પોતે પણ સંયમ સ્વીકારીને શ્રી મહાસેનવિજયજી મહારાજ બન્યાં! તેઓને તીર્થંકરોના પંચ કલ્યાણકની ભાવનામાં રમમાણ થવું ખૂબ ગમતું. સંસારની અસારતાને વિચારવા ૧૨ ભાવનાને શરણે જવું પણ પ્રિય હતું. તારક ગુરુદેવની અમીવર્ષામાં ભીંજાઈને તેમણે હાલારમાં સૌ પ્રથમ વાર જૈન ધર્મની અહાલેક જગાવી.

સતત સજાગ રહીને સૌના આત્મકલ્યાણની ભાવના ભાવતાં હાલારમાં અગણિત અનુષ્ઠાનો દ્વારા અદ્‌ભૂત શાસનપ્રભાવના કરી અને ૧૬ ગામોમાં જિનાલયો પણ કરાવ્યાં. પ્રાંતે આજથી ૩૫ વર્ષ પૂર્વે હાલાર તીર્થમાં શ્રી નવકાર મહામંત્રની ધૂનમાં લયલીન બની તેઓનો આત્મા અનંતની વાટે વિદાય થઈ ગયો! તેમના મહાપ્રયાણનું ગાન હજુ પણ હાલાર સમસ્તમાં ગૂંજે છે.

## ‘કેશુ વિહાર’ જિનાલયજી, શ્રી આરાધનાધામ તીર્થ



મોટાં દેરાસરના પગથિયાં ચડવા અશક્ત લોકો માટે
શ્રી આરાધનાધામ હાલાર તીર્થના પટાંગણમાં
શ્રી કેશુભાઈએ નાનકડાં રમણીય જિનમંદિર
‘કેશુ વિહાર’ની અંજનશલાકા, પ્રતિષ્ઠા કરાવી છે.



ગુરુ બિન કૌન બતાવે રાહ?

## શાસનધૂરાવાહક, ઋતંભરા પ્રજ્ઞાવાન, કરુણાનિધાન પરમ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યજી

પંચપરમેષ્ઠી મધ્યે સ્થિત, અરિહંતપ્રણિત માર્ગસાધક, પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના ઉપાસક, પંચાચારપાલક, વૈયાવચ્ચધારી, જ્ઞાન-ધ્યાનલીન તથા દરેક શ્રમણ ભગવંતોના આદરપાત્ર મહાત્મા **એટલે પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ.**

હાલાર પ્રદેશનું ખોબા જેવડું આંબલા ગામ. ત્યાંનો કોમળ બે વર્ષનો બાળ એટલે વર્ધમાનકુમાર ઉર્ફે કેશુ... ભલે દિવસ આખ્ખો ય ધૂળમાં રમતો હોય, પરંતુ માતા જીવીબેન તથા પિતાશ્રી માણેકલાલભાઈના સુરમ્ય સંસ્કાર એવા કે બાળકના ઉદરને અભક્ષ્ય સાથે આંખની યે ઓળખાણ થવા ન દીધી કે ન ક્યારેય સૂર્યની સાક્ષી સિવાય અન્નપાન કરાવ્યું. આવા ઋજુહૃદયી કેશુ ઉપર હૈયું ઠર્યું પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી ભદ્રંકરવિજયજીનું અને તેથી જ... તેને ઉપહાર મળ્યો પ્રવજ્યાનો મહારાષ્ટ્રના લોનાવલા મધ્યે અને નૂતન નામ પામ્યાઃ મુનિરાજશ્રી વજ્રસેનવિજયજી,

તેઓ હૃદયથી તો વાદળો સમા પોચાં જ રહ્યાં, કિન્તુ કર્મોદય વેળાએ એવં કર્મબંધ સામે ખરે જ વજ્ર સમા કઠોર નીપજ્યાં. ફક્ત તેર વર્ષની વયે ૬૦ મિનિટમાં નવી ૧૫ ગાથાઓ મોઢે કરી લેવાનો વિક્રમ જૈનશાસનમાં જેનાં નામે નોંધાયો છે, તેવા તેમણે વયોવૃદ્ધ મુનિરાજશ્રી મહાભદ્રવિજયજીની અપૂર્વ સારસંભાળ રાખતાં રાખતાં દીક્ષાના પ્રથમ દસકામાં તો જાણે જ્ઞાનયજ્ઞ જ માંડેલો!

વિશેષ આવશ્યકભાષ્યનાં બે ભાગ, વ્યાકરણ અષ્ટમ અધ્યાય, સિદ્ધહેમશબ્દાનુશાસનમ્, બૃહદ્વૃત્તિ, લઘુન્યાસ, લોકપ્રકાશનાં પાંચ ભાગો જેવા ગ્રંથોનું સુંદરતમ સંપાદનકાર્ય ઉપરાંત પૂજ્યશ્રીઓનાં ૪૫ ગ્રંથોનું પ્રકાશન કરાવનાર તેઓ નખશીખ કરૂણાવતાર હતાં.

વયોવૃદ્ધ, એકલવિહારી, અનારોગ્યસંપન્ન શ્રમણ - શ્રમણીજી ભગવંતોની વૈયાવચ્ચ કે સિદાતા સાધર્મિકોની સહાયમાં તો તેઓને નૉબેલ પ્રાઈઝ જ મળે. શાંતિનાં આ મહાદૂતને ખબર પડે કે કોઈને વસ્તુ કે સેવાની આવશ્યકતા છે, એટલે તેઓ ૨૪/૭ તૈયાર. કેટલીયે સેવા સંસ્થાઓ પણ તરતી રહી શકી છે તેઓના પ્રેરણાદાનથી જ. કરૂણાએ તેમને રાગી કરેલાં પાંજરાપોળોના. તેઓના મુખકમળ ઉપરનું સદાયનું મધુરૂં સ્મિત ક્યારેય ન જોયું વિલાતું કે ન જોઈ તેમના મનોજગતમાં ઝળહળતી પેલી પ્રશાંત સ્થિતિ કરમાતી! તેનું રહસ્ય પૂછતાં તેમણે કહેલી વાત સ્મરે કેઃ

“પૂજ્ય પંન્યાસજી મહારાજે મને અખંડ સમતાનું જે વરદાન દીધું છે, તેની આગળ આ શારીરિક દુઃખ તો કંઈ જ હિસાબમાં નથી. આત્મા માટે શરીર તો એક પિંજરા જેવું છે! તેને કંઈ તૂટ-ફૂટ થાય, તેમાં અંદર રહેલ ગાતાં પોપટને શું લાગે-વળગે? એટલે આ પિંજર ભાંગે તો ભલે ભાંગે! ગુરૂ મહારાજે કહેલું જ છે કે આ ભવ તને અપાર કર્મનિર્જરાનો લાભ આપનાર ભવ છે, તેને તું જરૂર સમતાપૂર્વક પાર કરી શકીશ. હું તો એ સિદ્ધયોગીના વચનોને જીવું છું, બાકી કશું કરતો નથી!” નિઃસ્પૃહતા આનું જ નામ ને? નમસ્કાર મહામંત્રના ચિંતન અને મૈત્ર્યાદિ ભાવોમાં તો પંન્યાસજી

મહારાજનું જ પ્રતિબિંબ હતાં તેઓ. શાંત-સરળ-સહજ-નિખાલસ-વિનમ્ર-દયા-પરોપકારાદિ ગુણોના આશ્રયદાતા પૂજ્ય પંન્યાસજી શ્રી વજ્રસેનવિજયજી મહારાજની સુદીર્ઘકાળપર્યંત પરીક્ષા કરવા તેઓને શારીરિક તકલીફો આવી અને એમાં યે છ - છ વખત આવેલ મરણાંત ઉપસર્ગો પણ અંતે તેઓના આત્મબળ સામે થાકી-હારીને એક પછી એક છોડી ગયા, ન છોડીને ગયો તો કાળ!

પરાર્થવત્સલ, મૈત્રીના મહેરામણ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યે ૮૦ વર્ષની વયે ૬૮માં દીક્ષા પર્યાયમાં જામનગર ઓશવાળ કોલોની જૈન સંઘના ઉપાશ્રયમાં વિ.સં.૨૦૭૭ જેઠ વદ ૧૧, ૦૫.૦૭.૨૦૨૧ ને સોમવારે રાત્રે ૧૦:૨૫ મિનિટે ચતુર્વિધ સકલ સંઘના શ્રીમુખે શ્રી નમસ્કાર મહામંત્રના અખંડ જાપના શ્રવણ-સ્મરણ સહ અંતિમ શ્વાસ લેતાં જૈનશાસનના ગગનાંગણેથી એક તેજસ્વી સિતારો ખરી પડયો.

સરસ્વતીસુત પૂજ્ય પંન્યાસજી શ્રી વજ્રસેનવિજયજી મહારાજના કાળધર્મ પશ્ચાત્ કહેવાનું મન થાય છે કેઃ ‘ધન્ય છો સાહેબજી! એવં ધન્ય છે આપની કર્તૃત્વશક્તિ! ધન્ય છે આપની ઉત્કૃષ્ટ જ્ઞાનગંગોત્રી એવં સુધન્ય છે આપની નમ્રતામયી યાત્રા મોક્ષપ્રતિની!

અમ સૌનું સમ્યગ્દર્શન નિર્મળ થાય,
તે માટેના આપના અથાક પુરૂષાર્થને ઘણી ખમ્મા... ઘણી ખમ્મા!’

न इओ सुंदरं परं । उवमा इत्थ न विज्जइ ।
ગુરૂ બહુમાનથી અધિક સુંદર અન્ય કાંઈ નથી, તે અનુપમેય છે!

# આચાર્યપ્રવરશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ



# પરમ પૂજ્ય આચાર્યપ્રવરશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ અન્વયે શ્રી દ્વારિકા નેમિજિન પ્રાસાદ તીર્થોત્તમે શ્રી કેશુભાઈનો સ્વયં સાથેનો સંવાદ

સંવત્ ૨૦૩૭, વૈશાખ મહિનાની વદ છઠ્ઠના રોજ ધીણોજ મુકામે પરમ વૈરાગ્યવાન એવા મુમુક્ષુ ભાઈ અશોક ઉર્ફે હર્ષદની દીક્ષા પૂર્વે વરસીદાનનો ભવ્યાતિભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હશે,

**ત્યારે બ્રહ્માંડના આયોજનની કોને જાણ હશે કે...**

પૂજ્ય પંન્યાસજી મહારાજના કૃપાશીષ પામેલ આ યુવાન પરમ પૂજ્ય આચાર્યપ્રવર કુંદકુંદસૂરીશ્વરજી મહારાજના પરમ વિનેયી શિષ્ય થઈ સમય જતાં જ્ઞાની-ધ્યાની-તપસ્વી એવા પરમ પૂજ્ય આચાર્યપ્રવરશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ બનીને હિમાલય સમા અડગ સિદ્ધાંતવાદી, ચારિત્ર્યવાન પરમ પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યજીનો અંતિમ સુધી સાથ નહીં છોડે? વળી કાબેલ નેતૃત્વ અર્પતા, સમસ્ત સમુદાયને સાચવતા, યુવાનોને વૈરાગ્ય વાણી થકી પ્રેરતા, કોઈપણ સમુદાયના વયસ્ક શ્રમણોને આજીવન પાળતા, સેંકડો વયસ્ક શ્રમણીજી ભગવંતોના સ્થિરવાસ અર્થે પાલીતાણા 'કસ્તુરધામ' અને અમદાવાદ 'ભાનુમતી પ્રેમધામ' સમા પ્રકલ્પોનું નિર્માણ કરાવતા, શાસનશોભામાં વૃદ્ધિ કરાવે તેવા અનેક ઉપધાનો, ૯૯ યાત્રાઓ, દીક્ષાઓ, શ્રી નવકાર મંત્ર અનુષ્ઠાનો, આયંબીલ ઓળીઓ, જિનાલયોની અંજનશલાકાઓ, પ્રતિષ્ઠાઓ, છ'રી પાલિત સંઘાદિનું ઉત્કૃષ્ટ આયોજન કરતા પોતાના શ્રદ્ધેય વ્યાખ્યાનો દ્વારા ગામેગામ ધર્મજાગૃતિ આણશે?

વળી પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના અક્ષરદેહને યથાતથ રાખી તેમની હસ્તલિખિત રોજનીશીઓમાંથી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ અમૂલ્ય અંકોનું સહસંપાદન કરીને, 'પત્રગંગા' સમી અનેક ગ્રંથશ્રેણીઓ તથા અન્ય શ્રુતસર્જનો કરી જૈનજગતની સાહિત્યસેવા કરતાં, સેંકડો પાંજરાપોળોને જીવતદાન આપી, સહસ્રાધિક સાધર્મિક પરિવારોને આવાસો સહિત અનેક પ્રકારની સહાય પહોંચાડતાં, ગરીબ-સીદાતાં-ફૂટપાથ ઉપર રહેતાં જૈનેતર પરિવારોને પણ વારે-તહેવારે મિષ્ઠાન્ન જમાડતાં, દરેક શ્રમણ - શ્રમણીજી ભગવંતોને ભારતભરમાં અણાહારી દવા પહોંચતી કરતા, કોઈપણ સમુદાયમાં દીક્ષાનું મુહૂર્ત નીકળી ગયું હોય, તેવા મુમુક્ષુ ભાઈ - બહેનોને તીર્થંકરોના મહાન અતિશયોથી પાવન થયેલી ભારતની અનેક દૂર - સુદૂરની તીર્થભૂમિઓની સામૂહિક યાત્રા પ્રતિ વર્ષ કરાવતા કરાવતા જૈનશાસનનો ધ્વજ આભમાં ઊંચે લહેરાવશે?

અને હાં... મારા આત્મબીજમાં પણ મુક્તિનું વૃક્ષ નિષ્ક્રિય રીતે રહેલું જ છે, જે હવે સત્તામાંથી અનાવૃત્ત કરી રહ્યાં છે મારાં ગુરુવર્ય પૂજનીય આચાર્યપ્રવરશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ, જેઓ મારામાં સમ્યગ્ શ્રદ્ધા પ્રગટાવી આત્મવીર્ય ઉલ્લસાવવા પરમ આલંબન રૂપ બની રહ્યાં છે! જેમને માત્ર વીતરાગના વચનોનું જ આલંબન અને રુચિ છે અને જેઓને દરેક કાર્યની પૂર્ણાહૂતિએ સફળતાના ઉચ્ચ શિખરે આરોહણ કરીને ય એમ જ કહેવું હોય છે કેઃ 'બધું ભગવાન જ કરાવે છે...', તેવા અનાસકત-અકર્તૃત્વી શાસનવરદાન રૂપ ગુરુ મહારાજ પામીને હું ખરેખર જ આ અમુલ્ય એવા માનવ જન્મે કૃત્કૃયતા અનુભવી રહ્યો છું!

ઘણીવાર થાય છે કે કઈ રીતે તેઓ સદાકાળ પરમાર્થિક પુરુષાર્થ કાજે સ્વયંનુ વીર્ય ફોરવવા આયુનાં ચોવીસે કલાક વાવી શકતાં હશે? કઈ રીતે તેઓ આટલાં મોટા સમુદાયમાં સતત સમાધિરસનું પાન કરાવી શકતાં હશે? કઈ રીતે વગર ઔચિત્ય ચૂકયે પોતાનું સામર્થ્ય નિશ-દિન શાસનની ઈષ્ટ ઉપાસનામાં જ પ્રગટાવી શકતાં હશે? ખરેખર... તેઓની અનરાધાર વરસતી કૃપા એ જ શુદ્ધ આનંદ છે! છેલ્લા ૪૦ વર્ષથી પૂજ્ય પં.વજ્રસેનવિજયજીશ્રીનો પડછાયો બનીને શિષ્યવત્ સેવા કરી અને પડયો બોલ ઝીલ્યો. સાહેબના સ્વપ્નને સાકાર કરનારા શાસનપ્રભાવક આચાર્યશ્રી હેમપ્રભસૂરીશ્વરજીના માર્ગદર્શન હેઠળ ભારત ઉપરાંત વિદેશમાં વસતા સેંકડો હાલારી સમાજના ભાવિકો દાનધર્મમાં સદા ય અગ્રેસર રહેલ છે.

હે પ્રભો! હું અનિર્વચનીય છું આવા ગુરુ મેળવી દેવા બદલ.

આજ સુધી સંસારમાં - પરિવારમાં મેં કયાંયે કોઈને ય કાંઈ જ કહ્યું નથી. બધી વાતમાં સંમતિ જ આપી છે, કેમકે આ ગુરુએ મને શીખવ્યું છે કે : सर्वे जीवाः कर्माधीनाः । પરંતુ પ્રભો! આજે હું તમોને કહું છું કે શુદ્ધ હેમ સમ આ ગુરુવરની પ્રભા મુજ આતમ પરે મોક્ષપર્યંત જાળવી રાખજો.

પ્રભો! તમારો હકાર જ મારી માટે થશે ૐકાર!

હે સીમંધરસ્વામી! મારી વાત અનસુની તો નહીં કરો ને?
મહાવિદેહક્ષેત્રે સમોવસરણમાં આવીને તો હું
આપને આ પ્રશ્ન આજે પૂછી શકતો નથી પણ... ત્યાં બેઠાં
તમે તો ભરતક્ષેત્રના આ બાલક કેશુની વિનંતી અવધારશો ને?
પ્રભો! નમો જિણાણં । અસ્તુ.

## ગુરુ સમર્પણની એક નવી જ ક્ષિતિજ...
## સરળ સ્વભાવી સુશ્રાવક શ્રી કેશુભાઈ

જેમણે પોતાના પ્રત્યેક વિચાર અને કાર્ય માટે
પોતાના ગુરુવર્યને જ પોંખ્યાં,
તેવા શ્રી કેશુભાઈના જીવનવૃત્તાંતની આછેરી પરાશ,
એટલે આ શબ્દ-કોતરણી!

સરળતા, સાહજિકતા અને સમર્પિતતાની અકલ્પ્ય ત્રિવેણીરુપ
ઋષિતુલ્ય વ્યકિતત્વ કેશુભાઈ ઉર્ફે
શ્રી કેશવજી વ્રજપાર નાંગપાર શાહમાં ગુરુના મિલન પૂર્વે અને
તે પછી થયેલી આંતરપ્રક્રિયા દ્વારા થયેલ પુનઃ નિર્માણ - એ
બંને ભાવોની રંગોળી આજે પૂર્ણ થઈ રહી છે
દાદા નેમિનાથજીનાં નૂતન દ્વારે દેવભૂમિ દ્વારિકામાં -
તેઓએ વ્યતીત કરેલ ભામાશા સમ જીવન નિમિત્તે!

સર્વના આત્મકલ્યાણનું શિખર એટલે ગુરુતત્ત્વ ...અને
શ્રી કેશુભાઈના પુણ્યે વળી ગુરુ પણ કેવા મળ્યાં?
હિમાલયના પર્વતો ઉપર પૂનમની ચાંદની પથરાયેલી હોય,
એવા ભાવાવરણમાં અર્ધી રાત્રે અરવતા પણ સુણાય,
તેવી અમૂલ્ય શાંતિના દાતા... જેઓ સ્વયં કુંદ-કુંદન સમા,
હૃદય સર્વ જીવો પ્રતિ ભદ્રંકર અને આત્મબળ વજ્રસમ,
તેવા હેમવંત - પ્રભાવંત - મનમોહના
**પરમ પૂજ્ય આચાર્યપ્રવરશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ!**

શ્રી કેશુભાઈના દીકરા પુનીલના લગ્ન ઈ.સ.૧૯૯૩માં થયાં.
તેમની દીકરી જહાનવી અને દીકરો કીશન મેડીસીનનું ભણે...
અને રોજ વિચારે કેઃ
'અમારા દાદાની life most inspirational છે,
તો એમની નાની બાયોગ્રાફી લખી ન શકાય?'
ખરી વાત છે. કેમ ન લખી શકાય?
તમારા દાદાજી Unsung Hero તરીકે ન રહી જાય,
એમ વિચારીને જ
પરમ પૂજ્ય આચાર્યપ્રવર શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબે
પ્રેરણા કરી અને લો...
તેઓના સુકૃત્યોની કથની ભરી આ લઘુ બાયોગ્રાફી છે તૈયાર!

આ નાનકડી પુસ્તિકા ગુરુને પૂર્ણપણે સમર્પિત
એવા પરદેશ સ્થિત એક શ્રાવકશિષ્યના કપોલ ઉપર
અનુમોદનાનાં કેસર-સુખડથી મઘમઘતું એક લઘુ તિલક છે.
તેની વાંચનસૌરભ માણવા સૌને ઈજન છે.

- ભારતી દિપક મહેતા



॥ आ नो भद्रा क्रतवो यन्तु विश्वतः ॥

અમોને સર્વ દિશાએથી કલ્યાણકારી કર્મ પ્રાપ્ત થતાં રહો!



॥ शिवमस्तु सर्व जगतः ॥

**રત્નરાશિ એવા 'હાલાર' પ્રદેશની તો શું વાત કરવી?**

સૌરાષ્ટ્રની ધરણી નરબંકાઓની, એમાંય શ્રી જામ રાવળના વડવા શ્રી 'હાલાજી' ઉપરથી પડેલ છે નામ જેનું, તે 'હાલાર' પ્રદેશની તો વાત જ શું કરવી? તેના જામનગર તાલુકામાં લાખાબાવળ, નાઘેડી, કનસુમરા, જીવાપર, અમરા, મસિતિયા, રાવલસર, બેડ, વસઈ, નવાગામ, ચાંપાબેરાજા, સરમત, દોઢીયા, સાપર, વાવબેરાજા, ગડુકા જેવા વીસથી અધિક ગામોના ભોળાં લોકોને સૈકાઓથી ખબર જ છે કે માણસની અંતિમ નેમ કાંઈ ફક્ત રોટલાં ભેગા જ થવાની નથી, પણ બ્રહ્મભેગાં થવાની છે.

**ઈતિહાસ બોલે છે...**

૩૬ ગુણોના ધારક, ષડ્દર્શનના જ્ઞાતા એવા ગુરુમહારાજને જે પોતાનું આયખું સમર્પિત કરનાર હતો, એવો એક શ્રાવક આતમ અહીંના કનસુમરાના વતની તરીકે અવતરનાર હતો, એને જ્યારે હજુ ઘણાં સૈકાની વાર હતી, એ સમયનો ઈતિહાસ જોઈએ તો...

**'યદુવંશ પ્રકાશ' નામના ગ્રંથમાંથી મળતી વિગત મુજબઃ**

પશ્ચિમ ભારતના ગુજરાતરાજ્યમાં ઉત્તર-પશ્ચિમે આવેલ ઐતિહાસિક વિસ્તારમાં જાડેજા રાજપુત શ્રી જામ રાવળ લાખાજીએ સન્ ૧૫૪૦થી હાલારની સ્થાપના કરી, એ સમયથી કાઠીયાવાડી ખમીર ધરાવતાં લોકો ત્યાં રહે! બ્રિટીશરોના શાસનકાળ દરમ્યાન હાલાર એ કાઠિયાવાડનો પ્રાંત હતો, જેનો સમાવેશ 'બોમ્બે પ્રેસીડેન્સી'માં થતો હતો. એ સમયખંડમાં નવાનગર, મોરબી, ગોંડલ, વાંકાનેર, ધ્રોળ અને રાજકોટ જેવા રજવાડાંઓ ત્યાં હતાં.

### ભારતની સ્વતંત્રતા પૂર્વેના રાજપૂતોના રજવાડામાં...

હાલાર પ્રદેશનો ડંકો વાગતો હતો. શ્રી જામ રાવળે ઈ.સ.૧૫૩૫માં કચ્છમાંથી જંગ ખેડવા પ્રયાણ કરીને સૌરાષ્ટ્ર તરફ આગેકૂચ કરી, ત્યારે સૌ પ્રથમ વવાણીયા બંદર પાસેનું અને રાજા જામ દેદા તમાચીજી જેની ઉપર રાજ કરતાં હતાં, તે મોરાણા ગામ જીત્યું અને ત્યાર બાદ આમરણ અને જોડિયા પંથક જીતી ખીલોશ ઉપર જીત મેળવીને ઈ.સ.૧૫૪૦માં પ્રથમ બેડ ગામે પોતાની વ્યવસ્થિત ગાદી સ્થાપી, પરંતુ ત્યાર બાદ ખંભાળીયાનું પરગણું જીતી લઈને એ ગાદી ખંભાળીયા ગામે બદલાવી. દેવભૂમિ દ્વારકા જિલ્લાનો મહત્વનો તાલુકો ખંભાળીયા કિલ્લેબંધ નગર હતું, તે ખંભાળીયા અને બેડની બરાબર વચાળે રાજકુળદેવી આશાપુરા દેવીની સ્થાપના કરી, જે હાલ ‘જોગવડ’ તરીકે ઓળખાય છે.

### નવાનગરના જામ સાહેબનું બિરુદઃ

કહેવાય છે કે શ્રી જામ રાવળના કુળદેવી આશાપુરા માતાએ તેમને સ્વપ્નમાં સંકેત આપ્યો, તે પછી જ તેઓ રસાલા-પરિવાર અને વફાદાર સૈનિકો સાથે કચ્છથી સૌરાષ્ટ્રના હાલાર પ્રદેશમાં પહોંચેલ. સંખ્યાબંધ સ્થાનિક આદિજાતિઓ સાથેની અનેક લડાઈઓ પછી ચાવડાઓ પાસેથી ધ્રોલ, જેઠવા પાસેથી નાગનાથ બંદર અને વાઘેલા પાસેથી ખંભાળીયા ઉપર વિજય મેળવીને ‘નવાનગર’ નામે નવા રાજ્યની તેમણે સ્થાપના કરી.

### તે દિવસ હતો ૫ ઓગષ્ટ, ૧૫૪૦ અને...

શ્રી જામ રાવળે બિરુદ મેળવેલઃ ‘નવાનગરના જામસાહેબ’. ‘જામ’નો અર્થ ફારસીમાં ‘સરદાર’, ‘પિતા’ કે ‘રાજા’ થાય છે અને ‘સાહેબ’ શબ્દનો અરબી ભાષામાં અર્થ થાય છે ‘માલિક’.

## શ્રી જામ રાવળનો જ્વલંત વિજય અને નવાનગર (હાલ જામનગર)ની સ્થાપનાઃ

શ્રી જામ રાવળજી નવાનગરના પ્રથમ જામસાહેબ હતાં, જેમણે કચ્છમાંથી સ્થળાંતર કરી ૧૦૦૦થી વધુ ગામ ધરાવતો હાલાર પ્રાંત વસાવી સૌરાષ્ટ્રમાં શાસન ચલાવતાં અનેક વાઢેર, જેઠવા, ચાવડા અને કાઠી દરબારોને પરાસ્ત કરી સૌરાષ્ટ્ર ઉપર સત્તા સ્થાપેલ. હાલાર ઉપરનો આ વિજય કંઈ સહેલો તો ન્હોતો, કિન્તુ શ્રી જામ રાવળના ભાઈઓ નામે હરધોળજી, રવોજી અને મોડજીએ તે જીતવામાં તેમને અનેક રીતે સહાય કરેલી. તેઓની ઉપરાઉપરી જીતથી જેઠવા, વાળા, કાઠી અને વાઢેર રાજપૂતોનું લોહી ઉકળી જતાં અંતિમ પ્રયત્ન રૂપે તેઓએ સાથે મળીને શ્રી જામ રાવળ ઉપર આક્રમણ કર્યું. આ યુદ્ધ ખંભાળીયાના મીઠોઈ ગામે થયું, જેમાં અંતે જામ રાવળ જ વિજયી બન્યાં.

એક મધ્યસ્થ રાજધાનીની આવશ્યકતા જણાતાં તેઓએ જૂના નાગના યાને જૂના નાગનેશની બાજુમાં રંગમતી અને નાગમતી નદીના સલોણાં સંગમસ્થાને સન્ ૧૫૪૩માં શ્રાવણ માસની સુદ સાતમના સપરમા બુધવારે એક નવું નગર વસાવ્યું, જે પાછળથી નવાનગર (હાલ જામનગર) તરીકે જાણીતું થયું.

## ત્યારે કોને કલ્પના યે હતી કે...

આ નવાનગર ૪૦૦ વર્ષ પછી એટલો બધો વિકાસ પામશે કે તે સૌરાષ્ટ્રનું પેરિસ ગણાશે? શહેરની વચ્ચોવચ્ચ નિર્માણ કરેલ રણમલ તળાવ અને લાખોટા મહેલ વીરતા અને પ્રેમના પ્રતિકો ગણાશે? સંસ્કૃત પાઠશાળાઓ અને અગણ્ય મંદિરોના કારણે તે ‘છોટા કાશી’ તરીકે ઓળખાશે? બાંધણી, કંકુ અને સુરમાને

કારણે જગવિખ્યાત થશે? રણમલ તળાવને કાંઠે આવેલ મંદિરમાં ૬૦ વર્ષથી ચાલતી અખંડ-નિરંતર રામધૂન 'ગીનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ'માં નામ ધરાવશે? એરફોર્સ, નેવી અને મિલીટરી - દેશની સેનાની ત્રણે પાંખો ઉપરાંત નૌકાસેના અને સૈનિકશાળા માટે ય આ દરિયાકાંઠો વિખ્યાત થશે?

વળી પરવાળાના સુંદર રંગબેરંગી ખડકોવાળા પીરોટન અને નરારા ટાપુને 'દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન' તરીકે એટલા માટે જાહેર કરાશે, કેમકે ત્યાં વિદેશી પંખીઓનો દર વર્ષે મેળાવડો ભરાશે? એકબાજુ ખીજડીયાને 'પક્ષી અભયારણ્ય' તરીકે જાહેર કરાશે, તો બીજીબાજુ ઑઈલ રિફાઈનરીઓ કે પિત્તળનાં ઉદ્યોગોને કારણે તે નવાનગર જગમાં આગવું સ્થાન મેળવશે?

અરે.. કોને હતી ખબર કે અહીં હાલારની ધરામાં ખમીર પાકશે, શૂરાઓ ઉગશે અને સંતો નિપજશે? 'વેલીનાથ' નામના કવિએ ઈ.સ.૧૫૭૭માં રચેલ એક કાવ્યમાં ઉલ્લેખ મળે છે કેઃ નવીન નગર જ પછી 'નવાનગર' નામે પ્રખ્યાત થયું. 'વિભાવિલાસ' કૃતિના રચયિતા કવિ શ્રી વજમાલજી પરબતજી મહેડુ ય પોતાના કાવ્યમાં દોહરો લખે છે કેઃ

'સંવત્ પન્નવ છન્નવે, શ્રાવણ માસ સુધાર;
નગર રચ્યો રાવળ નૃપત, સુદ સાતમ બુધવાર.'

નદી અને સમુદ્રના પાવન સંગમ સ્થળથી બે ગાઉ અંદરનાં ભાગે અને નદીના પાણી ફરી ન વળે, તેવા ઊંચાણવાળા સ્થળે સર્વ પ્રથમ દરબારગઢ બાંધીને શ્રી જામ રાવળે નવું નગર વસાવ્યું.

### શ્રી જામ રાવળનું મૃત્યુ અને
### પુત્ર જામ વિભોજી રાવળજી ગાદીનશીનઃ

વિક્રમ સંવત્ ૧૬૬૪ અર્થાત્ સન્ ૧૬૦૭માં રચાયેલા 'પડધરી પ્રાસાદ બિંબ પ્રવેશાધિકાર' નામે જૈન સ્તવનમાં પણ જણાવ્યું છેઃ 'કચ્છના જાડેજા વંશના રાજવીએ લાખિયાર વિયારા ગામમાંથી જાડેજા વંશની સ્વતંત્ર ગાદી હાલારમાં સ્થાપી દહીંસરામાં પોતાનું મુખ્ય થાણું સ્થાપ્યું. પોતાની સાર્વભૌમ સત્તા સ્થપાતાં શ્રી જામ રાવળ આનંદિત થયાં. રાજપૂત શાસક શ્રી જામ રાવળે પ્રથમ કચ્છ અને બાદમાં નવાનગર રાજ્યના સ્થાપક-શાસક તરીકે જે ૯૯૯ ગામોની સ્થાપના કરી, તેમાં મહાજનો પ્રત્યે અત્યંત આદર ભાવ હોવાથી તેમને ઘણી જમીનો પટ્ટે આપી દીધી, જ્યાં હાલારમાં વિશા ઓશવાળોનાં બાવન ગામો વસ્યા અને ત્યાં વસવાટ કરનારા 'હાલારી વિશા ઓશવાળ' કહેવાયા. આ બાવન ગામોમાં નવાનગર (જામનગર)થી સૌથી નજીકનું ગામ એટલે કનસુમરા. શ્રી જામ રાવળે નવાનગરમાં ઘણાં વર્ષ રાજ્ય કર્યું. તેઓનું મૃત્યુ સન્ ૧૫૬૨માં થયું, તે પછી તેમના પુત્ર જામ વિભોજી રાવલજી ગાદી ઉપર આવ્યા, તેનો આનંદ છવાયો.'

### કનસુમરામાં શ્રી વ્રજપારભાઈ નાંગપારભાઈ શાહનું
### ખાનદાની ખોરડું અને રામ-લક્ષ્મણની જોડીઃ

કનસુમરાના ઈતિહાસને ઢંઢોળતા... ખ્યાલ આવે છે કે એ સમયે કનસુમરા ચારે બાજુ પ્રખ્યાત હતું. વંશપરંપરાથી શ્રી રાયચંદ ધરમશી પોપટ હાલારના ગામોના ઓશવાળોમાં મુખ્ય પટેલ હતા. જામનગર મહાજનના મુખ્ય પ્રમુખ એવા રાયચંદભાઈ કર્તા-હર્તા હતા. પેથરાજ મેરગ ગોસરાણીએ પાલીતાણામાં ઓશવાળ યાત્રિક ગૃહની સ્થાપના કરેલ. તેમના સુપુત્ર સોમચંદભાઈએ સમાજમાં

તથા શિક્ષણ રાહત સંઘમાં ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી સેવા આપી, એ જ આ ૯૦૦ હેક્ટરમાં પથરાયેલ કનસુમરા ધન્યધરામાં ભલે લૌકિક શિક્ષણ લેનારનો આંક નીચો હતો, પરંતુ ભાઈચારો નિભાવવામાં અને નિઃસ્વાર્થ ભાવે સૌને સહાય કરવામાં એ આંક આભને પામતો! જામનગરથી માત્ર અઢી ગાઉના અંતરે આવેલ ગ્રામ પંચાયતવાળા આ ગામમાં વસ્તી હતી માત્ર બે હજાર જેટલાં માયાળુ લોકોની અને પાકા ઘર હતાં માત્ર ૪૪૪. એવા આ કનસુમરામાં વસતા મહાજનોમાં આદરથી લેવાય તેવું એક નામ હતું શ્રી વ્રજપારભાઈ નાંગપારભાઈ શાહના ખોરડાનું. દયા-દાન -પરોપકાર આદિ ગુણોએ ત્યાં પોતાનું નિવાસસ્થાન બનાવેલું. મોટા વ્રજપારભાઈ અને નાના જેઠાભાઈ 'રામ અને લક્ષ્મણની જોડી' તરીકે પંથકમાં વખણાતી. પોતાના માતા, કુટુંબીજનો વગેરે સાથે સંતોષપૂર્વક જીવતો હતો આ પરિવાર. સુખ-શાંતિ-હળવાશ અને મધુરાશે ત્યાં વસવાટ કરેલો.

**હાલારી વિશા ઓશવાળ સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય હતો...** ખેતી, પશુપાલન અને વ્યાપાર. ખેતી મુખ્યત્વે થતી ઘઉં, તલ, મગફળી, બાજરી, ચણા, કપાસ, એરંડો, રજકો અને શાકભાજીની. કનસુમરામાં ય એમ જ હતું. વ્રજપારભાઈ સમયજ્ઞ હતાં. વેપારમાં કૌશલ્ય હતું. પ્રામાણિકતાથી વ્યાપાર કરવામાં પાછી પાની ન કરતાં.

તેઓની એ વ્યાખ્યા હતી કેઃ 'ધર્મ એટલે બીજાનો વિચાર કરવો અને સૌને સહાયરૂપ થવું.' ઉપકાર અને કૃતજ્ઞતાની ભાવના થકી વ્રજપારભાઈ અને જેઠાભાઈનું મનુષ્યત્વ નિખરેલું. તેઓ સમાજનું ઋણ કદાપિ ન વીસરતાં. આર્થિક રીતે ભલે તેઓ એટલાં સદ્ધર ન હતાં, છતાં દાનવૃત્તિ અને ત્યાગવૃત્તિ ભારોભાર હતાં!

સદ્‌બુદ્ધિ અને જાતમહેનતનો સદુપયોગ કરી પોતાના વડવાઓએ જે મૂળીયાં કચ્છથી ઉખેડીને હાલારની ભૂમિ ઉપર વાવેલાં, તેને તેઓએ અહીં વધુ દૃઢ કરેલાં. સાહસિકતા પણ તેઓના રોમે-રોમમાં છલકતી. બંને ભાઈઓમાં વિનમ્રતા પણ એટલી કે જે કંઈ મળ્યું છે, તેમાં તેઓ પરમ તત્વની કૃપા જ માનતાં.

## પરિવારને ટેકો કરવા શ્રી જેઠાભાઈ ઉપડયાં નાઈરોબીઃ

પોતાના પરિવારને કેમ બેઠો કરવો - આગળ વધારવો, તે માટે તેઓ વચ્ચે મંત્રણા ચાલતી રહેતી, કેમકે હાલારથી અનેક યુવાનો આફ્રીકા ધંધાર્થે જતાં હતાં. તેથી એક દિવસ આ પરિવારમાં પણ નિર્ણિત થયું કે બેમાંથી એક ભાઈ આવકવૃદ્ધિ અર્થે નાઈરોબી જાય અને એ રીતે પરિવારને ટેકો કરે... એમાં નામ નક્કી થયું નાનાભાઈ શ્રી જેઠાભાઈનું. આજુબાજુના પડોશમાં પણ વાયુવેગે આ વાત ફેલાઈ ગઈ અને જોરશોરથી થવા માંડી તૈયારી!

## એ સમયની રીત નિરાળી...

પરદેશ જવાની આગલી રાત્રે આજુબાજુનાં સર્વ પડોશીઓ ત્યારની રીત મુજબ તેઓના ઘરે ધીમે ધીમે બેસવા આવવા લાગ્યા. હાલારની આ ભૂમિની રજેરજમાં પરોપકારનો ભાવ પ્રસરેલો હતો, તેથી જ કોઈ પરદેશ કે યાત્રાર્થે જતાં હોય, બહારગામથી કોઈના સગાવ્હાલાં, વેવાઈ-જમાઈ કે મહેમાન આવ્યા હોય યા યાત્રા કરીને આવ્યા હોય, ત્યારે તેમના ઘરે બેસવા તો જવાનું જ. ગાય-બળદ માંદા પડયા હોય તો પણ જવાનું. અરે... ! શેરીનો કુતરો માંદો પડયો હોય, તો ય ભેગા થઈ જાય. તો અહીં તો એક યુવાન પરદેશ જતો હોઈ ગામ મળવા આવે તેમાં નવાઈ ન હતી. બધા પ્રેમથી મળવા આવે, હિંમત આપે અને જાય.

## કનસુમરાના આકાશ નીચે થયો સ્વસંવાદઃ

સૌ સ્નેહીજનો સ્વગૃહે પરત ગયા, ત્યાં થઈ મધ્યરાત્રિ. ઘરના સૌ પણ નિદ્રાર્થે વિખરાયા પછી જેઠાભાઈ કનસુમરા ઘરના આકાશ નીચે ખાટલો ઢાળી ફળિયાનાં વૃક્ષો સાથે મનમાં અને મનમાં વાતે વળગ્યાંઃ 'પરિવાર મારી ઉપર શ્રદ્ધા મૂકીને મને એકલાને નાઈરોબી તો મોકલે છે પણ હું તો ક્યારેય અહીંથી પાંચ-દસ ગાઉ દૂરના લાખાબાવળ, જામનગર, હાપા કે પીપલી રેલ્વે સ્ટેશને ય ગયો નથી, તો મને પારકા પરદેશમાં કેમ કરી બધું આવડશે?' પરંતુ ... બીજી જ ક્ષણે માંહ્યલો બોલ્યોઃ 'હું કેમ આમ મનથી નબળાં વિચારો કરી જ શકું? હું સરસ રીતે ત્યાં કામ કરીશ અને ધીમે ધીમે પરિવાર સમસ્તને જરૂરથી ત્યાં વસાવીશ.' બસ, આવા વિધાયક વિચારો શરૂ થયાં, તેથી પગમાં આવ્યું જબરૂં જોમ અને તેઓ પણ નિદ્રારાણીને ખોળે થયાં નિદ્રાધીન!

## પ્હો ફાટતાં નાઈરોબી જવા નીકળ્યાં, ત્યારે...

કનસુમરા ગામની કોઈ વ્યકિત શેષ ન હતી, જેમણે શ્રી જેઠાભાઈને શુભેચ્છાઓ ન આપી હોય! કેન્યાના જંગલોનાં સિંહ, ઝેબ્રા, જિરાફ, રાઈનોસરોસ, ગજરાજ વગેરેની જે ફકત વાતો સાંભળેલી, તે સર્વ હવે સાક્ષાત્ જોવા મળશે, એવા અનેક વિચારો સાથે તેમણે દરિયાઈ સફર પૂર્ણ કરી. નવી ભોમકામાં પ્રવેશતાં જ થયું કે 'દુનિયા શું આ...ટલી વિશાળ છે?' એમ વિચારતાં વિચારતાં શ્રી જેઠાભાઈ તો પહોંચી ગયાં નાઈરોબીના કાર્યાલયે અને નાની ઉંમરે ય મોટી જવાબદારીપૂર્વક કામ સંભાળવા માંડયું!

## નાઈરોબીનો ઈતિહાસઃ

આફ્રિકન કૉન્ટીનેન્ટના કેન્યાના પાટનગર નાઈરોબીમાં ચલણ હતું

ત્યારે કેન્યા શીલીંગનું કે જે ટૂંકમાં કે. એસ. એચ.થી ઓળખાતું. ‘નાઈરોબી’ શબ્દનો શો અર્થ થતો હશે, એ વિચાર સાથે શ્રી જેઠાભાઈ પહોંચ્યા નાઈરોબી. નાનકડાં નિવાસે પહોંચતાં પૂર્વે રસ્તામાં જ કોઈને પૂછી લીધું કેઃ ‘‘ભાઈ, આ તારા ‘નાઈરોબી’ શબ્દનો અર્થ શો?’’ આફ્રિકન ભાઈએ તૂટક અંગ્રેજીમાં જવાબ આપ્યોઃ ‘‘મસાઈ ફ્રેઝ ‘**Enkare Nairobi**’ ઉપરથી આ નામ પાડવામાં આવ્યું છે, જેનો અર્થ છે ‘**Place of Cool Waters**’ યાને શીત જલનો પ્રદેશ.’’ શહેરની મધ્યમાં વહેતી ‘નાઈરોબી’ નદીની શીતલતા હવાની લહેરખીઓમાં પણ વરતાઈ, એવા મજાના ખુશનુમા વાતાવરણ સાથે તેઓએ નૂતન જીવનમાં પગરણ માંડયાં.

### મોટાભાઈ વ્રજપારભાઈનું પણ નાઈરોબીમાં આગમનઃ

ઘરે જોયેલી નાણાંભીડ અને કપરાં સંજોગો સામે બાથ ભીડવા આવેલાં, તેથી જેઠાભાઈ અત્યંત સલૂકાઈથી ઓછા ખર્ચે જીવન નિર્વાહ કરવા માંડયાં. તેઓની કાર્ય-કૌશલતા રંગ લાવી અને થોડાં જ વખતમાં તો મોટાભાઈ વ્રજપારભાઈને પણ તેઓએ નાઈરોબી બોલાવી લીધા અને ઘરમાં છત આવવાનાં સ્વપ્ન સાકાર થશે, એવી સૌની માન્યતા દ્રઢ થઈ.

### શ્રી વ્રજપારભાઈના નમણાં-નાજુક જેઠીબેન સાથે ચાર ફેરાંઃ

બંને ભાઈઓના જવાથી ભારતના પશ્ચિમી ખૂણે આવેલ હાલારના એ રૂપકડાં ગામ કનસુમરામાં રહેતી એક એકલ માતા ટબીબાઈની આંખોનાં ખૂણાની ભીનાશ કુદરતને ય સ્પર્શી અને આ પરિવારમાં વળતાં પાણી શરૂ થયાં. પરિસ્થિતિ સુધરતાં માતાને હવે ઓરતાં જાગ્યાં મોટા દીકરા વ્રજપારને પરણાવવાનાં, તેથી વ્રજપારભાઈ માની મહેચ્છાને પૂર્ણ કરવા સ્વદેશ આવ્યા અને જનનીએ શોધેલ

નમણાં-નાજુક જેઠીબેન સાથે પરણ્યા. જામનગરની બાજુના ચંગા ગામના જેઠીબેનના માતાનું નામ પરમાબાઈ અને પિતાનું નામ દેવરાજભાઈ હતું. કનસુમરામાં શ્રી વ્રજપારભાઈ સાથે લગ્નબંધનથી બંધાયા પશ્ચાત્ સૌ સન્ ૧૯૩૦માં ભારતથી નાઈરોબી પરત ફર્યા.

**નાઈરોબી માટે કહેવાતું કે...**

**'The Nairobi city is commonly referred to as the Green city in the Sun.'** એ જોઈ-સાંભળી પરિવાર આનંદિત થયો કે આ લીલ્લાંછમ્મ શહેરમાં અમે સહુ પણ અહીંના નૂતન સૂરજની સાખે જરૂરથી લીલ્લી વાડી ઉછેરીશું!

**એ સમય હતો ઈસવીસન્ ૧૯૩૦નો, જ્યારે...**

સપાટીથી ૫,૮૦૦ ફીટની ઊંચાઈએ આવેલું આ કેપીટલ ઑફ વર્લ્ડ હીલ સ્ટેશન કૉફી, ચા અને સીસાલ યાને પાંદડામાંથી બનાવેલ જાડી રસ્સીના ઉદ્યોગો માટેનું મુખ્ય કેન્દ્ર હતું.

સન્ ૧૯૧૪માં 'શ્રી વાંકાનેર વિદ્યાપ્રસારક મંડળ'ની સ્થાપના થયેલ, તેવા નાઈરોબીમાં ૨૨ સપ્ટેમ્બર, ૧૯૩૦ના દિવસે એક 'કૉરીન્ડોન મ્યુઝિયમ' નવું જ ખૂલેલું. તે જોવા વ્રજપારભાઈ અને જેઠીબેન ગયાં અને જાણ્યું કે કેન્યા દેશ હજુ સ્વતંત્ર થયો ન હોવાના કારણે તે બ્રિટીશ સલ્તનત નીચે હતો, તેથી તે વખતના કેન્યાના કોલોનીચલ ગર્વનર સર **Robert Coryndon,** જેઓ થોડા સમય પૂર્વે જ મૃત્યુ પામેલ, તેઓના નામ ઉપરથી તે નવા મ્યુઝિયમનું નામ પડેલું. સન્ ૧૯૬૩માં કેન્યા દેશ સ્વતંત્ર થયો, એ પછી આ મહામૂલા નૂતન મ્યુઝિયમનું નામ બદલીને 'નેશનલ મ્યુઝિયમ' કરવામાં આવશે, એ ત્યારે કોને જાણ હતી?

આરબ દેશના બન્ટુ જાતિની બોલીમાંથી અવતરેલી સ્વાહિલી ભાષા જ ત્યારે નાઈરોબીમાં સૌથી વધુ પ્રચલિત હતી, તેના ઉપરાંત સોમાલી, ગાલ્લા તથા બોરન ભાષા પણ ઘણી બોલાતી.



**બંને ભાઈઓએ મળીને શરૂ કર્યો પોતાનો જ વ્યાપારઃ**

નવી ભાષા, નવી આબોહવા, નવી જીવનશૈલી અને નવી રીતભાત, પરંતુ શ્રી વ્રજપારભાઈ અને શ્રી જેઠાભાઈના સંયુક્ત સાહસ થકી નાંગપારભાઈ પરિવારઉદ્યાનમાં ખુશીઓ ખીલતી ગઈ અને પરિવાર ધીમે ધીમે બે પાંદડે થતો ગયો. બંને ભાઈઓએ મળીને થોડાં વર્ષ નોકરી કરી, પછી પોતાનો જ વ્યાપાર - ધંધો શરૂ કર્યો અને તેમાં સુશ્રી જેઠીબેનના ભાઈ - વ્રજપારભાઈના સાળા ખીમજીભાઈને પણ હિંદથી નાઈરોબી બોલાવી લઈને સૌ સાથે મળીને અનાજના વ્યાપારને તીર ગતિએ ટોચે લઈ જવા માંડયાં.

### આઠ સંતાનોનું રચાયું અષ્ટમંગલઃ

વ્રજપારભાઈ તથા જેઠીબેનના કિલ્લોલતાં પરિવારમાં ધીમે ધીમે અષ્ટમંગલ રચાયું ૮ સંતાનો રૂપે. ૮ ભાઈ-બહેનોમાં કેશુભાઈનો નંબર બીજો. પ્રથમ અમૃતબેન સૌથી મોટાં, પછી કેશુભાઈ, રંજનબેન (હવે દિગંત), હંસાબેન, નિર્મળાબેન (હવે દિગંત), અશ્વિનભાઈ, હેમલતાબેન તથા સૌથી નાના કિરીટભાઈ.

### કેસૂડાંના રંગ-સુગંધ લઈને આવેલ કેશુભાઈનું અવતરણઃ

દિનાંક ૨૪ ફેબ્રુઆરી, ૧૯૩૦ના મંગલ દિને ફાગણ મહિનામાં આ પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામેલ કેશુ દીકરો કેસૂડાંના સુમનોની સૌરભ પ્રસરાવતો અને પેલા રાજકુમારની જેમ દિવસે ન વધે, તેટલો રાત્રે વધે... એ રીતે મોટો થતો ગયો. અત્યંત નમ્ર-સરલ-દેવતાઈ પુરૂષત્વ. બધાને સહાયક થવું, સ્વાર્થી ન બનવું એવી વૃત્તિ. બાળપણથી જ નીખરેલ ચતુરાઈ અને બુદ્ધિ કૌશલ્ય! નાઈરોબીના વેસ્ટ લેન્ડ્ઝ વિસ્તારમાં ત્યારે 'ધ યુરોપીયન નાઈરોબી સ્કૂલ', 'કેન્યા હાઈસ્કૂલ', 'પ્રીન્સ ઑફ વૅલ્સ' અને 'નાઈરોબી પ્રાયમરી જૂનીયર સ્કૂલ' વિદ્યમાન હતી. પ્રાથમિક તથા માધ્યમિક શાળાનું શિક્ષણ પૂર્ણ થયું, ત્યાં તો કેશુભાઈની રગોમાં દોડતાં લોહીમાં રહેલ વ્યાપારીપણાંએ જીવનને દ્વારે દસ્તક દીધી અને પોતાના હમઉમ્ર મામાના દીકરા વેલજીભાઈ સંગે સ્વયં ધંધામાં પલોટાયાં.

### સાલ હતી એ ૧૯૫૪ની જ્યારે કેશુભાઈએ...

નાયરોબી જેવા પારકાં પરદેશમાં ચણાનો લોટ, બધી જ જાતની દાળ અને મસાલા બનાવવાનું કારખાનું શરૂ કર્યું. સાચી નીતિ અને ન્યાયસંપન્ન વૈભવને કારણે ગૌતમસ્વામીની લબ્ધિ જાણે ઉતરી આવી અને કારખાનું થોડાં જ વખતમાં ધમધમવા લાગ્યું.

કસોટીઓ તો જીવનમાં ડગલે અને પગલે આવી, પરંતુ કેશુભાઈ જેનું નામ! ક્રોડો કસોટીઓને ય કંપાવી - હંફાવીને પોતાનું કૌવત દાખવતાં કરતાં રહ્યાં આગે હી આગે કૂચકદમ!

## નાઈરોબીથી વ્યાપાર વૃદ્ધિ માટે જતાં ઠે...ઠ કંપાલાઃ

નામના કે પ્રસિદ્ધિનો મોહ તો પહેલેથી જ નહીં ને જાતમહેનતથી આગળ આવવામાં જ જેમને ગૌરવ અનુભવાતું, તેવા કેશુભાઈ તેમના મામેરાં ભાઈ વેલજીભાઈ સંગે પોતાને ત્યાં બનતો માલ વેચવા દર અઢી મહિને ઠે...ઠ કંપાલા સુધી જતાં! ૬૫૫ માઈલનો એ પ્રવાસ લગભગ ૧૬ કલાકનો રહેતો. નાઈરોબી આવ્યું કેન્યામાં અને કંપાલા આવ્યું યુગાન્ડામાં, તેથી બુસીયા કે મલાબા ક્ષેત્રની બોર્ડર ક્રોસ કરવી પડતી અને ટુરીસ્ટ વીઝા લેવા ઈમીગ્રેશનની ઘણી વિધિઓ પણ કરવી પડતી. કંપાલામાં નાણાંનો વ્યવહાર થતો બોડા-બોડા નામે ઓળખાતા યુગાન્ડા શીલીંગ્સથી. કેશુભાઈ આ બધાં જ કોઠાં પસાર કરતાં કરતાં વ્યાપાર વધારવા લાગ્યા! પ્રાઈવેટ મોટરબાઈક ટેકસી ત્યારે હજુ ચલણમાં નવી નવી જ આવી હતી, કિન્તુ કેશુભાઈના કાંડામાં રહેલું જોર જ તેમને ગતિથી આગળ લાવતું હતું. ચિરાગ જ્યાં પણ જાય... રોશની ફેલાવે જ, તે ન્યાયે કેશુભાઈ દેશ-દેશાવરમાં તેઓનું નૂર પ્રસરાવતાં.

## શ્રી કેશુભાઈ અને અનિલાબેનનું ઉજવાયું પરિણય પર્વઃ

ગદ્ધાપચ્ચીસીની વય વટાવી અને કેશુભાઈને જેવું છવ્વીસમું વર્ષ બેઠું કે તેઓના ચાર ફેરા ફરાવવામાં આવ્યા ડબાસંગના શ્રી રણમલ દેવરાજ તથા સુશ્રી પાનીબેનની સુસંસ્કારી દીકરી, નામે અનિલાબેન સાથે! ડબાસંગ આવ્યું હાલારના ‘ચેલા’ ગામની સમીપ, જ્યાં રહેતાં હતાં સુશ્રી અનિલાબેનના માત-પિતા.




આ દ્રષ્ટાંતરૂપ દંપતિનો એ સંકલ્પ છે કેઃ

**આર્ત-રૌદ્રને રડતાં મૂકીને, કરવી છે પરાર્થની જ સગાઈ;**
**ધર્મ-શુકલ ધ્યાન ધરીને, પામવી છે પરમની ઠકુરાઈ!**

## ત્રણ સંતાનોની ત્રિવેણીઃ

**માત-પિતા અનિલાબેન તથા કેશુભાઈ પોતાની બે પુત્રીઓ સંજીતા - હિતૈષા અને પુત્ર પુનીલને સંસ્કારવારિ સીંચવામાં કયારેય પાછા ન પડયાં.**



**ડબાસંગ એટલે ઓશવાળ સમાજ માટે અતિ મહત્વનું સ્થાનઃ**

ત્યાં વસતાં સર્વ ઓશવાળોના જોમ-હીર એવા અનેરાં કે એકદા ત્યાંની બહેનોએ બહારવટિયાઓને પણ પત્થરના મારથી ભગાડી મૂકયા હતા, તેવું ખમીરવંત ગામ. ત્યાંથી રણમલભાઈ કેન્યાના 'કિસુમુ'માં રહેવા ગયાં પછી જન્મ થયો દીકરી અનિલાનો.

'કિસુમુ' એ જ 'પોર્ટ ફલોરેન્સ'!

'કિસુમુ' શબ્દનો અર્થ થાયેઃ **'A Place to look for food.'** વિકટોરિયા સરોવરના કિનારે વસેલ આ શહેર તેના 'ડુંગા હિલ કેમ્પ' અને 'હિપ્પો પોઈન્ટ' માટે આજે ય જગવિખ્યાત છે.

**મિલેનિયમ સીટી કિસુમુએ પોષેલાં સુશ્રી અનિલાબેનનેઃ**

નાઈરોબી અને મોમ્બાસા પછીનું શહેર 'કિસુમુ'ને 'મિલેનિયમ સીટી'નું બિરુદ અપાયું છે. નાઈરોબીથી ૨૦૦ માઈલ દૂર એવું આ શહેર વિષુવવૃત્તથી દક્ષિણમાં માત્ર ૧૫ માઈલ જ દૂર સ્થિત છે, પરંતુ દરિયાઈ સપાટીથી ૧૧૦૦ મીટર ઊંચે હોવાના કારણે ત્યાંનું હવામાન એટલું ગરમ નથી, પરંતુ સમશીતોષ્ણ છે. ચોખા, ખાંડ ઉપરાંત ટેક્સટાઈલ્સ, રેલ્વે લાઈન અને સમુદ્ર કિનારાની જેટ્ટી માટે પ્રખ્યાત આ શહેરે શ્રી અનિલાબેનને પાળ્યાં અને પોષ્યાં. ધર્મના સંસ્કારો પામેલ અનિલાબેને શ્રી કેશુભાઈ સાથે પરિણય પામતાં પૂર્વે જ પર્યુષણ મહાપર્વમાં અઠ્ઠાઈ તપ પણ આદરેલ, એ સાંભળી માતા જેઠીબેનના હર્ષનો તો પાર ન્હોતો.

**કેશુભાઈ પરિવારમાં અનિલાબેન દૂધમાં સાકરની જેમ ભળી ગયાઃ**

કેશુભાઈ અને અનિલાબેનનું સુસાયુજય ચોલ અને મજીઠનાં રંગે રંગાયેલું છે, એ જોઈ સૌ અતિવ સંતુષ્ઠ થતાં. અનિલાબેનનું અસ્તિત્વ કેશુભાઈની ભાવનાઓમાં ઓગળી ગયેલું. પરોપકારી જીવ

એટલે નાઈરોબી કે પછી લંડન સમાજનાં સમુહ જમણવારોમાં મુખ્ય રસોઈની જવાબદારી તેઓ જ લેતાં અને તેમાં મળતો ભાઈ-બહેનોનો સુંદર સહયોગ, તેથી વર્ષો સુધી... હજ્જારોની રસોઈ સહજ ભાવે બની જતી, જે ભક્તિ જ હવે પછી અનિલાબેનનાં જીવનમાં એક મહત્વનું વિકાસકાર્ય બની ગયું.

તત્ પશ્ચાત કેશુભાઈએ પોતાના નાનાભાઈ અશ્વિનના પણ કેન્યાના કિસુમુ શહેરનાં જ સુસંસ્કારી દીકરી વાસંતીબેન સંગે ધામધૂમથી લગ્ન કરાવ્યાં. નાઈરોબીમાં સાધુ-સત્સંગ ભલે ન્હોતો, પરંતુ માત-પિતાના સુદ્રઢ સંસ્કારો તથા સદ્વાંચનને કારણે સૌ ભાઈ-બહેનોને એ જાણ જ હતી કે આ મનુષ્યભવમાં જ અર્થ અને કામપુરુષાર્થ સાધતાં સાધતાં ધર્મ અને મોક્ષપુરુષાર્થ સાધી શકાય તેમ છે, એટલે તેઓ સદા ન્યાય તથા નીતિના ઉજ્જવળ માર્ગે જ જીવન વીતાવતાં. કાળક્રમે તેઓ બે પુત્રી અને એક પુત્રના જન્મદાતા પિતા બન્યાં.

નાઈરોબીની રાષ્ટ્રીય ભાષા સ્વાહિલી તો સૌને આવડતી. તદ્ ઉપરાંત અંગ્રેજી, કીકુયુ, કામ્બા, બન્ટુ, લુઓ, અકામ્બા, ગલ્લા, ગીરીઆમા, રબાઈ, નન્દી, લુમ્બવા વગેરે જેવી અનેક ભાષાઓ પણ ત્યાં બોલાતી સૌને સંભળાતી. વળી આફ્રિકન જાતિ - પ્રજાતિઓના કસબાના 'મારુઝ કેફે'માં મળતાં 'મારુનાં ભજીયા' અને તેની ચટણી આરોગવા માટે ભારતીય લોકો હોંશે હોંશે જતાં, જે હવે તો લંડનના વેમ્બલી ક્ષેત્ર સુધી પણ વિસ્તરીત થયાં છે. નાઈરોબીના આશ્રમ રોડ ઉપરની પેલી 'જયુભાઈની ભેળ', જેમાં બાફેલા વટાણા પણ ઉમેરાતાં, તેને નાની ચોરસ બ્રેડ સાથે જમવાની પણ લોકો મજા માણતાં દેખાતાં.

વળી 'ઍકઝોટિકા'ની મસાલા ચીપ્સ, કૉફી કે ફાલુદા માટે ય લોકો ઠે...ઠ વેસ્ટલેન્ડ્ઝ સુધી જતાં. સન્ ૧૯૫૬માં નાઈરોબીમાં લાતેમા રોડ ઉપર ખૂલેલ ઑડિયન સિનેમામાં સૌ પ્રથમ પ્રદીપ-કુમાર અને બીના રોયની ફિલ્મ 'અનારકલી' તથા ત્યાર પછી રાજકુમારની 'સંગમ' ફિલ્મ જોવા માટે લોકો ટોળે મળતાં. પાછળના ઠે....ઠ સુંદર રોડ સુધી તેની ટિકિટ મેળવવા પડાપડી થતી!

**...પરંતુ કેશુભાઈ-અનિલાબેનની જીવનશૈલી તો...**

કરકસર અને ધર્મમયી હતી. તેઓનો પ્રેરણાપૂર્ણ જીવનમંત્ર હતોઃ **'ઉદ્યોગ કરવાથી ધનવાન થવાય, ઉદ્યમથી ધન્યવાન થવાય.'** તેઓએ પોતાના ત્રણે સંતાનોને યથાયોગ્ય ભણાવી જીવનમાં બધી જ રીતે આગળ ધપાવ્યાં અને સાથે સાથે પોતાના જન્મદાતા માત-પિતા એવં પરિવારજનોને પણ સ-રસ સાચવ્યાં.

**પિતાશ્રી વ્રજપારભાઈએ નાઈરોબીમાં લીધી વિદાયઃ**

૮ ફેબ્રુઆરી, ૧૯૭૦ના દિવસે માત્ર ૬૦ વર્ષની ઉંમરે પિતા શ્રી વ્રજપારભાઈ જ્યારે નાઈરોબીમાં દેહથી દિગંત થયાં, ત્યારે એક પિતાનું હૈયું સંતોષથી છલોછલ ભરેલું હતું, કેમકે પુત્ર કેશુભાઈએ સઘળી યે જવાબદારી સંભાળી લીધી હતી. અફસોસ રહી ગયો તો એક જ કે પિતાશ્રી વ્રજપારભાઈ પૂજ્ય ગુરુદેવશ્રીને મળ્યાં નહોતાં. એ પછી મોટાં અમૃતબેન સહિત સૌ બહેનો અને નાના ભાઈ અશ્વિનના ધામેધૂમે લગ્ન કરાવી સૌને નાઈરોબીમાં સ્થાયી કર્યા.

**શ્રી કેશુભાઈ માનતા કેઃ 'જોડે તે ધર્મ, તોડે તે અધર્મ.'**

તેઓ સદાને માટે રહ્યાં છે એક અનોખા ધરતીપુત્ર, જે પરંપરાને છોડીને ક્યારેય પરદેશી લઢણમાં વહ્યાં નહીં, પરંતુ હવે આ ધરતી

સાથેના ઋણાનુબંધ કવચિત્ પૂરાં થવા આવ્યા હતાં. ઈ.સ. ૧૯૭૪માં સરકારશ્રી તરફથી હૂકમ થયો કેઃ 'સૌ ધીખતી દુકાન અને વ્યાપાર આફ્રિકનોને સોંપી દો.' ...ત્યારે એક ગાભણી ક્ષણે શ્રી કેશુભાઈ પાસે બ્રિટીશ સીટીઝનશીપ હોવાથી એવો નિર્ણય લીધો કે હવે પોતે સપરિવાર આફ્રિકા છોડીને લંડન ઠરીઠામ થશે. તેમનું અનુકરણ કરી નાઈરોબી, મોમ્બાસા અને નકૂરુનાં અનેક જૈન પરિવારોએ પણ એવો જ નિર્ણય લેવાનું યોગ્ય ઠેરવ્યું.

## સપરિવાર આફ્રિકા છોડીને થયાં કેવા લંડનમાં ઠરીઠામ?

સન્ ૧૯૭૫માં બ્રિટીશ સરકાર પાસેથી જેવો લીલો પરવાનો મળી ગયો કે તરત જ ૭ એપ્રિલના દિવસે તેઓએ કાયમ માટે નાઈરોબી છોડી દીધું અને લંડન આવી વસ્યાં.

લંડન શહેરમાં ત્યારે '**Three-day week**'નું ચલણ હતું. ત્યારે ફૂટબોલની રમત ખૂબ રમાતી અને એક 'સોન્ગ કોન્ટેસ્ટ'માં સ્વીડનના **ABBA** જૂથે 'વોટર લૂ' નામે ગીત ગાઈને સફળતા મેળવેલ હતી. 'રોબિન્સન ક્રૂઝો' ફિલ્મના પ્રોડ્યુસર ફિલ્મ પૂરી થાય, તે પૂર્વે જ માત્ર ૪૬ વર્ષની વયે હૃદયના હૂમલાને કારણે મૃત્યુને શરણ થયેલ. બ્રિટનની મહારાણીના રાજવી ઘરાનાનાં પ્રીન્સ હેન્રી પણ પોતાના ઘરે જ મોટી ઉંમરે મરણ પામેલ. વળી લંડનના પાર્લામેંન્ટ હાઉસ ઉપર આઈરીશ રીપબ્લીકન આર્મી દ્વારા બોમ્બમારો થતાં તેમનો 'વેસ્ટમીન્સ્ટર હોલ' નુકસાન પામેલ.

## ...કર્યો સમસ્ત પરિવારને પણ લંડનમાં ઠરીઠામ!

આવા વાતાવરણમાં પોતાની આંતરઉર્જા અને આંતરસાહસથી આ ધરતીના જીવ કેશુભાઈએ આકાશે આંખ રાખીને અને જીવતરની

પાંખ ફેલાવીને પોતાના જીવતરના મૂળિયાં પુનઃ લંડનમાં સુદ્રઢ રીતે રોપ્યાં. પાંચેક મહિના પછી તો નાના સહોદર અશ્વિનને પણ તેના સહધર્મચારિણી વાસંતીબેન સાથે લંડન બોલાવી ઠરીઠામ કર્યા અને સૌથી નાના ભાઈ કીરીટને પણ લંડનમાં જ બીઝનેસ સ્ટડીઝનું અધ્યયન કરવા કાજે બોલાવી લીધો, જે હાલ તેના પુત્ર ભાઈ સચીન સાથે ફાર્મસીમાં કામ કરે છે. ન કોઈ ફરિયાદ - ન કોઈ વળગણ... બસ, પરિસ્થિતિનો સહજ સ્વીકાર, એ જ છે શ્રી કેશુભાઈ તથા અનિલાબેનના જીવનનું વડપણ!

## ત્રણ વર્ષ સુધી ચલાવી કેમીસ્ટની દુકાનઃ

કેશુભાઈનું આચરણ જ હતું સૌ માટે શ્રેષ્ઠ ઉપદેશ! ટીપે-ટીપે સરોવર ભરાય... તેમ શ્રી કેશુભાઈ અને અશ્વિનભાઈએ મળીને ત્રણ વર્ષ સુધી કેમીસ્ટની દુકાન ચલાવી.

## ત્રણ વર્ષ પછી ઈંગ્લેન્ડનાં Uxbridge શહેરમાં વસવાટઃ

ત્રણ વર્ષ લંડનમાં **Greenford** વિસ્તારમાં સૌ સાથે રહ્યાં પછી તે દુકાન પુનઃ તે જ ભાઈને પરત સોંપીને ઈ.સ.૧૯૭૮માં પશ્ચિમી ઈંગ્લેન્ડનાં **Uxbridge** શહેરમાં આવી વસ્યાં. ચેરીંગ ક્રોસથી ૧૫ માઈલ દૂર આવેલ ન બહુ નાનું-ન બહુ મોટું એવું આ રળિયામણું નગર બ્રુનેલ યુનિવર્સિટી, ૧૨મી સદીની સેન્ટ માર્ગરિટ ચર્ચ, રીગલ સીનેમા અને **Uxbridge** વૉર મેમોરીઅલ થકી વિખ્યાતિ પામેલું.

## Uxbridge નગરનો ઈતિહાસઃ

માત્ર ૫૦,૦૦૦ લોકોની વસ્તીવાળા આ **Uxbridge**માં જ સન્ ૧૬૪૫માં કિંગ ચાર્લ્સ I અને પાર્લામેન્ટરી આર્મીની વચ્ચે **English Civil War** દરમ્યાન વાટાઘાટો થયેલી. એ પછી

જ શહેરના કેન્દ્રમાં આવેલ **The Public House**ને નવું નામ અપાયેલઃ **Crown and Treaty.** રીટેઈલ અને કોમર્શીયલ વેપાર માટે અને અનાજ દળવાની ઘંટીઓ માટે જાણીતાં આ શહેરનું નામ ઑકસફર્ડ રોડની નીચે આવેલ **Wixon's Bridge** ઉપરથી પડેલ છે. ૭મી સદીની પ્રજાતિ રૂપે **Wixon** લોકો લોંકશાયરથી અહીં સ્થિર થવા આવેલ, જે પાછળથી 'મીડલસેક્સ'માં ઠરીઠામ થયાં. પૂર્વે અહીં ગાઢ જંગલો હતાં, કિન્તુ પાંચમી સદીમાં જે એંગ્લો - **Saxons** લોકો રહેવા આવ્યા, તેમણે વસાહત કરવા એ જંગલોને કાપીને તેની જમીનને સમથળ કરી.

**Uxbridge** સન્ ૧૧૦૭ પછી પદ્ધતિસર વિકાસ પામ્યાનો રેકોર્ડ મળે છે. લંડન આખ્ખામાં જોઈતાં ધાન્યના દળેલાં લોટનો એકધારો પૂરવઠો **Uxbridge**માં જ ૨૦૦ વર્ષ સુધી ઉત્પાદિત થતો. **Uxbridge** અને બર્મીંગહામને થેમ્સ નદી સાથે જોડતી **The Grand Canal** તો સન્ ૧૭૯૪માં આકાર પામી. વિન્ડસર સ્ટ્રીટમાં સૌ પ્રથમ પોલીસ સ્ટેશન તો વળી છે...ક સન્ ૧૮૭૧માં બંધાયું. ચર્ચ ટાવરને મળતો આવતો એક 'વોટર ટાવર' સન્ ૧૯૦૬માં બંધાયેલ, જેથી શહેરમાં પાણીનો પૂરવઠો અત્યંત સરળ બનેલો. સન્ ૧૯૧૨ સુધી આ શહેરનાં ઘણાં વિસ્તારો ગેસ દ્વારા પ્રકાશિત થતાં, પરંતુ એ દરમ્યાન **Uxbridge** અને ડીસ્ટ્રીકટ ઈલેકટ્રીસીટી સપ્લાય કંપનીએ વોટરલૂ રોડ ઉપર સાથે મળીને પાવર સ્ટેશન સ્થાપિત કર્યા પછી ઘરે ઘરે ઈલેકટ્રીસીટી પહોંચી.

**શ્રી કેશુભાઈના ઘર-દુકાનને સ્થિર કરવાના યત્નોઃ**
આવો ઈતિહાસ વાંચીને આવેલા કેશુભાઈનું મન અહીં ઠર્યું અને **Uxbridge** હાઈ સ્ટ્રીટ ઉપર સન્ ૧૯૭૦ પછી બંધાયેલ 'ધ

પેવેલીયન્સ શોપીંગ સેન્ટર' અને 'ધ માર્કેટ હાઉસ'માંથી રોજીંદી વસ્તુઓની ખરીદી કરીને ઘર-દુકાનને સ્થિર કરવા યત્નો આરંભ્યાં. જ્યાં હિંદુઓની વસ્તી માંડ ૫% હોય, ત્યાં જૈનોની વસ્તી માટે તો ૧.૫% પણ આશા ન જ રાખી શકાય! પીકાડેલી અને મેટ્રો-પોલીટન લાઈનને છેવાડે અને 'મેટ્રોલેન્ડ'નાં કેન્દ્રમાં આવેલ આ વિકસતાં જતાં નગર **Uxbridge** માટે લોકોમાં એમ કહેવાતું કેઃ **Uxbridge is where the city meets the country.**

## ...કરી ધમધમતી હવે કેમીસ્ટની દુકાનઃ

અહીં **Uxbridge**માં કેશુભાઈએ પોતાની બહેન હેમુબેનનાં પતિ બનેવી શ્રી વેણીચંદભાઈ સાથે મળી કેમીસ્ટની દુકાન શરૂ કરી. આરંભે ઘણું અઘરું લાગ્યું, પરંતુ શનૈઃ શનૈઃ બધું જ બરાબર ગોઠવાતું ગયું. થોડાં વખત પછી બનેવીશ્રીને દવા માટેના મોટાં વેરહાઉસ બનાવીને વ્યાપારવૃદ્ધિ કરવી હતી અને કેશુભાઈ તો હતાં અત્યંત સંતોષી! તેથી બનેવીથી જૂદા ભલે થયાં, પરંતુ તેમણે પણ ફરી દવાની જ દુકાન નવી રીતે શરૂ કરી.

આજે ઈ.સ. ૨૦૨૩માં પણ તે જ દુકાન અસ્તિત્વ ધરાવે છે, જે કેમીસ્ટ થયેલાં દીકરા પુનીલે સરસ રીતિએ સંભાળી લીધી છે!

'જરૂર કરતાં વધારે પૈસા કમાઈને શું કરવું છે? આવ્યા, ત્યારે ક્યાં કંઈ લઈને આવેલા. જશું, ત્યારે ય બધું મૂકીને જ જવાનું છે ને? તો પછી ધંધો વધારીને કે વધુ ધન કમાઈને શો ફાયદો?' આવી વિચારસરણી ધરાવતાં કેશુભાઈએ 'સંતોષી નર સદા સુખી' વ્યાખ્યાને શત-પ્રતિશત ખરી પાડી છે! નીતિથી ધન ઉપાર્જિત કર્યું, પરંતુ શ્રીમંતાઈનો ગર્વ તેમને કયારેય સ્પર્શ્યો જ નહીં!

### લંડનના મહાજનો સાથે કલ્યાણમૈત્રીઃ

નાઈરોબી છોડીને કેશુભાઈ જયારે સપરિવાર લંડન આવ્યા, ત્યારે અહીં સ્થિત મહાજનોના અનેક પરિવારોમાં ભળી ગયાં. તેઓએ **Oswal Association, U.K.**ની સ્થાપના કરેલી, તેમાં ત્રણ જ મહિનામાં શ્રી કેશુભાઈ પણ સભ્ય બની ગયાં. એ પછી તેમાં શ્રી કેશુભાઈના સારથિપણાં નીચે અનેક શુભમંગલ કાર્યો થયાં.

### અનાર્ય ભૂમિમાં પણ બજાવી જૈનધર્મની અહાલેકઃ

માતુશ્રી જેઠીબેન અને સૌથી મોટાં અમૃતબેનને પહેલેથી જ ધર્મરુચિ વધારે. સન્ ૧૯૭૫માં લંડન આવ્યાં, ત્યારે હતો એપ્રિલ મહિનો. નવી ભૂમિમાં મૂળિયાં હજુ તો સરખાં રોપાય, ત્યાં આવી ગયાં પર્યુષણા મહાપર્વ! માતુશ્રી જેઠીબેન અને અમૃતબેનના સહિયારા પુરુષાર્થથી ૨૦ આરાધકો અહીંની નવતર જગ્યામાં પણ ભેગાં થયાં અને આઠે દિવસની સામૂહિક આરાધના કરતાં સૌને આંતર ઉત્સાહ નીપજયો, તે એટલો બધો કે તે પછીના દર વર્ષે તે આરાધકોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જ ગઈ અને અનાર્ય ભૂમિ હોવા છતાં ત્યાં જૈનધર્મની અહાલેક બજવી શરૂ થઈ, તેથી સન્ ૧૯૭૬ - ૧૯૭૭ અને ૧૯૭૮ના ત્રણ વર્ષ સુધી સતત એક નાના હોલમાં સૌની સામૂહિક આરાધના થતી જ રહી.

### જીવનયાત્રાને એક નવો જ વળાંકઃ ગુરુદેવ પૂજયશ્રી કુંદકુંદસૂરીશ્વરજી આચાર્ય મહારાજના પ્રથમ દર્શનઃ

સન્ ૧૯૭૬માં શ્રી કેશુભાઈ તથા અનિલાબેન ૩ મહિનાનું ભારત યાત્રાનું આયોજન કરી જયારે મોહમયી મુંબઈમાં ઉતર્યા, ત્યારે કોને ખબર હતી કે આ વખતની આ અનોખી વિરલ યાત્રા તેમની જીવનયાત્રાના માર્ગને સાચો અર્થ આપનારી બનશે!

શ્રી શંખેશ્વરજી તીર્થધામમાં પ્રભુ પારસને તો તેઓ મન ભરીને મળ્યાં-વંદ્યા-પૂજ્યાં જ, પરંતુ ગુરુદેવ પૂજ્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી આચાર્ય મહારાજના દર્શન-વંદન પણ જીવનમાં પ્રથમ વાર તેઓએ અહીં જ કર્યા! માતુશ્રી જેઠીબેને આ ગુરુદેવનો આછો - પાતળો સત્સંગ કરેલો અને તેઓ તેમનાથી એટલાં બધાં તો પ્રભાવિત થયેલાં કે તેઓની સદાની એ મહેચ્છા હતી જ કે દીકરો કેશુ પણ સપરિવાર તેઓનો સત્સંગ પામે! કુદરતે એવા સંયોગો નિર્માણ કરી જ દીધાં કે આખરે એક માને પોતાના બાળકના આત્મકલ્યાણની ખેવનામાં પ્રકૃતિએ પણ મદદ કરવી જ રહી ને? આ મુલાકાતથી પત્ર દ્વારા વાર્તાલાપ થવો અને પ્રત્યક્ષ દર્શન - વંદન કરવા, એ બેમાં રહેલ ફેર કેશુભાઈને તરત પરખાયો.

### લંડનમાં દેરાસર બનાવવાની તરતી મૂકી ભાવનાઃ

દીર્ઘ સમયની તેઓની નિશ્રામાંની અમૃતવાણીનું પાન કર્યા પછી શ્રી કેશુભાઈએ પોતાના મનની વાતનો તરાપો પૂજ્ય સાહેબજી સમક્ષ તરતો મૂક્યો કેઃ ‘‘સાહેબજી, અમારે લંડન વિસ્તારમાં દેરાસર બનાવવું છે.’’ પૂજ્ય આચાર્ય શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજે આશીર્વાદ અર્પતા કહ્યું કેઃ ‘‘તમારા હાથે જરૂરથી દેરાસર બનશે.’’

### શ્રી શંખેશ્વરજી તથા શ્રી શત્રુંજય મહાતીર્થની પ્રથમ યાત્રાઃ

વર્ષોથી મનમાં ઘોળાતી દેરાસર બનાવવાની વાતને વિધાયક પ્રતિસાદ મળતાં જ કેશુભાઈનાં રોમ-રોમમાં જાણે દિપાવલી સમા દીવા પ્રગટ્યાં! તે આનંદધારામાં ભીનાં થતાં શંખેશ્વર તીર્થથી આબુ - દેલવાડા તથા શ્રી શત્રુંજય ગિરિરાજરાજા આદેશ્વરજી દાદાના શરણે-ચરણે પહોંચ્યાં, ત્યારે જીવનમાં સૌ પ્રથમ વાર જ બંને જગ્યાએ દાદાની પૂજા કરી અને પુનરપિપુનઃ એ જ પ્રાર્થના

દોહરાવી કેઃ ‘‘હે દાદા! લંડનમાં પણ હવે સવેળા એક સુંદર એવા જિનાલયજીનું નિર્માણ થાય!’’ ૩ મહિના તો પાણીની જેમ સર... સર... વહી ગયાં અને ફરી પહોંચ્યા **Uxbridge**ના નિવાસે.

## નાઈરોબી - ભારત અને લંડનની મનોમન સરખામણીઃ

નાઈરોબી - ભારત અને લંડન : એ ત્રણે જગ્યાઓ વચ્ચે મનમાં કોઈવાર સરખામણી થાય, ત્યારે કેશુભાઈને લંડન અને આફ્રિકાની એક આગવી વિશેષતા જરૂર જરૂર ધ્યાનમાં આવે અને ગૌરવ ઉપજે કે એ બંને જગ્યાએ કોઈપણ ધાર્મિક અનુષ્ઠાનો અથવા આયંબીલ તપની ઓળી કરાવાય, તેના મોટાં મોટાં જમણવારોની રસોઈ કે આયંબીલની સંપૂર્ણ રસોઈ ત્યાંના શ્રાવિકા બહેનો પૂર્ણ જયણા રાખીને જાતે જ બનાવે. વળી સાધર્મિક ભક્તિની ચરમ સીમા તો ત્યારે અનુભવાય કે જ્યારે જમણવારમાં શ્રાવિકા બહેનો જ રસોઈ બનાવતાં, જમવાના વાસણો પણ સ્વચ્છ કરતાં કે પછી રસોડું સાફ કરતાં દર્શાય! ત્યાંનાં સર્વને ખબર હતી જ કે સાધુની ક્ષણ અને સદાવ્રતનો કણ બહુ કિંમતી હોય છે. બધું જ જાતે કરવાનો આનંદ અને એ પણ પોતાના સાધર્મિક બંધુઓ માટે! તેમાં પછી અવધિ ન જ રહે ને? એ નિરવધિ વાત્સલ્ય આમ તો સૌ વચ્ચે કાયમ જળવાતું જ, પરંતુ સન્ ૧૯૭૮માં **Uxbridge** ગયાં, એ પછી થોડા સમયે એક ઘટના ઘટી, જેમાં શ્રી સંઘમાં સાધર્મિક બંધુઓ વચ્ચેનો થોડો મતભેદ સપાટી ઉપર આવ્યો.

## પોટર્સબાર વિસ્તારમાં સામૂહિક આરાધનાર્થે મિલ્કતઃ

સન્ ૧૯૭૯માં સેન્ટ્રલ લંડનથી ઉત્તરમાં માત્ર ૧૩ માઈલ દૂર આવેલ ૧૨,૦૦૦ની વસ્તીવાળા પોટર્સબાર વિસ્તારમાં ૮૪ એકરની એક જમીન વેચાણ માટે બજારમાં મૂકાઈ, જેમાં માત્ર એક વિશાળ

બિલ્ડીંગ સ્થિત હતું. એ જમીન લેવાના ત્યારે ૪ લાખ પાઉન્ડ થતાં હતાં, જે જ્ઞાતિના સમુદાયની દાનભાવનાને કારણે એક જ મહિનાનાં ગાળામાં એકઠાં થઈ ગયાં. એ હતી સહકારની ભાવના અને જુસ્સો! લંડનમાં સાધર્મિકો એકઠાં મળી સામૂહિક આરાધના કરી શકે, તે અર્થે કેશુભાઈએ દશકાઓ પર્યંત અતિશય મહેનત કરેલ. આરાધનાર્થે મિલ્કત તો લેવાઈ ગઈ, પરંતુ અંગત મતોની અથડામણ-સંઘર્ષ થઈ જતાં કારોબારી અને સલાહકાર સમિતિએ રાજીનામું ધર્યું. એ સમયે શ્રી કેશુભાઈ હતાં જ્ઞાતિમંડળના વાઈસ-ચેરમેન અને બે વર્ષ માટે ફંડ રેઈઝીંગ સમિતિના ચેરમેન!

...તેથી જવાબદારી સમજતાં એવા તેઓએ પોતાના પદ ઉપરથી રાજીનામું ન આપ્યું, કિન્તુ એ પછી શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના માટે શ્રી કેશુભાઈ નોર્થ-ઈસ્ટ લંડનના સમુદાય સાથે જોડાયા. એ માટે ૧૭ માઈલ દૂર આવેલા વૅમ્બલી વિસ્તારથી બે સાધકોને આરાધના કરાવવા રોજે રોજ લઈ આવવા તથા મૂકી આવવાની જવાબદારી શ્રી કેશુભાઈએ જ સંભાળી. રોજે આશરે ૧૪૦ લોકોને 'દોડવું હતું અને ઢાળ મળ્યો...' એવો સામૂહિક આરાધનાનો આનંદ મળતો જોઈ શ્રી કેશુભાઈ પોતાના પુરુષાર્થને સાર્થક થયેલો માનતાં અને મન ઉપર થતો ચંદનલેપ! સતત ૨૫-૨૫ વર્ષો સુધી સંવત્સરી પછીના સ્વામી વાત્સલ્યની સર્વ વ્યવસ્થાની જવાબદારી શ્રી કેશુભાઈએ જ સુપેરે સંભાળેલ, જ્યાં આશરે ચારેક હજાર સાધર્મિક ભાઈબંધુઓ સદાકાળ તુષ્ટિ પામતાં.

### સન્ ૧૯૮૨માં એકદા એવું બન્યું કે...

માતા જેઠીબેને અહીંના શ્રી સંઘમાં આયંબીલની ઓળી કરાવવાનું નિર્ણિત તો કર્યું, પરંતુ પછી તેઓને એકાએક યાત્રાર્થે ભારત

જવાનું થતાં તે જવાબદારી સુશ્રી અનિલાબેન ઉપર આવી ગઈ, જે તેઓએ ઉત્સાહપૂર્વક પાર પાડી. ભાવનો ઉજાસ અને ઉર્જા શું કરી શકે, તે દિવસોમાં સૌએ સાક્ષાત્ અનુભવ્યું!

### ગુરૂવિરહ કદી થતો જ નથી!
### તેમનો ગુણમય દેહ સદૈવ રહેશે અજર-અમર!

દિનાંક ૧૭.૦૨.૧૯૮૩ના દિવસે ફાગણ શુકલ ચતુર્થીની સવારે પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્યપ્રવરશ્રી કુંદકુંદસૂરીશ્વરજીની દૈહિક વિદાયના વિષાદમય સમાચાર આવ્યા પછી શ્રી કેશુભાઈનું હૈયું હાથ ન રહ્યું! તેમણે સ્મર્યું કે છેલ્લે તેઓ ભારતથી લંડન પરત જતાં હતાં, ત્યારે પૂજ્ય ગુરુદેવે પૂજ્યશ્રી સિદ્ધર્ષિગણિજીનું એક વાક્ય કહેલઃ ‘नवायत्तारोऽपि ते वाः ।’, જેનો ભાવાર્થ સમજાવેલો કેઃ ‘હે ધીર પુરુષ! સંસાર પણ તારાં જ હાથમાં છે અને મોક્ષ પણ તારાં જ હાથમાં છે!’ તેવા મોક્ષમાર્ગી ગુરુનું પ્રેરણામય જીવનચરિત્ર કેશુભાઈની સ્મરણમંજૂષામાંથી બહાર નીતરી રહ્યું.

### તેમને મારી સાચી આદરાંજલિ એ જ હોઈ શકે કે...

જ્યાં સુધી મુજ અંતિમ લક્ષ્યરુપ મોક્ષની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી બીજે થોભ્યા વિના ગુરુએ દર્શાવેલા પરોપકારિતાના તથા આત્માનુભૂતિના માર્ગે આગળ વધ્યાં જ કરવું છે! મારું પુણ્યતેજ તપે છે કે તેમના દેહથી દિગંત થયાં પછી તેઓના જ સવાયા શિષ્ય પૂજ્ય ગુરુદેવ આચાર્યવર શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજની છાંવ મને પ્રાપ્ત થઈ ગઈ છે, જે ભવોભવના તાપથી બચાવવા મને પુણ્યકાર્યો કરાવવા નિમિત્ત બનાવે છે. વળી તેઓને મળી છે ૪૦ વર્ષની સહયાત્રાછાંવ કરુણાનિધાન પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યની, જેઓ પણ છે જીવમૈત્રીનું પ્રત્યક્ષ

રૂપ! મનોબળ વજ્ર સમું, પરંતુ હૃદય મીણ સમાન અને આંખોથી ઝરતી રહે છે પ્રત્યેક જીવના કલ્યાણની ભાવના અમી રૂપે સતત!

શાસ્ત્રીય પઠન, શાસનપરંપરા અને સ્વાનુભૂતિથી છલકતી એ ત્રિવેણી ખરેખર લોકોત્તર છે! હું ખરે જ પુણ્યશાળી છું કે એ અરાગી-વિતરાગીએ સૂચવેલાં પુણ્યકાર્યો કરીને મારા ધ્રુવ ચૈતન્ય સ્વરૂપને હું સ્હેજ વધુ શુદ્ધ કરી શક્યો છું! તેમના માટે કૃતજ્ઞતા વ્યકત કરવા અશબ્દ બનું છું! તેઓનું મુખદર્શન તો હવે અલભ્ય બન્યું, પરંતુ તેમનું જીવનદર્શન તો વારંવાર કરી જ શકું એમ છું.

**પૂજનો ભણાવવા ભારતથી બોલાવ્યા નમસ્કારમંત્રના આરાધકોઃ**
શ્રી કેશુભાઈને થતું કે લંડનમાં કૃત્રિમ અજવાળું તો સૌના જીવનનો એક અભિન્ન હિસ્સો બની ગયું છે. અહીં ભારતમાં હોઈએ, ત્યારે સાંજ અને રાતનો સમય પણ અનુભવી શકાય અને એ પણ જો કોઈ તીર્થસ્થળે હોય, તો તો ખાસ! ...પણ ભારત તો કાયમ માટે રહી શકાય નહીં, તેથી સન્ ૧૯૮૩માં લંડનભક્તિમંડળે નક્કી કર્યું કે ભારતથી આરાધકોને બોલાવીને લંડનમાં પૂજનો ભણાવીએ અને એ રીતે પણ ભારતનું પરોક્ષ સાયુજ્ય માણીએ.

...તેથી સૌએ નિર્ણિત કર્યા મુજબ શ્રી નમસ્કાર મહામંત્રના આરાધક રાજકોટના શ્રેષ્ઠીવર્ય શ્રી શશીકાંતભાઈ મહેતા તથા દેવ - ગુરુભક્તિકારક અમદાવાદનાં શ્રેષ્ઠીવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ શાહને પરિવાર સમેત લંડન આવવા માટે આમંત્રણ અપાયું.

ભારતથી તેઓ સૌ સ્નેહાદરપૂર્વક મળેલાં આ નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી શ્રી કેશુભાઈના મોટા બહેન સુશ્રી અમૃતબેનના ઘરે





રાજકોટના શ્રેષ્ઠીવર્ય શ્રી શશીકાંતભાઈ મહેતા તથા અમદાવાદનાં શ્રેષ્ઠીવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ શાહ સપરિવાર આવીને ભણાવે છે હૃદયના ભાવપૂર્વક લંડનમાં વિધવિધ પ્રકારના પૂજનો...

લંડન પહોંચ્યાં. અઢળક તૈયારીઓ કરીને આવી પહોંચેલા સહુ આરાધક પરિવારોને સ્હેજ પણ અગવડ ના પડે, તેનું ધ્યાન રખાયું. પોટર્સબારમાં એક પછી એક એમ શ્રી સિદ્ધચક્ર પૂજન તથા શ્રી ભક્તામર પૂજન ભણાવાયાં, ત્યારે સેંકડોની સંખ્યામાં સાધર્મિક બંધુઓ એકઠાં થયાં અને ભાવવિભોર બનીને જાણે નવપદજી ભગવાન અને દાદા ઋષભદેવજીનો સાક્ષાત્કાર કર્યો!
તેઓ ૧૭ દિવસ રોકાયા તેમાં ખૂબ શાનદારપણે તે બન્ને પૂજનો તો થયાં જ, પરંતુ સાથે સાથે રાજકોટના શ્રી શશીકાંતભાઈ મહેતાના તત્ત્વજ્ઞાનભર્યા અનેક પ્રવચનો અને શિબિરો પણ થઈ. વળી પર્યુષણા મહાપર્વની આરાધના માટે ભારતથી જે યુવાનો તથા વીર સૈનિકો બોલાવાયા, તેઓના રહેવા - જમવાની જવાબદારી પણ શ્રી કેશુભાઈએ જ પરમ ભાવપૂર્વક વહન કરી!

### લંડનમાં દહેરાસરજીના નિર્માણની પૂર્વભૂમિકાઃ

શ્રી શશીકાંતભાઈના ધર્મપત્ની સુશ્રી અનુપમાબહેન તથા શ્રી ચંદ્રકાંતભાઈના ધર્મપત્ની સુશ્રી પદ્માબહેને પૂજનોમાં મુખ્ય સહાયકારની ભૂમિકા ભજવીને પોતાનું 'સહધર્મચારિણી'નું બિરુદ ઉજાળ્યું. પોટર્સબારમાં ત્યારે પૂજનો ભણાવવા અર્થે મોટાં મોટાં શામિયાણાં નંખાયેલા. તેણે પણ શુદ્ધ વિધિ, દ્રવ્ય અને ભાવને કારણે જાણે જિનાલયજી જેવું જ કામ બજાવ્યું, કિન્તુ પૂજનો સંપન્ન થયાં પછી શ્રાવકવર્યશ્રી શશીકાંતભાઈએ સ્નેહાદેશ આપ્યો કેઃ 'જ્યાં સુધી લંડનમાં એક દહેરાસરજીનું નિર્માણ ન થાય, ત્યાં સુધી કોઈ પણ એક પ્રિય વસ્તુનો ત્યાગ કરવાનો નિયમ ધારો.'

### ...અને પછી પચ્ચક્ખાણ આપવું જેવું તેમણે શરૂ કર્યુ કેઃ

'ધારણા પ્રમાણે અભિગ્રહ પચ્ચક્ખાઈ...' ત્યારે શ્રી કેશુભાઈએ





શ્રી સિદ્ધચક્ર પૂજનનો જૂઓ ઠાઠ, શ્રીમતિ અનુપમાબહેન તથા શ્રીમતિ પદ્માબહેન કરે છે પૂજન ભણાવવામાં ભાવથી સહાય!

પોતાને ખૂબ જ વ્હાલી અને નિત્ય નિયત સમયે ખાવાની જેની વર્ષોથી આદત પડી ગયેલ, તે ચોકલેટ ન ખાવાની બાધા લીધી, જે ઠે....ઠ ૨૫ વર્ષે પૂરી થઈ!

**જિનાલયજી નિર્માણ માટે કેશુભાઈએ લીધી ફરી ચોકલેટની બાધાઃ**
આપણી અત્યંત મનપસંદ એવી બધી જ જાતની ચોકલેટની બાધા જો ૨૫ વર્ષ પછી છૂટી હોય, તો આપણને સંકલ્પ પૂર્ણ થવાના આનંદ સંગે એમ પણ થાય કે... હાશ! હવે રોજેરોજ પહેલાંની જેમ જ હું બધી જ જાતની ચોકલેટ ખાઈ શકીશ પણ કેશુભાઈ જેમનું નામ! જામનગરમાં રહેતાં પોતાના મિત્ર સમાન મુરબ્બીશ્રી પ્રેમચંદ નરશી મારૂ (બાબાભાઈ) પરિવારે સ્વદ્રવ્યથી દેરાસરજી બંધાવવા માટે શિલાસ્થાપન કર્યું,

એ જ દિવસથી શ્રી કેશુભાઈએ ફરીથી પોતાને ખૂબ જ ભાવતી, રોજ ખાવા જોઈતી ચોકલેટની જ બાધા લીધી અને જિનાલયજીનું કાર્ય નિર્વિઘ્ને સંપન્ન થયું, ત્યાર પછી જ એ બાધા પૂરી કરી.

એટલે જ શ્રેષ્ઠીવર્ય શ્રીયુત્ શશીકાંતભાઈ મહેતાનાં શબ્દોમાં

**'શ્રી કેશુભાઈ એટલે A saint in safari.'**

પૂજ્ય ગુરુભગવંત પ્રત્યે અનહદ સમર્પણનો ભાવ ધરાવતાં શ્રી કેશુભાઈના સ્વભાવની સરળતા, અંતરની નિર્મળતા, હૃદયની પવિત્રતા, જીવમાત્ર પરત્વેની આત્મીયતા, સાધર્મિક ભક્તિ પ્રત્યેની તીવ્ર અનુમોદિતા અને શ્રી જૈનશાસનની કલ્યાણકારિતા જેમ પ્રશસ્ય છે, તેમ સુશ્રી અનિલાબેનની નિઃસ્પૃહતા, વ્યવહાર કુશળતા, સમાજની હિતચિંતા, પરદુઃખે અનુભવાતી આર્દ્રતા આદિ માટે તેઓ પણ સૌને એટલા જ વંદનીય બની રહ્યાં છે!

ગુણીયલ નારી સુશ્રાવિકા અનિલાબેન માટે એ સમયે
સુશ્રી અનુપમાબહેન તથા સુશ્રી પદ્માબહેને એવું અનુભવ્યું કેઃ
કેશુભાઈની પ્રતિચ્છાયા બનીને
તેમના જ ચૈતન્યનો જાણે વિસ્તાર એટલે અનિલાબેન!
પવનની જેમ જ આવશ્યક અને હોય બધે, કિન્તુ પોતાનું
અસ્તિત્વ જણાવા ન દે, અદ્રશ્ય જે રહે, એ છે અનિલાબેન!
તેઓની ઉર્જા અનંતરૂપા છે.
તેઓ બોલે તો શબ્દમયી ઉર્જા વહે, ભક્તિપદ ગાય તો સુરમયી,
મૌન રહે તો અર્થમયી, પ્રભુપૂજા કરે ત્યારે ચૈતન્યમયી અને...
દાનકાર્યમાં સાથે રહી તેઓ સચ્ચિદાનંદમયી ઉર્જા બની જાય છે.
જાણે આદ્ય ભગવતીનું રૂપ જ જોઈ લો!
ઉર્જા વ્યક્ત થાય, તો કણનો તરંગ બને,
નાદનો ધ્વનિ બને અને બિંદુનો જેમ કાળ બને,
તેમ અનિલાબેનની પરમ ઉર્જા
શ્રી કેશુભાઈના જીવનનો પ્રમુખ રસથાળ બને છે!
હૃદયની વિશાળતા અને વર્તનની પવિત્રતા એટલે અનિલાબેન.
સદ્‌વિચારોનું સેવન અને સદ્‌કાર્યમાં પરિણમન એટલે અનિલાબેન!
અહંકારનો ત્યાગ અને અર્હંકારમાં જ મનરાગ એટલે અનિલાબેન!
પ્રાણીમાત્રમાં પરમાત્માનું દર્શન કરનાર શ્રાવિકા યાને અનિલાબેન.
નિષ્ઠાપૂર્વક સર્વે કામ કરે એવા ભદ્રંકર નારી એટલે અનિલાબેન!
જીવનમાં વિવેક અને કરૂણાને પ્રથમ સ્થાન એટલે અનિલાબેન.
પ્રેમ-સેવા-આતિથ્યની અતલ ત્રિવેણી એટલે અનિલાબેન!
શ્રી કેશુભાઈના અગણ્ય સદ્‌કાર્યોમાં
જેમનાં હૃદયે મધુર આનંદનો મલ્હાર ગવાતો દેખાય અને
અવનવા ભાવ ઉભરતાં દેખાય, તે છે અનિલાબેન!
ઓછું બોલે - આછું બોલે, પણ અર્થસભર જ બોલે.

શબ્દોને પાણીની પેઠે નહીં, કિન્તુ ઘીની જેમ વાપરે,
તે છે અનિલાબેન!
આપણું તેમની સાથે માત્ર 'હોવું' જ
આપણને શાંતિ પ્રેરે અને તેમની પાસેથી જીવનઅર્ક મેળવવું,
એ જ આપણા સદ્ભાગ્યની નિશાની!



બાળપણમાં 'ક' કમળનો નહીં...,
શીખ્યો હશે તેમણે 'ક' કરૂણા અને કૃતજ્ઞતાનો ક.
તો જ ફળ્યો છે તેઓને જીવનભર 'ખ' ખુશીનો ખ,
કેમકે શીખ્યો હશે તેમણે 'ગ' ગુરુવર્યનો 'ગ'!
શક્તિ અને શિવ એટલે સુશ્રી અનિલાબેન અને શ્રી કેશુભાઈ.
'હજ્જારો પુરુષો મળીને એક લશ્કર બની શકે,
પરંતુ ઘર તો એક પ્રેમાળ સ્ત્રી થકી જ બની શકે'
તેવું સમજનાર - અનુભવનાર શ્રી કેશુભાઈએ પણ જોયું છે કે
અનિલાબેનના સ્નેહ - સમજણ - સમર્પણ - સંસ્કાર થકી
તેઓનો પરિવાર વધુ ઉજ્જવળ બની શક્યો છે.

'Getting back to happy' પુસ્તકની જેમ જ તેઓ બંને સદા
રહે છે પ્રસન્ન! ખુશ રહેવાની ફોર્મ્યુલા તેઓ પાસેથી સૌએ
ખરેખર શીખવા જેવી છે! લગ્ન પછીના શરૂઆતનાં સમયમાં
ગમે તેટલી મુશ્કેલીઓ આવી, તકલીફો પડી,
કિન્તુ તેમણે સદા કહ્યું કેઃ "Count your blessings!
માથે છત છે, ઘરમાં અનાજ છે, વડિલોની હાજરી છે,
તેમના આશીર્વાદ છે, આપણું સ્વાસ્થ્ય સારું છે અને વ્યાપારમાં
ન્યાય - નીતિ અને ધર્મ છે... પછી આપણને શું ફિકર?"

કેશુભાઈનો દાનધર્મ, તો અનિલાબેનનો તપધર્મઃ
સદ્‌વિચાર અને વિધેયકતાનો દીવો જે શરૂથી જ પોતાની ભીતર પ્રગટાવ્યો છે તેઓએ, તે અખંડપણે અજવાસ આપે છે અદ્યપર્યંત! ઉલ્લાસના તો તેઓને એવા આશીર્વાદ મળ્યાં છે કે વરદાન માની પળેપળ ઉજવે છે જીવનને! તે ઝળાંહળાં જીવનની પ્રમુખ જ્યોત કેશુભાઈના દાનધર્મ અને અનિલાબેનના તપધર્મમાંથી પ્રગટેલી છે!

સુશ્રી અનિલાબેને પાંચ વર્ષ શ્રુતપંચમીનું તપ, મૌન એકાદશી, નવપદજીની ઓળી અને વર્ધમાન તપની ૧૭ ઓળી કરેલ છે. 'મોટી નાવડી તપ' અર્થાત્ ૫૦૦ સામાયિકનું તપ કરીને તેઓ સ્વયં સમતાનો દરિયો બન્યાં છે. સુવિધિપૂર્વક નમસ્કાર મહામંત્રનાં ૯ લાખ જાપ પણ તેઓએ કર્યા છે. તેમના અગણિત ગુણોને નમન કરીએ. પરદેશમાં રહેવા છતાં મૂળિયાં સાથે જોડાઈને, જીવનમૂલ્યોને ઉજવતાં નસીબદારોમાં તેમનું નામ પ્રથમ હરોળમાં ચમકે! સત્યની જેમ તેઓના ગુણો પણ સ્વયં પ્રકાશિત છે.

### દેરાસરનું બાંધકામ શરૂ કરવાની મળી મંજૂરીઃ

પોટર્સબાર વિસ્તારમાં તેઓ રહેવા ગયાં પછી સન્ ૧૯૭૯માં ત્યાં લેવાયેલ ૮૪ એકર જમીન ઉપર સન્ ૧૯૮૮માં બે હોલ બાંધવા માટેની સંમતિ મળવાથી બહુ જ ભવ્ય બાંધકામ કરીને બે હોલ બંધાયા. જે ૮ પુણ્યશાળી કમીટીમાં હતાં, તે સૌ ફંડ મેળવવા સખત મહેનત કરીને ૧૮ લાખ પાઉન્ડનું દાન મેળવી આવ્યા. જૂલાઈ, ૧૯૮૮માં એ મસમોટાં હોલનું ભૂમિપૂજન થયું અને જ્યારે તે બાંધકામ સન્ ૧૯૮૯માં પૂર્ણ થયું, ત્યારે ખર્ચનો આંકડો આવેલ : પૂરાં ૨૪ લાખ પાઉન્ડ! તે પછી સન્ ૧૯૯૦માં તેનું સત્તાવાર રીતે ઉદ્‌ઘાટન થયું.

એ પછી 'પ્લાનીંગ પરમીશન' તરફથી મળેલ હુકમ મુજબ પાંચ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું જ હોય છે. સમયની તે અવધિ તો પૂરી થઈ, પણ કામ શરૂ પણ થઈ શકેલ નહીં. તેથી ફરી અરજી કરતાં વધારાનાં પાંચ વર્ષની મંજૂરી મળી ગઈ. તત્પશ્ચાત્ સન્ ૧૯૯૬માં 'ઓસવાળ એસોસિયેશન ઑફ યુનાઈટેડ કીંગડમ'ની એક બેઠકમાં દેરાસરનું બાંધકામ શરૂ કરવાની મંજૂરી મળી.

## ભારત આવી પૂજ્ય ગુરુમહારાજનાં મેળવ્યા આશીર્વાદઃ

એ સમયે એસોસિયેશનના ચેરમેન શ્રી અશોકભાઈ હતાં. તેમણે કેશુભાઈને ઈચ્છા વ્યકત કરી કે : 'ભારત જઈને ગુરુ મહારાજનાં આશીર્વાદ મેળવીએ.' તેથી ૮ પદાધિકારીઓ અમદાવાદ આવ્યા. પરમ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ તથા ગુરુવર્ય પરમ પૂજ્યશ્રી હેમપ્રભવિજયજી મહારાજ સાહેબને વંદન કરવા જઈ પહોંચ્યા અને મળીને વિગતે વાત કરી. આ આઠે જણાને ન્હોતી ત્યારે ખાસ ધર્મની જાણકારી કે નહોતો જિનાલય બાંધકામનો કોઈ જ પૂર્વ અનુભવ! પરંતુ ગુરુતત્ત્વ ઉપરની અખંડ શ્રદ્ધા સાથે પધારેલા તેઓને પૂજ્યશ્રીઓએ એક સુંદર મુહૂર્ત શોધી આપ્યું, જે પ્રમાણે ૭ સપ્ટેમ્બર, ૧૯૯૬ના દિને ભૂમિપૂજન તથા ૧૪ સપ્ટેમ્બર, ૧૯૯૬ના રોજ શિલાન્યાસ કરવાનું હતું. આનંદથી થનગનતી એ ટૂકડીએ લંડન પરત ફરી આપેલ મુહૂર્ત પ્રમાણે જ બંને કાર્યો સુચારુ રીતિએ પરિપૂર્ણ કર્યા.

## ભગવાનનાં કાર્યમાં લોટરી સીસ્ટમ? ધરી દીધું રાજીનામુંઃ

જે ૯ શિલાન્યાસ કરવાનો લાભ હતો, તેની માટે લોટરી સીસ્ટમનો પ્રસ્તાવ આવ્યો અને કાર્યકારી સમિતિએ તેને મંજૂર પણ કરી લીધો, પરંતુ શ્રી કેશુભાઈની દ્રઢ માન્યતા હતી કે ભગવાનનાં કાર્યમાં જુગાર સમી પદ્ધતિ અયોગ્ય લેખાય. તેથી કમીટીનાં સભ્યપદેથી રાજીનામું ધરી દેતાં કહ્યું તેઓએ કેઃ "આ રીત તમે સૌ ખોટી અપનાવો છો. પ્રભુજી લાકડી લઈને તો મારવા નથી આવતાં, કિન્તુ કાર્ય થવામાં વિકટ બાધાઓ આવશે અને આપણને ઘણી બધી તકલીફો પડશે." સ્પષ્ટવકતા શ્રી કેશુભાઈએ આમ કહી ફારગતિ તો મેળવી લીધી, પરંતુ ૧૪ સપ્ટેમ્બરે સુંદર દેવવિમાન સમા જિનાલયની જે શિલાન્યાસ વિધિ થઈ, તેમાં શ્રી કેશુભાઈ

તથા સુશ્રી અનિલાબેને પણ ૧૩,૦૦૦ પાઉન્ડની ઊંચી બોલી બોલીને અંતમાં કલ્પતરૂ સમાન શાંતિકળશની અપૂર્વ ક્રિયાવિધિમાં ભાવવિભોર બનીને પૂર્ણ પરિવાર સહિત લાભ જરુરથી લીધો!

## અજાતશત્રુ શ્રી કેશુભાઈઃ

શ્રી કેશુભાઈના પ્રમુખપણાં હેઠળ સંસ્થામાં અનેકવિધ કાર્યો થયાં, પરંતુ ક્યારેય કોઈ સાથે મનભેદ કે અણબનાવ બન્યો જ નથી... અને જ્યારે ક્યાંક મનદુઃખ થવા જેવું લાગ્યું, ત્યાં તરત જ તેઓએ ત્યાગપત્ર ધરી દીધું અને એ રીતે પોતાના મૈત્રીભાવને અખંડિત જ રાખ્યો. શિલાન્યાસ થયા પછી ખરેખર સાડા ચાર વર્ષ પર્યંત દહેરાસરજીનું કામ આગળ જ ન વધ્યું! વળી કુદરતને કરવું તે શિલાન્યાસ પછી જે ખાડાઓ માત્ર માટીથી જ ભરી દેવાના હોય, તેને બદલે કોઈએ અજ્ઞાનતાને કારણે સીમેન્ટથી ભરી દીધાં... જાણે આ કાર્યને તે જ ઘડીએ કોઈએ તાળાં મારી બંધ કરી દીધા!

## સિદ્ધાંત પ્રમાણે જિનાલય બાંધવામાં વળી થયાં સહાયરૂપઃ

એક તો ઉતાવળથી શરૂ કરેલ કામ અને પછી ફંડ રેઈઝીંગ પણ અટકી ગયેલું, તેથી શિલાન્યાસ કરેલી જગ્યા એમ ને એમ પડી રહી, તે ઠેઠ સાડા ચાર વર્ષ પછી સન્ ૨૦૦૨માં એસોસિયેશનના ચેરમેન શ્રી અશ્વિનભાઈ ધરમશીભાઈએ ફરીથી શ્રી કેશુભાઈને વિનંતી કરી કેઃ ‘‘જિનાલય બાંધવામાં તમે સહાયરૂપ થાઓ.’’ ત્યારે તેમણે પોતાનો સિદ્ધાંત ફરી દોહરાવ્યો કેઃ ‘‘જો જૈન ધારા-ધોરણો પ્રમાણે કાર્ય કરવાના હો, તો જ તેમાં મદદ કરીશ.’’ શ્રી અશ્વિનભાઈએ તેમાં સંમતિ આપી અને કહ્યુંઃ ‘‘દેવદ્રવ્ય પણ નિયમ જાળવીને જ સાચવશું - વાપરશું.’’ તેથી ભારત આવીને આઠે કર્મશીલોએ પૂજ્ય ગુરુ ભગવંતોનાં ફરીથી આશીષ મેળવ્યાં.

**વચનસિદ્ધ ગુરુભગવંત આ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ**
જામનગરમાં ત્યારે જોરદાર ચાતુર્માસિક આરાધનાઓ ચાલતી હતી, તેમાં પૂજ્ય ગુરુભગવંત આચાર્યશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબે હૃદયનાં આશીર્વાદ આપીને એ મંડળીને સૂચવ્યું કેઃ ‘‘અમદાવાદ જઈને ત્યાંના સોમપુરા રાજેશભાઈને પણ મળી અવાય, તો દેરાસરજીની બધી સામગ્રીની જવાબદારી તેઓ લઈ શકે ને બાંધકામ સમયસર સંપન્ન થાય.’’ બાંધકામની જવાબદારી વહન કરતાં શ્રી મહેશભાઈ દોશી સહિત સૌ સંમત થયાં અને પછી પૂજ્ય સાહેબજીએ લંડનથી ખાસ પધારેલાં સૌ મહાજનોની મસ્તકશિખા ઉપર એમ કહીને પ્રેમપૂર્વક વાસક્ષેપનો પ્રક્ષેપ કર્યો કેઃ **‘‘જિનાલયજી ૩ વર્ષમાં તો જરૂરથી તૈયાર થઈ જ જવું જોઈએ.’’** ...અને ખરેખર જ શ્રી જિનશાસન દેવ અને ગુરુવર્યની અનરાધાર કૃપાથી બધું એટલું સમુંસુતરું પાર પડતું ગયું કે શ્રી જિનાલયજીનું બાંધકામ ત્રણ વર્ષ કરતાં પણ વહેલું પૂર્ણ થઈ જ ગયું!

**લંડનના આ જિનાલયજીનું કામ જ્યારે ચાલુ હતું, ત્યારે... કેશુભાઈને ખૂબ ગમતી ચાર પંકિતઓ મનમાં રમ્યાં જ કરતીઃ**

‘કામ કરવા માંડો, વાતો બંધ કરી દો,
નકારાત્મકતા સાથે નાતો બંધ કરી દો.
સફળતા જ હવે એક માત્ર વિકલ્પ,
પાછા ફરવાનો રસ્તો સાવ બંધ કરી દો!’

**પ્રભુની અંજનશલાકા વિધિમાં લંડનથી ખાસ ભારતમાં હાજરઃ**
લંડનમાં જે પ્રભુજીની પ્રતિમાજીઓ લઈ જવાના હતાં, તે સર્વની અંજનશલાકાની અમૃતક્રિયા પરમ પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેન-વિજયજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ

તથા ગુરુભગવંતશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજના મંગલ હસ્તે રાજસ્થાનના કૈલાસનગરમાં થનાર હતી. તેથી શ્રીયુત્ કેશુભાઈ, સુશ્રી અનિલાબેન, શ્રી મહેશભાઈ, સુશ્રી રંજનબેન તથા શ્રીયુત્ કાંતિલાલભાઈ - એમ પાંચ ભાવુકો પ્રભુજીઓની અંજનશલાકાની વિધિમાં લંડનથી ખાસ હાજર રહ્યાં અને વિધિ ભાવપૂર્વક માણી.

**લંડનમાં પ્રભુજીના પ્રતિષ્ઠા મહોત્સવમાં કેશુભાઈનો મુખ્ય ફાળોઃ** સન્ ૨૦૦૫માં જ્યારે લંડનમાં પ્રભુજીઓની ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા થઈ, ત્યારે દેવલોકેથી દેવો પણ પોતાનો સ્વૈરવિહાર પડતો મૂકીને ધન્યતાથી ધબકતી એ ક્ષણો માણવા જાણે ત્યાં પધારેલ! 'રંગેચંગે જે પ્રતિષ્ઠા મહોત્સવ થયો, તેમાં કેશુભાઈનો મુખ્ય ફાળો હતો', તેવું સૌના મુખેથી બોલાતું ચારેકોર શ્રવણ થતું હતું.

**શ્રી કેશુભાઈના પરિણયની ગોલ્ડન જ્યુબીલીની ઉત્તમ ઉજવણીઃ** બરાબર એક વર્ષ પછી શ્રી કેશુભાઈ તથા અનિલાબેનના પરમ સાયુજ્યના ૫૦ સુવર્ણ વર્ષ પૂર્ણ થતાં હતાં, ત્યારે એ દંપતિએ ૯૦૦ ભાવિકોની હાજરીમાં ધર્મની ભાવનાથી ભરપૂર બનેલ હૈયે જે 'નવકાર મહામંત્ર પૂજન' ભણાવ્યું, તે પણ જાણે પ્રભુપ્રતિષ્ઠા કર્યાના પુણ્યનો જ ઉદય હતો કે પછી નાઈરોબીના જિનાલયજીમાં શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના તિલકનો લાભ લીધેલો, તેનાં પુણ્યે જાણે લંડનનું આ અનુષ્ઠાને ય જબ્બરદસ્ત રીતે થઈ શક્યું!

**માથું નમે, ત્યારે આશિષ ફળે,**
**પરંતુ મન નમે, ત્યારે તો તે સર્વ અનેરાં આશિષ ફળે!**

ઈ.સ. ૧૯૮૯માં શ્રી કેશુભાઈને મન થયું કે આપણે સપરિવાર એક મોટી જાત્રા કરીએ એટલું જ નહીં, પરંતુ ૮૦ વર્ષ જેવી



મોટી ઉંમરના વયસ્કોને પણ લઈ જઈને એ મોટી યાત્રાર્થે જઈએ. મોટી યાત્રા એટલે શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની અનુપમ યાત્રા! મન થયું જિનેશ્વરને નમવાનું... પછી તો તેમાં કાંઈ ઘટે નહીં!

## ભાઈ 'કેશુ' જેનું નામ... જે દે ધનાધન દાન!

શ્રી કેશુભાઈએ આ યાત્રાર્થે ન તો કોઈ ટ્રાવેલ એજન્સીને સાધ્યાં કે ન કોઈ કેટરર્સ કંપનીને! બધું જ સ્વયં તેના યથાક્રમમાં ગોઠવી, પૂર્વ તૈયારી, પરફેક્ટ આયોજન અને પ્રતિબદ્ધતાપૂર્વક ૭૫ વરિષ્ઠ નાગરિકોને લઈને ૨૦ દિવસ માટે સવારી ઉપાડી તેઓએ તો! યાત્રાળુઓ માટે વીસે દિવસનું રસોડું પણ પોતાનું જ... કે જેથી ભક્ષ્યાભક્ષ્યના નિયમમાં કયાંય બાકોરું ન પડે! વળી એવું જરા પણ અભિમાન જ નહીં કે 'ભાઈ, કેપ્ટન હું છું... તો મને પૂછીને જ બધું કરવું!' અપ્રતિમ ઉદારતા અને અપૂર્વ ભાવ સાથે પોતાના પરિવારજનો ઉપરાંત ૭૫ જેટલાં સાધર્મિકોનો લાભ મેળવી યાત્રાની પરિતૃપ્તિ માણી તથા 'આ કાર્ય દ્વારા માત-પિતાના આશિષ ફળ્યાં' એવો પરિતોષ લઈ થનગનતાં હૈયે સૌ ફર્યા પરત લંડન!

## છપ્પનીયા દુષ્કાળની યાદ અપાવી દે, તેવો આવ્યો કસોટીકાળઃ



સરળ સાધક શ્રી કેશુભાઈએ કરૂણા અને સહાનુભૂતિને પોતાના હૃદયમાં ખૂબ સ્નેહે ઉછેર્યા હતાં! ત્યાં સમય આવ્યો ૧૯૮૭નો. છપ્પનીયા દુકાળની યાદ અપાવી દે, તેવી કપરી કસોટીનો!

એ કાળ હતો, જ્યારે સૌરાષ્ટ્રમાં ત્રણ-ત્રણ વર્ષથી દુષ્કાળ પ્રવર્તતો હતો અને લોકો માથે હાથ દઈને આકાશે મીટ માંડી બેઠાં રહેતાં. સૂકી હતી ધરા ને કૂવાના તળ ઊંડે ઊંડે ઉતરી ગયાં હતાં, કિન્તુ સૌથી વધુ સહન કરવાનું તો આવ્યું હતું અબોલ પશુઓને ભાગે!

**કરૂણાવતાર પૂજ્યશ્રીનો દયામય આર્તપોકારઃ**

જ્યારે માનવીઓના મન પણ સૂક્કાંભઠ્ઠ થઈ ગયા હતાં, ત્યારે લગભગ મૃતપ્રાયઃ જેવા બની ગયેલા હજ્જારો પશુઓને નિભાવવા તો ખૂબ આકરાં થઈ પડેલાં. ત્યારે કરૂણાવતાર પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબના હૃદયમાં થયેલાં આર્તપોકારના ઉત્તરમાં શ્રી હાલારી વિશા ઓશવાળ પાંજરાપોળે ૭૦૦૦ જેટલાં મુંગા, અસહાય, લાચાર જીવોને સાચવવાનું ઉત્તમ બીડું ઝડપ્યું!

**ફાળો એકઠો કરવા માટે હીરજીભાઈ ગયાં લંડનઃ**

એ પશુધનને સાચવવા દૂર દૂરથી જે ઘાસચારો અને પાણી મંગાવવા પડતાં, તેનો ખર્ચ અકલ્પનીય આવતો. ભારતદેશમાં નિવસિત કરૂણાળુ મહાજનોએ કમર કસીને આ કામ ઉપાડયું તો હતું, પરંતુ આર્થિક ભારણ હળવું કરવા પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજ તથા અન્ય મહાત્માઓના સૂચન મુજબ ડબાસંગવાળા શ્રી હીરજીભાઈ પેથરાજ હરણીયા પોતાનાથી થાય, તેટલો પ્રયત્ન કરી ફાળો એકઠો કરવા લંડન ગયા, જ્યાં જીવદયાના કાર્ય માટે સૌનાં મનમાં પ્રથમ નામ આવે શ્રી કેશુભાઈનું જ!

**બંનેની જુગલજોડીના પ્રયત્ને તો કરી કમાલઃ**

લંડનમાં રહેતાં શ્રી કેશુભાઈએ સૌના હૃદયમાં જીવદયાની જ્યોત જગાવી અને ત્યાંના ભાવુક મહાજનોએ દાનની ગંગા વહાવી દીધી!

તે અબોલ જીવોનાં પુણ્યે માત્ર એક જ મહિનાનાં ગાળામાં ૧ લાખ પાઉન્ડ એટલે કે તે વખતના ૩૩ લાખ રુપિયાનો ફાળો કરીને શ્રી કેશુભાઈ સંગે શ્રી હીરજીભાઈ ભારત પરત આવ્યા, જેનાથી હજ્જારો ઢોરોને નવું જીવન મળ્યું અને કેશુભાઈને મળ્યો પૂજ્યશ્રી વજ્રસેનવિજયજી મહારાજના પ્રથમ સુભગ દર્શનનો લાભ!

**શ્રી કેશુભાઈ સંગે શ્રી પ્રેમચંદભાઈની સુંદર કલ્યાણમૈત્રીઃ**

દુષ્કાળ નાથવા લંડનથી ફંડ એકઠું કરી આવેલા શ્રી કેશુભાઈ તત્કાલીન કલેક્ટરશ્રીની હાજરીમાં ચેક અર્પણ કરવા જામનગર આવ્યા, ત્યારે જ ત્યાંના અનન્ય સેવાભાવી શ્રાવક શ્રી પ્રેમચંદભાઈ તેમને પ્રથમ વાર મળ્યાં પણ પછી આ પરિચય જીવનભરની કલ્યાણમૈત્રીમાં પરિણમ્યો! જેથી જામનગરના શ્રી પ્રેમચંદ વીરપાળ અને લંડનના શ્રી કેશુભાઈ નાંગપારની જુગલબંદી એવી તો સુંદર જામી કે પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ અને પૂજ્ય આચાર્ય શ્રીહેમપ્રભસૂરિજીનો એક પણ કરૂણામય પોકાર એ પછી ક્યારેય ખાલી ન જવા દીધો! પોતાનું યોગદાન તો બંને આપે જ, પરંતુ અનેકોને પ્રેરણા કરીને નાનું-નાનું યોગદાન ભેગું કરતાં જઈને પછી સાહેબજીની ઈચ્છાપૂર્તિ કરવા ઝોળી છલકાવી જ દે!

**હવે તો પ્રકૃતિને પણ જાણે ખબર પડી ગઈ છે કે...**

દૈવયોગે ક્યાંય પણ કુદરતી આફત આવશે અને લંડન સ્થિત શ્રી કેશુભાઈને જો જણાવવામાં આવશે, તો આ પૂજ્યશ્રીઓના એક

જ કારૂણ્યસભર કહેણથી દાનનું ઘોડાપુર આવ્યું જ સમજવાનું! શ્રી કેશુભાઈ પોતે ભલે અબજોપતિ ન હતાં - ન છે, પરંતુ નીતિમત્તાના તેઓ એવા પાલક છે કે પોતાનો ન્યાયસંપન્ન વૈભવ સુકૃત્યો રૂપી અવનિમાં જ સદૈવ વાવતાં રહ્યાં છે..!

**શ્રી કેશુભાઈ વિષે પ્રેમચંદભાઈને પૂછીએ તો કહેશે કે...**

"સાહેબજીનું કહેણ તો શિરોધાર્ય કરે જ, પણ આ કેશુભાઈ તો મારો ય પડયો બોલ ઝીલી જ લે છે. તેઓ લંડનના ભવિજનોને મોહનિદ્રામાંથી જગાડી મા-ભોમની હાકલ સુણાવે અને દરેકને પ્રેરણા કરી મોટી ભંડોળનિધિ એકઠી કરી પહોંચાડે! પછી ભલે એ હાકલ પાંજરાપોળ માટે હોય, અનુકંપા દાન માટે કે પછી જિનાલય-ઉપાશ્રય-આયંબીલ ભવન કે કોઈ સંસ્થા માટે હોય!"

**સંવત્ ૨૦૪૩ અર્થાત્ સન્ ૧૯૮૭ની એક વાત!**

શ્રી કેશુભાઈના માતુશ્રી જેઠીબેન અને મોટાબેન અમૃતબેન લંડનમાં હતાં, ત્યારે તેમને ભારત આવીને ઉપધાન તપ કરવાની મહેચ્છા થઈ. માતાના પ્રત્યેક મનોરથો પૂર્ણ કરવા, એ તો કેશુભાઈનું જાણે જીવનપ્રણ જ હતું! તેમણે તરત જ સંયોગો ગોઠવી કાઢયાં અને પરમ પૂજ્ય મહાસેનવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં શ્રી આરાધનાધામ તીર્થમાં માતા-બહેનની તે ઈચ્છા પણ પૂર્ણ કરાવી.

પૂજ્ય મહાસેનવિજયજી મહારાજના આ છેલ્લાં ઉપધાન તપ દરમ્યાન જેઠીબેનને એક દિવ્ય સ્વપ્ન આવ્યું કે તેઓ પ્રભુ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી રહ્યાં છે. બસ, પછી તો આ માતૃભકત દીકરા કેશુભાઈને પોતાની જનનીના એ સ્વપ્નને હકીકત બનાવવાની લગની લાગી અને કુદરતી રીતે જ એનો સુમેળ પણ સધાઈ ગયો!

### હાલારના બાવન ગામોમાં અનાજ વિતરણઃ

સન્ ૧૯૯૩માં થવાની હતી શ્રી હાલાર તીર્થ-આરાધનાધામમાં પ્રભુજીઓની પ્રતિષ્ઠા! શ્રી કેશુભાઈએ તેનાથી એક વર્ષ પૂર્વે સન્ ૧૯૯૨માં પૂજ્ય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજની પાવન પ્રેરણાથી હાલારના બાવન ગામોમાં અનુકંપાદાન રૂપે અનાજ વિતરણ એ ભવ્ય ભાવનાથી કરેલ કે જ્યારે પ્રભુનો જન્મ થાય, ત્યારે આ આખ્ખો ય મલક લીલ્લોછમ્મ થઈ જાય! જો કે લંડનનાં અમુક ભાવિકો પણ આ લાભ લેવા માટે તેમાં આનંદથી ભળ્યાં હતાં.

### મહોત્સવોમાં કુંભસ્થાપન અને અખંડ દીપક તો તેમના જ હસ્તે!

પ્રાયઃ સર્વ મહોત્સવોમાં શ્રી કેશુભાઈ અને સુશ્રી અનિલાબેનના સ્વહસ્તે જ માંગલ્ય રુપ કુંભનું સ્થાપન અને અખંડ દીપકની પ્રશસ્ત ક્રિયાવિધિ થાય છે, તેથી ગુરુમહારાજ સમેત સકલ શ્રી સંઘને શત-પ્રતિશત પાક્કી ખાત્રી થઈ જ જાય છે કે હવે આ કામ નિર્વિઘ્ને પૂર્ણ થશે, થશે અને થશે જ, કેમકે શ્રી કેશુભાઈના પુણ્યશાળી આત્માનો પ્રોજ્જવલ પ્રભાવ એમાં નિમિત્તરૂપે છે જ!

### હાલારની પ્રતિષ્ઠામાં શ્રેયસ્કર સુરતરુઃ

હાલાર તીર્થની પ્રતિષ્ઠા પૂર્વે શ્રી પ્રેમચંદભાઈ જામનગરથી લંડન અને કેન્યા ગયા હતાં, ત્યાનાં હાલારી મહાજનોને આમંત્રણ દેવા.

ત્યારે અનેક સંઘોમાં હાલારના હીરલાના શ્રાવકશિષ્ય કેશુભાઈએ તેમની સાથે રહી ઘણાં નકરા તો પૂર્ણ કરાવ્યાં જ, પરંતુ ત્યારે પોતાના પરિવાર તરફથી યે પરમોચ્ચ ભાવે જિનાલયજીના રંગમંડપમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ ભગવાનની મનમોહની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવવાનો અનુપમ લાભ પણ લીધો,

તદ્ઉપરાંત શ્રી આદિનાથ ભગવાનની પ્રતિષ્ઠા પણ તેમણે કરાવી એવં બીજા દિવસે દ્વારોદ્ઘાટનનો લાભ પણ તેઓએ જ લઈને જાણે માતાની મનોકામનાનાં શિખર ઉપર સુવર્ણ કળશ ચડાવ્યો!

## હાલારની પ્રતિષ્ઠામાં પૂ...રાં ૧ લાખ લોકોના તૃપ્તિદાતાઃ

વળી... 'મારા ભગવાન મારી જન્મભૂમિ સમીપે પ્રતિષ્ઠિત થાય અને હું ત્યાં ઉપસ્થિત સર્વે ભવિજનોને શું મીઠું મોઢું પણ ન કરાવું?' એમ વિચારી તેઓએ સાધર્મિકોના જમણવારનો પણ
એટલો તો મ્હોટો લાભ લીધો કે તે ધન્ય દિને ત્યાં
પૂ...રાં ૧ લાખ લોકો ભરપેટ જમ્યાં અને પ્રભુને વધાવ્યાં!
પછી શ્રી સંઘજનોને શ્રી નાગેશ્વરજી તીર્થની યાત્રા કરાવનાર
પણ હતાં શ્રાવકશ્રેષ્ઠી શ્રી કેશુભાઈ જ!

## માત-પિતાના સંસ્કારપ્રદાનનું ઋણ ચૂકવવા...

શ્રી આરાધનાધામ હાલાર તીર્થની વિશ્વપ્રસિદ્ધ આર્ટ ગેલેરી, જેને જોવા - માણવા વર્ષના ૧૦,૦૦૦ જેટલાં અન્યધર્મી લોકો આજે પણ જ્યાં આવે છે, ત્યાંનાં મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ જેમણે પોતાના માતા-પિતાનું ઋણ ચૂકવવા મોટી તસ્વીરો સાથે તેઓના નામને અમર કર્યા છે, તેવા શ્રી કેશુભાઈએ શ્રી આરાધનાધામ તીર્થની જે બૃહદ્ પાંજરાપોળ છે, જ્યાં આજે ૧૪૦૦ અબોલ જીવોને આશ્રય મળ્યો છે, ત્યાં પણ અંદર પ્રવેશ કરતાં જ તેઓના માતા-પિતાના નામનો એક શેડ દાનમાં આપ્યો છે, તે અચૂક નજરે ચડે છે!

## આરાધનાધામ તીર્થમાં કરાવ્યાં શ્રી ઉપધાન તપઃ

એ પછી બીજા જ વર્ષે ઈ.સ.૧૯૯૪માં શ્રી મેઘજીભાઈ તથા શ્રી પ્રેમચંદભાઈ પરિવાર સાથે મળીને શ્રી કેશુભાઈએ આરાધનાધામ

હાલાર તીર્થમાં જે અપ્રતિમ ઉત્સાહપૂર્વક ઉપધાન તપ કરાવેલ, તે વાત તો આજે ય લોકો સંવેદનાપૂર્વક સંભારે છે, કેમકે તે વેળાએ લંડનથી ખાસ પધારીને સુશ્રી અનિલાબેન પણ સ્વયં ત્યાં હાજર રહેલાં, તેથી તપસ્વીઓનો ઉત્સાહ દ્વિગુણીત થયેલો. ઉપધાનના આ પ્રસંગ પછી પૂજનીયશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબના હૃદયમાં સુશ્રાવક કેશુભાઈ સો ટચ હેમની મુદ્રિકામાં રત્ન જડાય, તેમ જડાઈ ગયાં છે અને કેશુભાઈનાં જીવનમાં પરમ પૂજ્ય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ ગુરુપદે સ્થાપિત થઈ ગયાં છે!

એ હેમમય ઘડીમાં એવું અમૃતચોઘડિયું ઉપન્યું હશે કે જીવનભરનાં શુભ-લાભરૂપ અખંડ સુકૃત્યો પૂજ્ય ગુરુદેવનાં માર્ગદર્શન હેઠળ સતતપણે તેઓએ કર્યાં છે, તે આજ સુધી હજુ ચાલુ જ છે!

## ‘જતાં પહેલાં તું સાધી લે...!’

શ્રી કેશુભાઈને ‘વૈરાગ્ય શતક’નું આ વાક્ય એવું તો હૃદયમાં જડાઈ ગયું છે કે અહીંથી ગયાં પછી જે સાથે આવનાર નથી, તેવા દેહ, ધન, યશની ચિંતા મૂકીને જે સાથે આવનાર છે, તેવા સદ્કૃત્યો થકી તેઓ જીવનઝોળી છલકાવી રહ્યાં છે! શ્રી કેશુભાઈની આંખને ઈશારે કયા કામ કરવા જેવા છે, તે સમજવાની તીવ્ર ગ્રહણશક્તિ અને શુદ્ધ ધર્મભાવના પૂજનીય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબને પણ એટલી જ હૃદયસ્પર્શી લાગે છે.

## મોક્ષપર્યંત મને આ જ ગુરુદેવની છાંવ મળે...!

શ્રી કેશુભાઈને પણ પોતાના આ ગુરુવર્યની સહજતા, સરળતા, બુદ્ધિમત્તા, મૌલિક પ્રતિભા અને આત્મનિષ્ઠતા એટલાં તો રુચિ ગયાં છે કે આ જીવનઉપાસક કર્મયોગી એવો મનોરથ સેવે છે કે મોક્ષપર્યંત મને આ જ ગુરુદેવની છાંવ મળે તથા તેઓના ઉમદા હેમવંત વિચારોની પ્રભામાં જ પોતાનું જીવન ઢળે!



સૌને વિદિત છે તેમ ગુરુ અને શ્રાવકશિષ્યનો આ વિરલ યોગ જોઈ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યજી પણ મનમાં ગરિમા અનુભવતા અને સૌને કહેતાં જણાતાં કે પ્રભુએ આ જોડી સરસ ઘડી કાઢી છે. પ્રત્યેક નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોને આત્મસાત્ કરનાર એવા શ્રી કેશુભાઈ પણ 'પોતાને આવા અજોડ ગુરુવર મળી ગયાં છે, જેઓને મારાં આત્મકલ્યાણ અંગે કેટલી બધી નિસબત છે', તે વાતનું જ ગૌરવ અનુભવતાં આવ્યાં છે!

**શ્રી કેશુભાઈને ખબર પડી ગઈ છે કે જીવન તો ક્ષણભંગુર છે...!**

વૈશ્વિક સ્તરે વિચારી સ્થાનિક સ્તરે કાર્ય કરંતા આ ગુરુવરે
'શ્રી દસવૈકાલિક સૂત્ર'માંથી આપેલો ઉપદેશ
શ્રી કેશુભાઈને શીરાની જેમ ગળે ઉતરી ગયો છે કેઃ

अधुवं जीवियं नच्चा, सिद्धिमग्गं वियाणिया ।
विणियट्टेज्ज भोगेसु, आउं परिमियमप्पणो ॥ અર્થાત્ :

"Life is not permanent. It is limited. જીવન ક્ષણભંગુર છે ને આયુષ્ય પરિમિત છે. Knowing this & having known the path of liberation, one should abstain from material pleasures. એવું સમજીને તથા સિદ્ધિમાર્ગને જાણીને ભોગોથી નિવૃત્ત થઈ જવું જોઈએ." આ ઉપદેશે શ્રી કેશુભાઈને સમગ્ર ચૈતન્ય સાથે સમન્વય સાધવાનું શીખવ્યું છે.

**Think globally, act locally.**

**ભારતથી લંડન પરતની ૮/૯ કલાકની ઉડ્ડયન યાત્રામાં...**

પોતાની જ જાત સંગે પૂજ્ય ગુરુદેવ સાથે ઉપાશ્રયમાં થયેલી વાતોને શ્રી કેશુભાઈ મનમાં દોહરાવતાં જ હોય છેઃ "જે પોતાની

સ્વતંત્ર હસ્તીને ઓગાળી નાખવા માટે તત્પર હોય છે, એ જ જીતી શકે છે. અહીં 'જીતવું' એટલે અન્ય ઉપર નહીં, કિન્તુ પોતાની જ ઈન્દ્રિયો, વિચારો અને વર્તન ઉપરનો વિજય. આત્મ-બળે જ એ વિજય શક્ય છે અને તે જ સાચો જૈન છે. કર્તવ્ય, આચારસંહિતા અને જીવનના માર્ગદર્શક સિદ્ધાંતો એમ જ કહે છે કેઃ ૧૪ રાજલોકના બધા જ જીવો તારા પોતાના આત્મા સમાન જ છે. સંયમ અને તપથી અહિંસામય જીવીને સર્વે જીવો સાથે સમન્વય સાધવો, એ જ તો છે ધર્મ!'' ...અને આ સઘળી ય આત્મઉદ્ધારકારી હિતશિક્ષાઓને યાદ કરી કરીને પોતાના મનમાં જ પાક્કો નિશ્ચય કરી સંકલ્પ કરતાં હોય છે શ્રી કેશુભાઈ કેઃ

બસ, હવેથી મારું પણ અવતારકૃત્ય એ જ રહેશે કે...

હું જિનભક્તિ, સાધુ-સાધ્વી વૈયાવચ્ચ,
સાધર્મિક ભક્તિ ઉપરાંત જીવમૈત્રી માટે
પાંજરાપોળો વગેરેના કાર્યોમાં જ આયુષ્યને વાવું.

બસ, હવેથી મારા પૂજ્ય ગુરુદેવ અંગુલિનિર્દેશ કરે, તે દરેક જગ્યાએ સુકૃત્યો જ કરવા છે. પછી તે વિકલાંગોના કેમ્પ હોય, ગરીબોને અનાજ - કપડાં - દવા કે મકાન આપવાની વાત હોય, વૃદ્ધાશ્રમો - હોસ્પિટલો - શાળાઓ - ભોજનશાળા - ધર્મશાળા કે આયંબિલ ખાતાઓ ઉદ્ધરવાની વાત હોય, વયસ્કોને યાત્રા કરાવવાની હોય, ઉપધાનતપ કરાવવાના હોય, શ્રમણોની પદવી - પીઠિકાનાં પ્રસંગો હોય, નૂતન દીક્ષાર્થીઓને ઉપકરણ વહોરાવવાના હોય, અનાથાશ્રમો કે અંધાશ્રમોમાં વસ્તુ કે દાન આપવાનું હોય, દુષ્કાળ - ભૂકંપ - વાવાઝોડાં અથવા તો સુનામી જેવી કોઈપણ કુદરતી આપત્તિઓમાં સહાયક થવાનું હોય, ક્યાંય પણ પ્રભુજીની અંજનશલાકા - પ્રતિષ્ઠા કે વર્ષગાંઠની ઉજવણી હોય કે દિવંગત

શ્રમણોની સ્વર્ગારોહણની તિથિએ તેમના ગુણોને વંદના કરવાના અપૂર્વ અવસરો હોય...! હું એક પણ તક હવે ચુકીશ નહીં!

**દેવાનાં ડુંગર નીચે આવેલ સાધર્મિકોને ગુપ્તપણે સહાયઃ**

અરે... કર્મના ઉદયે અત્યંત સુખી પરિવારો દેવાનાં ડુંગર નીચે આવી ગયાં હોય અને મારા પુણ્યે ગુરુમહારાજ જો મને જાણ કરશે, તો મારા એ સાધર્મિક બંધુઓને ગુપ્તપણે સહાય કરીને ફરી પગભર કરવા માટે હે પ્રભો! મને શક્તિ દેજે! ભક્તિ દેજે!!'' આવા વિચારરત્નોને મનોમન ઝળકાવતાં ક્યારે હવાઈ મુસાફરીમાં લંડન આવી જતું, તેની ખબરે ય પડતી નહીં સુશ્રાવક કેશુભાઈને!

**૭૫ વયસ્કોને શિખરજીની યાત્રા કરાવવાનો અદ્‌ભૂત આનંદઃ**

સન્ ૧૯૮૯માં ૭૫ વયસ્કોને યાત્રા કરાવવાનો એવો અદ્‌ભૂત આનંદ આવ્યો હતો શ્રી કેશુભાઈને કે બે વર્ષ પછી ફરીથી ૭૦ જેટલાં વયસ્કોને લઈ પહેલાંની જેમ જ અત્યંત સુંદર આયોજન-પૂર્વક તેઓએ શ્રી સમ્મેતશિખરજી તીર્થની જ યાત્રા કરાવીને તે આનંદને દ્વિગુણીત કર્યો! આ વખતે મુખ્ય પ્રેરણા હતી પૂજ્ય સાધ્વીશ્રેષ્ઠા શ્રી જયભદ્રાશ્રીજી મહારાજ તથા પૂજ્ય સાધ્વીશ્રેષ્ઠા શ્રી જયધર્માશ્રીજી મહારાજ સાહેબની. સન્ ૧૯૯૧માં ઓશવાળ એસોસિયેશન ઑફ યુનાઈટેડ કીંગડમનાં નેજાં હેઠળ ભલે ગોઠવાઈ હતી આ સુદીર્ઘ તીર્થયાત્રા, પરંતુ સૌને મન આ યાત્રાના સારથિ તો હતાં સર્વ માટે કલ્યાણમયી આત્મા શ્રી કેશુભાઈ જ!

**નમણું - નાજુક જિનાલય બંધાવ્યું નામે 'કેશુ વિહાર':**

૯ દસકાંની ઉપર બે વર્ષ, એમ ૯૨ વર્ષીય કેશુભાઈને જ્યારે આજથી ૧૨ વર્ષ પૂર્વે આયુનાં ૮૦ વર્ષ સંપન્ન થયાં, ત્યારે ફરી

તેમણે શ્રી હાલાર તીર્થે સ્વદ્રવ્યથી એક નમણું - નાજુક - સુંદર જિનાલય બંધાવ્યું, નામે 'કેશુ વિહાર'. મોટાં જિનાલયના પગથિયાં ન ચડી શકનાર ભાવિકો માટે એ ભૂમિના પટાંગણમાં જ તે આજે તીર્થશોભામાં શતગણી વૃદ્ધિ કરતું શાસનધ્વજ ફરકાવી રહ્યું છે! વર્ષે સેંકડો વયોવૃદ્ધ, અશકત ભકતો ત્યાં દર્શન-વંદન-પૂજન કરીને 'કેશુ વિહાર'નાં નિર્માણકારને 'શતાયુ ભવ'નાં આશીષ આપે છે!

**શ્રી કેશુભાઈનું એક તકિયાકલામ જેવું અનુકરણીય વાકયઃ**

જયારે કોઈ પણ સુકૃત્ય પૈસાની અછતના વાંકે શરૂ કરવામાં વિલંબ જોતું હોય, ત્યારે... તેઓનું તકિયાકલામ વાકય હોય કેઃ 'તે ભેગા કરવાની જવાબદારી મારી, તમતમારે કામ શરૂ કરી દો!'

નિરપેક્ષ ભાવે સદાકાળ સર્વનું શુભ-કલ્યાણ કરવાની ખેવનાની જયોત જેઓના હૃદયમાં નિરંતર પ્રગટેલી હોય, એવા આતમ એટલે શ્રી કેશુભાઈ! તેમણે અગણ્ય ગુણોની ટોચે બેસીને નાઈરોબી તથા લંડનના મહાજનોનો એવો તો સર્વોચ્ચ કોટિનો વિશ્વાસ જીતેલો છે કે તેમનું ધન્ય નામ સુણવા માત્રથી લોકો પોતાની સંપત્તિ ન્યોચ્છાવર કરે છે અને તે મેળવેલ દાનમાં શ્રી કેશુભાઈ પોતાનું સુયોગ્ય યોગદાન ઉમેરીને પછી જ તેને ગુરુચરણે સમર્પિત કરે છે!

**આજ પર્યંત એવું કદાપિ બન્યું નથી કે...**

પૂજ્ય ગુરુદેવે કહેલા - ચીંધેલા કોઈ પણ સુકૃત્યો માટે તેમણે 'તહત્તિ' ન કહ્યું હોય કે પછી 'નકાર'નો 'ન' પણ ઉચ્ચાર્યો હોય! કે પછી ગુરુમહારાજે આપેલી હિતશિક્ષામાં કહેલી પરિપકવતાની કસોટી, હૃદયશુદ્ધિનાં લક્ષણો, ઉપાસ્યના ગુણો કે મોક્ષ સોપાનો પોતાનામાં સ્થિર થયાં કે નહીં, તે તેઓએ તપાસ્યું ન હોય...!

### પરિપક્વતાની કસોટીઃ

(૧) હૃદયની શુદ્ધિ (૨) ઉપાસ્ય ગુણોનો આવિર્ભાવ.

### હૃદયની શુદ્ધિનાં ૬ લક્ષણોઃ

(૧) ક્યારેય બૂરો વિચાર ન આવે.
(૨) મતિ પાપમાં ન લાગે. (૩) સાંસારિક ભૂખ-તૃષા ટળે.
(૪) વાસનાઓ ધોવાઈ જાય.
(૫) પ્રાણીમાત્રમાં આત્મા દેખાય.
(૬) સ્વયં પ્રેમની મૂર્તિ બને.

### ઉપાસ્યના ૬ ગુણોઃ

(૧) સત્યસંકલ્પતા (૨) અમોઘવચનિતા
(૩) ઈચ્છામાત્રથી પદાર્થનો સંયોગ (૪) સ્વપ્નમાં દેવદર્શન
(૫) ઋષિ-મહર્ષિઓનાં દર્શન (૬) મહાત્માઓનાં દર્શન.

### મોક્ષ મેળવવાના ૬ સોપાનઃ

(૧) પ્રભુની કૃપા (૨) સત્સમાગમ (૩) ઈશ્વરનું આરાધન
(૪) ગુરૂની શરણાગતિ (૫) જડ અને ચેતનનો વિવેક
(૬) સત્શાસ્ત્રની પ્રાપ્તિ.

### નમ્રતાના શિરોમણી અને લઘુતાના મણિમાણેકઃ

અનગિનત અને અકથ્ય એવા સુચારુ કાર્યોમાં સૌથી અગ્રેસર રહ્યાં છતાં શ્રી કેશુભાઈ ભારત આવે, ત્યારે સાવ સામાન્યજન બનીને માનવમેદનીમાં એવા તો ગોઠવાઈને ભળી જાય કે તેમને દૂરથી શોધવા યે મુશ્કેલ બને! નામનાથી નવ ગાઉ દૂર ભાગે તથા ક્યાંય આગળ આવવાની તો વાત, ઈચ્છા કે મહેચ્છા જ નહીં!

**તેઓના ગુરુ પ્રત્યેના સમર્પણની જ્યારે...**
**સરાહના થતી તેમને સંભળાય, ત્યારે તેઓ મનોમન સમજે કેઃ**

જ્યારે શિષ્યની અંદર સવાલ ન હોવાની ક્ષણ આવે છે,
ત્યારે જ સદ્ગુરુએ જવાબ આપવાની ક્ષણ હોય છે.

**તેઓના છ દાયકાના મધુર પરિણય સાયુજ્યનું રહસ્યઃ**

જ્યારે સુશ્રી અનિલાબેન સાથેના ૬ દાયકાના મધુર સાયુજ્યનું રહસ્ય તેઓને પૂછતાં હોઈએ, ત્યારે જવાબમાં પ્રથમ તો માત્ર મીઠું સ્મિત આપે શ્રી કેશુભાઈ પણ પછી સુશ્રી અનિલાબેન સંગે સંધ્યાનાં રંગો જોતાં જોતાં એ રહસ્યની આપ-લે પણ કરે કેઃ

"અમે કેટલાં બધાં પુણ્યશાળી છીએ કે
એવા તો ગુરુ મહારાજ મળ્યાં છે કે જેમણે શીખવ્યું છે કેઃ
એકમેકને ક્ષમા કરતાં શીખો. એકબીજા ઉપર દ્રઢ વિશ્વાસ રાખો.
બીજાના મતને સદા સાંભળો અને તેને માન આપો.
ભૂલ થાય, ત્યારે દોષ સ્વીકારી દુઃખ વ્યક્ત કરો અને
તે ભૂલ ફરીથી ના થાય, તે માટે સજાગ રહો.
એકમેકને પૂરતો સમય આપો અને
મનમાં ચાલતાં વિચારોને એકબીજા સાથે વહેંચતા રહો.
બીજાની આત્મિક પ્રગતિમાં સૌથી પહેલાં સાથ આપો.

આવા ગુરુદેવ અમને જો ન મળ્યાં હોત, તો અમે આજે વિષય - કષાયોમાં ક્યાંયે ખોવાઈને જન્મોજન્મની શૃંખલા વધારી રહ્યાં હોત! ધીર, ધર્મવીર, કર્મવીર, દાંત, પ્રશાંત અને શાશ્વત કલ્યાણમાર્ગે અવિરત સુકૃતમગ્ન એવા ગુરુવર્ય તો કોઈ ભાગ્યશાળીને જ મળે! રત્ન-મણિ-માણેકનાં ખજાના રુપ ગુણોના ભંડાર છે તેઓશ્રી!"

## એકસાથે કેટલાંયે દરિયા તરી શકે છે રોજેરોજ આ ગુરુમહારાજઃ

પૂજ્ય ગુરુદેવ આચાર્યવર શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં આવેલા વયસ્ક શ્રમણ ભગવંતોની સારસંભાળ રાખવી, પોતાના શિષ્યોનાં આત્મહિત અર્થે તેઓને હિતશિક્ષા આપવી, જ્ઞાનયોગ સધાય તે માટે સ્વાધ્યાય કરવો-કરાવવો-પાઠ આપવા, જે સંઘમાં સ્થિરતા હોય, ત્યાંનાં સંઘજનોને પમાડવા વ્યાખ્યાન-વાણી પ્રસારવી, શ્રી સંઘની વિનંતી મુજબ અનુષ્ઠાનો કરાવી તેને સુપેરે પાર પાડવા, ધ્યાનયોગ સાધવા પોતે ત્રિકાળ જાપ કરવા, ચરણકરણાનુયોગ અનુરૂપ પોતાના નિત્ય અનુષ્ઠાનો કરવા, સીદાતાં સાધર્મિકોનું ધ્યાન રાખવું, પાંજરાપોળોને સદ્ધર કરવી, કેટલાંયે ગ્રંથોનું શુદ્ધિકરણ-સંપાદન-પ્રકાશન કરવું - કરાવવું, જિનાલયે જઈ નિત્ય પ્રભુભક્તિ કરવી, બહારગામથી વંદનાર્થે આવતાં શ્રાવક પરિવારોને પૂરતો સમય આપવો, તેઓના દરેક પ્રશ્નોના સમાધાન કરવા...! આવા અગણ્ય કાર્યોમાં પોતાના સમય એવં શક્તિનું દાન કરવું, એ તો મહાચેતનાધારક, વાચનાવશિષ્ઠ, નમ્રપ્રજ્ઞાધારી, પરમ વિનેયી, શાસનરાગી, અભયદાયી ગુરુવરથી જ શક્ય બને!

## કોરોનાની મહામારી ફેલાઈ, ત્યારે...

પૂજ્ય ગુરુમહારાજનાં જ સ્વર્ણિમ શબ્દો આવતાં હતાં લંડનમાં સુશ્રાવક શ્રી કેશુભાઈને રોજબરોજ સ્મરણમાં કેઃ

"ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે કેઃ परस्परोपग्रह जीवानाम् ॥

અર્થાત્ એક જીવ અન્ય જીવોના પરસ્પર ઉપગ્રહ - અનુગ્રહ - સહાયથી જ પોતાનું જીવન વ્યતીત કરતો હોય છે. માટે નાનામાં નાનાં જીવનું ય જતન કરી રક્ષણ કરવું અને જીવ જ્યારે પોતાના સ્વાર્થ - સ્વાદ કે ધનપ્રાપ્તિ માટે બીજા જીવનું જીવન છીનવી લે, ત્યારે પ્રકૃતિમાં અતિ અસંતુલન સર્જાય છે. એ અસંતુલિત થયેલી

કુદરત જ્યારે રૂઠે, ત્યારે જ 'કોરોના' જેવી મહામારી આ વિશ્વમાં એક્કી સાથે ફેલાય છે અને ઘણાં જીવો મરણને શરણ થાય છે. પ્રકૃતિને હસતી રાખવા અને તેને પોષવા બીજા જીવોનાં જીવનને માન આપવું, એ આપણું કર્તવ્ય છે. જયણા-જીવદયા કે જીવરક્ષા કરે, તેને સુદીર્ઘ નિરામય આયુની ભેટ મળે છે. માનવમાત્રનો ધર્મ છે આ જીવદયા તો! આવી મહામારી એ **last and final call** હોય છે ધરતીમાતા કે પંચમહાભૂત કે કુદરત તરફથી. તેને સાંભળી -સમજીને સમ્યક્ વર્તન કરીએ, તેમાં જ આપણા સૌનું શ્રેય છે.''

## શ્રી કેશુભાઈને અત્યંત પ્રિય છે...

જિનાલયજીમાં પ્રભુ આગળ સ્તવનો ગાતાં પૂજ્ય ગુરુ મહારાજને જોવા અને સાંભળવા! ...પરંતુ અન્યોને માટે તો ગુરુ મહારાજની સાથે સાથે તે વેળાએ શ્રી કેશુભાઈને ય પ્રભુભક્તિમાં રસતરબોળ થઈ ડોલતાં જોવાનું દ્રશ્ય છે એટલું જ પ્રિય!

આજ સુધી જેમાં શ્રી કેશુભાઈ જેમાં પોતે હાજર રહ્યાં હોય, એમાનું એક પણ અનુષ્ઠાન એવું નથી થયું, જેમાં તેઓ સમયથી વહેલાં હાજર ન થઈ ગયાં હોય! પ્રભુ અને ગુરુની ભક્તિ સાથે જાણે શિસ્ત અને સમયપાલન તેમના પર્યાય જ થઈ ગયાં છે.

## દેવ - ગુરુ - ધર્મની કૃપાએ એક સુખદ આનંદાશ્ચર્યઃ

આજે ૯૨ વર્ષની વયે પણ શ્રી કેશુભાઈને એક્કે ય રોગ નથી. તેઓ અદ્યપિ શારીરિક - માનસિક અને આત્મિક રીતે સંપૂર્ણ સજાગ અને કાર્યરત છે! તેમને કોઈ જ પ્રકારની તકલીફ અથવા ફરિયાદ ન હોવાનું કારણ હોઈ શકે લાખ્ખો અબોલ જીવોની તેમણે પામેલી દુઆ સાથે દેવ - ગુરુ અને ધર્મની સાક્ષાત્ કૃપા!!

**'દયા ધર્મ કા મૂલ હૈ...' એ સમજનાર છે શ્રી કેશુભાઈ!**

સાચો માણસ લોકોના હૃદયમાં સ્થાન પામે, પરંતુ દયાળુ તો ઈશ્વરનાં હૃદયમાં ય સ્થાન પામે છે, તે વાતની ખરી પ્રતીતિ શ્રી કેશુભાઈને જોઈને સૌ કોઈને જરૂરથી થાય જ છે! તેઓ આજે પણ રોજ પ્રભુભક્તિ અને પ્રભુના નામસ્મરણજાપમાં સ્વસ્થતાપૂર્વક સુદીર્ઘ સમય ગાળે છે અને સ્વ-પરના કલ્યાણમાર્ગને ઉજાળે છે!

**તેઓના સમસ્ત જીવનને નિહાળતાં એવી જ અનુભૂતિ થાય કેઃ**

શ્રી કેશુભાઈ સ્વયં ભલે યોગી ન બન્યાં, કિન્તુ હજારો જીવોને ઉપયોગી બન્યાં, બેઘરોનો વિસામો બન્યાં, એકલ વૃદ્ધોનો સથવારો બન્યાં, સત્તા ઉપર બેસીને સેંકડોના સહાયક બન્યાં, શક્તિસંપન્ન હોવાથી સૌના સંરક્ષક બન્યાં, અનાસક્ત હોવાથી પૂરક બન્યાં અને સમ્યક્ સમજણના સ્વામી હોવાથી સન્માર્ગી પણ બન્યા!

चंदनं शीतलं लोके, चन्दनादपि चन्द्रमाः ।
चंद्रचंदनयोर्मध्ये, शीतला सज्जनसंगतिः ॥

સાચું જ કહ્યું છે કેઃ આ લોકમાં ચંદન શીતળ છે, ચંદ્રમા ય શીતળ છે, કિન્તુ કેશુભાઈ સમા સજ્જનોની સંગતિ તો સૌથી શીતળ છે.

**'योगः कर्मसु कौशलम् ।'ને વરેલા નવસર્જિત કેશુભાઈ...**

પૂજ્ય ગુરુમહારાજ પ્રાપ્ત થયાં પછી યથાસમયે વિચારે છે કેઃ 'મારા વ્યસ્ત જીવનની રોજનીશીમાં રોજ ધર્મક્રિયાનો થોડો થોડો આનંદદાયી સમય રોપનાર છે મારા પૂજ્ય ગુરુદેવ! તેઓનું સમસ્ત જીવન ચરમ તીર્થપતિની શાસનધૂરા સંભાળીને આગળ લઈ જવા, જીવમાત્રને અભયદાન આપવા એવં પરાર્થે ઉપકાર કરવા માટે જ

છે! શ્રમણભગવંતો પ્રવજ્યા સ્વીકારતી વેળાએ 'સુગ્ગહિયં કરેહ'ની ગગનભેદી ઉદ્‌ઘોષણા કરે છે! તેઓ વિહાર કરે તો જયણા માટે. વીરવાણીનું શ્રવણ - વાંચન - લેખન - મનન - ચિંતન પણ અંતે મુજ સમાન અબુધજનોના કલ્યાણ માટે જ કરે - કરાવે છે! અરે... આપણે સુપાત્રદાન થકી પુણ્યનું ઉપાર્જન કરી શકીએ, એટલે જ તો આપણા ઘરે ગોચરી વહોરવા તેઓ પધારે છે! આમ તેઓનું જીવન મારા જેવાને માટે પરમ આદર્શરૂપ બને તેવું છે.'

## ભામાશા જેવી ઉદારતા અને પુણીઆ શ્રાવક જેવી સાધર્મિકપ્રિયતાઃ

વળી આગળ વિચારે છે કેઃ ''સાધુતાની નખશીખ પ્રતિમા જોવી હોય તો મારા વીરના શાસનમાં જ જોવા મળે! સુકૃત્યોથી સભર - સભર જીવનશૈલી માત્ર મારા વીરના શાસનમાં જ જીવવા મળે! જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપના સ્વસ્તિક મારાં વીરનાં શાસનમાં જ રચવા મળે! ભામાશા જેવી ઉદારતા અને પુણીઆ શ્રાવક જેવી સાધર્મિકપ્રિયતાને મારાં વીરના શાસનમાં જ ખીલવા મળે! લોકો કહે છે મારા હાથે ઘણા સુકૃતો થાય છે. અરે.. પણ એની પ્રેરણા કરનાર તો મારા ગુરુ જ છે... અને હું? હું તો માંડ થોડી પ્રભુ ભક્તિ, નામસ્મરણ, પ્રવચનશ્રવણ, સાધુસંગ ને સદ્‌વાંચન થકી થોડાં સુકૃત્યો કરી શકું છું. મુજ ગુરુની કેવી અસીમ કૃપા છે કે આ શાસનની અમીવૃષ્ટિ મુજ ઉપર અનરાધારપણે થઈ રહી છે!''

## કનસુમરાના કર્ણધાર શ્રી કેશુભાઈનાં હૃદયના ધબકાર...

પરમ આનંદવૃદ્ધિ કરાવનાર આવી વિચારશ્રેણીમાં રમમાણ રહી 'પરાનુભૂતિ'થી અટકી 'આત્માનુભૂમિ'નું સર્જન કરતાં રહે છે! તેઓને ખબર છે કે દુઃખનો અંત આવે, ત્યારે ફરી સંસારસુખમાં ખોવાવાનું નથી અને સુખનો અંત આવે, ત્યારે દુઃખી થવાનું નથી,

પરંતુ પ્રભુનામનું સ્મરણ જ કરવાનું છે, કેમકે એ જ હૃદયને ભર્યું ભર્યું કરનારું સુંદર, મધુર અને મનોરમ સાધન છે. તેઓ 'नमामि' અને 'खमामि' એ બે શબ્દો રૂપી સંજીવનીની ભેટ પામીને કૃતાર્થ થઈ પ્રત્યેક જીવનઘડીના તેને 'પાસવર્ડ' બનાવવા માંગે છે!

## શ્રી કેશુભાઈ જાણે જ છે કે...

કંઈ જ સતત નથી - લગાતાર નથી! ઉંમર વધે, ત્યારે આપણું સ્વાસ્થ્ય એકધારું સારું રહેનાર નથી! દ્વારિકામાં શિલાન્યાસ વખતે ગોઠણના દુઃખાવાને કારણે જ્યારે સુશ્રી અનિલાબેન લંડનથી ભારતદેશ આવી ન શક્યાં અને શ્રી કેશુભાઈએ એકલાએ જ એ શિલાન્યાસનો લાભ લેવાનો આવ્યો..., ત્યારે એ હકીકત ફરીથી તેમણે મનમાં જ દોહરાવી કેઃ કંઈ જ સતત નથી... લગાતાર નથી! માટે આજ જે થાય તેમ છે, તે આજે જ કરી લેવા પાત્ર છે!

## રોજ સાંજ નમે અને તુલસીક્યારે દીવો દેખાય, ત્યારે...

શ્રાવક કેશુભાઈ વિચારે છે કેઃ આયુષ્યની સાંજ પણ હવે તો નમવા આવી, પરંતુ મુજ આતમક્યારે મેં સમ્યક્ત્વનો દીવો પ્રગટાવ્યો કે નહીં? મારે હજુ વધુ સુકૃત્યો કરીને કલ્યાણકર, અચલ, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવૃત્તિવાન, મહાનંદી, અદ્વિતીય, અ-મૃત, સુ-શાંત, અવિનાશી, નિરુપાધિક-બ્રહ્મસ્વરૂપ અને કર્મદળનાં અસ્તરૂપ સિદ્ધગતિને પામવી જ છે! મારે ગુરુની કૃપાથી સાદિ-અનંત, અનુપમ, અવ્યાબાધ સુખના ભોકતા થવું છે.

શ્રદ્ધા અને જ્ઞાનની બે શકિત જોડાય, ત્યારે શું અશક્ય હોય? વિનય અને અદ્‌ભૂત શરણાગમન ભરેલી તેમના જીવનની પ્રત્યેક ઘડી ઉત્સવ સમી છે! દરિયામાં ઉઠતી અને શમી જતી જલ-લહેરીઓની

જેમ જન્મે-જન્મે સર્જાતાં અને વિલાતાં સંબંધોના તાણાવાણામાં આ એક આત્માની ભાવદશા એવી હોય છે કે તેઓની આગવી નરવાઈ અને નેકી-નીતિ જે જૂએ, તેને ય ખબર જ હોય કે આ શ્રાવકે અજવાળાની કેડી ખોલી દીધી છે! એટલે જ તેઓ સર્વ અધ્યાત્મસ્નેહી સજ્જનોના રુડાં યજમાન બનતાં ધરાતાં જ નથી.

'વિવેક ચૂડામણિ' એવા ગુરુમહારાજનાં અમૃતવચનો સંભારે છે કે

'दुर्लभो मानुष देह ।' અને 'जन्तूनाम् नरजन्मदुर्लभः ।'

વળી સંત તુલસીદાસજીની એક પંક્તિ તેઓને ખૂબ ગમે છેઃ

'बडे भाग मानुष तन पावा ।' જે વાંચી તેમને રોજે થાય છે કેઃ

'કરૂણા દાખવી ગુરુમહારાજે આંખો (સમ્યક્ દ્રષ્ટિ) તથા
પાંખો (શ્રાવકનાં કર્તવ્યો) આપીને
હવે ઉડવાને આકાશ (સુકૃત્યોની હાર) પણ આપ્યું.

હજુ જો ઉચ્ચ ઉડ્ડયન ના આદરું, તો મારા જેવો કૃતઘ્ની કોણ? દુઃખ એ તો શક્તિસંપાદન કરવાની જ એક પ્રક્રિયા હતી, એ આજે તેમને બરાબર સમજાઈ ગયું છે. હવે સર્વ રીતે શક્તિ આવી છે, ત્યારે મારું ચેતન જરીકે ય ઝોલું ન ખાઈ લે, તેની તકેદારી રખાવવા જ કુદરતે આ અમૂલા ગુરુમહારાજ આપ્યાં છે મને!'

ત્રણ પ્રહર જીંદગીના ભલેને ગયાં વીતી...

હજુ તો શરૂ થયું આ ચોથા પ્રહરનું પ્રભાત છે! નિગોદથી મોક્ષ તરફની મજલ હવે નથી લાંબી; બસ, સિદ્ધો સાથે બેસવામાં કયાં ઝીઝી વાર છે? ૩૦, ૬૦ કે ૯૦ તો છે માત્ર સમયસૂચિ, ગુરુની નિશ્રામાં કયાં એ ગણાય છે? બધું જ મળ્યું, મેળવવાનું નથી કાંઈ બાકી, પ્રભુ અને ગુરુને એવો આભારપત્ર લખાય છે!

**પૂજ્ય ગુરુમહારાજ પણ એ નીરખીને આનંદ પામે છે કે...**
ભવની પરંપરા તોડવા માટે કર્મો સામે જોરદાર ટક્કર ઝીલતાં શ્રાવક કેશુભાઈનું જીવન ધન્ય છે! અમીરાઈનું ખરું લક્ષણ જ કોમળતા - જયણા - દયાભાવ છે. તેનાથી ભીનો ભીનો રહેતો આ ભૂમિપુત્ર ક્યારેય યશના અંબરને સ્પર્શવા રાજી હોતો નથી.

**આ ગૌરવગાથાના મુગટમાં...**
શ્રી કેશુભાઈના જીવનની ઉદાત્તતાના અનેક મોરપિચ્છો સમાવિષ્ટ છે, પરંતુ ગાગરમાં સાગર સમાવવાનો આ એક અલ્પ પ્રયાસ છે. હાલારના આ ભૂમિપુત્રે પોતાની વિરાટ ચેતના અને ગુરુભક્તિથી ઉગેલી જાગૃતિ થકી સૂતેલાં કાળને ય જગાડયો છે! ઘણીવાર તો કોઈ કાર્ય પતાવતાં પગ પાતાળે - શીષ આકાશે, એવો યે તેમનો ઘાટ ઘડાયો છે, પરંતુ પાછી પાની કરે તો એ કેશુભાઈ શાના? અહીં તો ગુરુ મહારાજની નોબતું જેવી વાગતી સંભળાય... કે એ તો દોડયાં જાય છે શુભ અનુષ્ઠાનોમાં કે સૌ જીવોની વહારે!

**યશસ્વી વીર સપૂત શ્રી કેશુભાઈએ...**
વીરનાં વારસ થઈને કેટલીયે આવળ - બાવળની ધરતીને જાણે પ્રેમથી સોને - રૂપે - હીરા - મણિમાણેકથી મઢી જ દીધી છે!

સુપાત્રદાનનાં દાદા, નિઃસ્વાર્થતાના નાના અને પરોપકારનાં પિતા સમાન શ્રેષ્ઠીવર્ય શ્રી કેશુભાઈની યશોગાથા જો આપણાથી અથ થી ઈતિ સુધી વર્ણવાય, તો ક્વચિત્ બારાક્ષરી ય ટૂંકી પડે!

જેવો તેમનો ગુણાનુવાદ શરૂ કરીએ, એટલે જે આઘાં જતાં દેખાય, એવા શાંત અને સુધારસ સમા આ મહાન ગુરુભકત અને ગુરૂશરણ

વત્સલ એવા શ્રી કેશુભાઈની નજર તો માત્ર અને માત્ર વીતરાગ માર્ગ ઉપર જ રહે છે! પરમાત્મગુણોમાં રમણતા દ્વારા આત્મામાં સ્થિરતા કરવા નમ્રતા - મૃદુતા - પરોપકાર - પરિતોષ - ક્ષમાદિ ગુણોને ખીલવવા તરફ જ તેમની દ્રષ્ટિ રહે છે.

જેઓની પાસે જઈ મુંઝાયેલા જીવો સંતોષાય,
જેઓની સાત્વિકતા સૌને પળે પળ સ્પર્શાય અને
જેઓની ગરવી ગુરુભક્તિ જોઈ હરખેલું હૈયું નમી જાય...,
એવા પ્રભુભક્ત, ગુરુભક્ત, માતૃ-પિતૃભક્તને ખમ્મા ઘણી!
આવા યુગપરિવર્તક શ્રાવકની અનુમોદના ઘણી!
આપણું શ્રી જૈનશાસન અનન્ય છે.
મનુષ્યતા, મુમુક્ષુતા અને તેમાં યે મહાપુરુષોનો સંગ મહાદુર્લભ છે.

ધર્મજાગરિકા પર્વ સમું જીવન ગાળનાર
સુશ્રાવક શ્રી કેશુભાઈ વ્રજપાર શાહના
આ અણમોલ જીવન - કવનમાંથી પસાર થવાથી
આપણાં અંતર અને મન સુપ્રસન્ન છે!

કૃતજ્ઞ વ્યક્તિને જ કુશલનો અર્થાત્
આત્મકલ્યાણનો લાભ થાય છે
આ આર્યભૂમિ આવા જ આત્મરત્નોથી રમ્ય છે!
આ ધરતી ધન્ય, સુધન્ય, પરમ ધન્ય છે.
શ્રાવકવેશી આવા મહાત્માની જીવનકથા ન આલેખાય,
તો ખરેખર આપણે નગુણા જ કહેવાઈએ!
સંસારરૂપી વિષવૃક્ષમાં બે અમૃતફળ ઉગે છેઃ
એક શાસ્ત્રરસનો આસ્વાદ અને બીજું સજ્જન સાથેનો સંગ!

એવા જ જિનશાસનના એક સજ્જનના જીવનમાંથી
પસાર થવાનો આનંદ માણ્યો, તેના સૌને વધામણાં!
પ્રાંતે દ્વારિકા જિનપતિ શ્રી નેમિનાથ પ્રભુને વિજ્ઞપ્તિ કે...
શ્રેષ્ઠીવર્ય શ્રી કેશુભાઈ - અનિલાબેનની વરદાયીની ઉર્જા
સદા ઉચ્ચ તેજોમય માર્ગે જ સંચરે અને
તેમનો મણિ-કાંચનયોગ નિરામય શતાયુ પર્યંત ઝળહળે!

ઉપકારીઓનું ઉપકારવેદન કરવું, એ કર્તવ્ય છે સંઘનું...
આજે તેઓના ગુણોનું એવં સત્કાર્યોનું પ્રાગટ્ય પણ
એક ઉત્સવથી કમ નથી!
મારાથી અહીં જે કહેવાયું, તે શબ્દ છે.
જે નથી કહી શકાયું, તે અનુભૂતિ છે અને
કહેવું છે... કિન્તુ કહી નથી શકાયું,
તે મારી મર્યાદા છે!

નિગોદથી નિર્વાણની યાત્રામાં,
પ્રભુ નેમ મળ્યાં, ગુરુ ભદ્રંકર-વજ્ર-હેમ મળ્યાં;
સ્વથી સર્વની આ સંનિધિમાં, સકલ શ્રી સંઘના આશિષ ફળ્યાં!

શાંતિ આનંદ સંતોષ સ્થિરતા,
મળે ઉપરાંત જીવનમાં સૌને મધુરતા!

અસ્તુ. સાદર વંદન.

॥ शुभम् भवतु ॥

॥ मातृदेवो भवः ॥



'મા' એટલે મહાચેતનાનું અવતરણ.
'મા' એટલે તીર્થાનુભૂતિકરણ.
'મા' એટલે શબ્દો વિનાનું અભયવચન.
'મા' એટલે અમૃત સંસ્કારવારિનું આસ્વાદન.

# શ્રી કેશુભાઈના જન્મદાતા માતુશ્રી જેઠીબેન વ્રજપારભાઈ નાંગપારનું પ્રેરણાદાયી જીવન

જામનગરની બાજુના ચંગા ગામના જેઠીબેનના માતાનું નામ પરમાબાઈ અને પિતાનું નામ દેવરાજભાઈ હતું. કનસુમરાના શ્રી વ્રજપારભાઈ સાથે લગ્નબંધનથી બંધાયા પશ્ચાત્ સન્ ૧૯૩૦માં ભારતથી કેન્યા તથા સન્ ૧૯૭૫માં કેન્યાથી લંડન સ્થાયી થયાં. નાઈરોબીમાં કેશુભાઈ સાથે તથા લંડનમાં દીકરા કેશુભાઈ, અશ્વિનભાઈ તથા કિરીટભાઈ - એમ સૌને ત્યાં થોડાં થોડાં દિવસ રહેતાં હતાં. વ્રજપારભાઈના માતાનું નામ ટબીબાઈ હતું. તેઓ નાઈરોબીમાં અવસાન પામ્યાં, ત્યાં સુધી સાસુજી સંગે જેઠીબેનના સંબંધો અત્યંત આત્મીયતાભર્યા અને આત્મિક હતાં.

પાંચ દીકરીઓ, ૩ દીકરાઓનાં મળીને ૧૭ પૌત્ર-પૌત્રીઓ અને ૨૦ પ્રપૌત્ર- પ્રપૌત્રીઓનાં ખુશહાલ પરિવારનાં ધર્મસારથિ જેઠીબેન જ બનેલ. તેઓના ૯૮ વર્ષનાં સુદીર્ઘ પ્રશસ્ત આયુષ્યમાં કરેલા **સુકૃત્યોની ઝલક માણી આવો, આપણે પણ અનુમોદના કરીએઃ**

**ઈ.સ.૧૯૬૨માં...**

નાઈરોબીમાં આસો મહિનાની આયંબીલની ઓળી કરાવેલ.

શ્રી વ્રજપારભાઈ તથા મોટા નણંદ અમૃતબેન સાથે પાલીતાણામાં દોઢ મહિનાની શત્રુંજયની યાત્રા કરેલ. પાલીતાણામાં ઘેટી પગલાનાં સ્થળે પૂજ્ય સાધ્વીજીશ્રી પુષ્પાશ્રીજી મહારાજની પ્રેરણાથી પાંચમાં તીર્થંકર શ્રી સુમતિનાથ પ્રભુજીની પ્રતિમાજીને

ભરાવવાનો ભવ્ય લાભ લીધેલ. તેઓએ એકવાર છ'રી પાલિત સંઘમાં પગપાળા યાત્રા પણ કરેલ.

ઈ.સ.૧૯૬૩માં...

ઉપધાન તપની માળ પહેરેલ તથા શત્રુંજયની ૯૯ યાત્રા કરેલ.

ઈ.સ.૧૯૬૪માં...

૨૦ તીર્થંકરોની નિર્વાણભૂમિ સમ્મેતશિખરજીતીર્થની યાત્રા કરેલ.

ઈ.સ.૧૯૬૬માં...

લંડનથી ભારત આવી બે મહિનાની તીર્થયાત્રાઓ કરેલ.

જ્ઞાનપંચમીનું તપ શરુ કરીને પાંચ વર્ષ પર્યંત સળંગ તપ કરેલ.

ઈ.સ.૧૯૬૯માં...

જ્ઞાનપંચમીનું તપ સંપન્ન કર્યું અને નવપદજીની ઓળી પણ કરી.

ઈ.સ.૧૯૭૦માં...

પતિ શ્રી વ્રજપારભાઈના અવસાન બાદ આયંબીલ ઓળી કરાવી.
તેઓએ અઠ્ઠાઈ તપ, ૧૧ ગણધર તપ, વીશ સ્થાનક તપ, મૌન એકાદશી તપ, પોષદશમી તપ, વર્ધમાન તપની ૩૧ ઓળી કરેલ.

શ્રી કેશુભાઈના જન્મદાતા માતુશ્રી જેઠીબેન ૯૮ વર્ષ જીવ્યાં. તેઓએ ૨૪ મે, ૨૦૦૯ના દિને લંડનમાં શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં વિદાય લીધી અને સમાધિ મૃત્યુને વર્યાં.

આમ નાની ઉંમરથી જ ધર્મનાં રંગે રંગાયેલ માતાના આવા શાસનપ્રભાવનાનાં કાર્યો તથા તપસ્યાનાં સંસ્કાર રંગે રંગાયેલ પુત્ર કેશુભાઈ પણ એ જ રસ્તે આજે આગળ વધી રહ્યાં છે.

આ દંપતિનો સુધન્ય ગૃહસ્થાશ્રમ જોઈને હૈયું ઠરે
અને કહેવાનું મન થાય કે...

આનંદી સ્વજનો, સુનો (સંતાનો) સુમતિ
અને ભાર્યા છે પ્રિયંવાદિની;
સન્મિત્રો, શુચિ વિત્ત, દાસ વિનયી અને
અર્ધાંગિનીમાં છે પ્રીતિ;
આતિથ્યે સમુદારતા, સુર પૂજા, ઘરે મિષ્ઠાન્નના ઘરે ભોજન;
સેવા-સંગતિ નિત્ય સંતજનની, એવો છે ધન્ય ગૃહસ્થાશ્રમ!

ઉગે ને આથમે વર્ષો, ઓટ ને ભરતી ભર્યા...
સ્નેહથી સંચર્યા સાથે, તેહ દંપતિ ખરું તર્યા!



સુશ્રી અનિલાબેન તથા શ્રી કેશુભાઈ



શુભત્વ અને શિવત્વ પ્રસરે નિત્ય પરિસર;
શાસનનું કલ્પતરુ ફળે શ્રી સંઘમાં સચરાચર!

## અનુમોદના અનુમોદના અનુમોદના વારંવાર...

જેમનું વ્યક્તિત્વ છે નિર્મળ... નિખાલસ... નિર્દંભ...
પ્રેમાળ લાગણીથી ઉભરતું, પ્રેમથી નીતરતું, ગુણોથી મઘમઘતું,
તથા જેમનું અસ્તિત્વ છે સરળતા અને પરિતોષથી ભરપૂર,
એવા માતુશ્રી જેઠીબેનના લાલ અને
પિતાશ્રી વ્રજપારભાઈના બાલ છે સુશ્રાવકવર્ય શ્રી કેશુભાઈ!
જેમ નિર્મળ સ્ફટિકની આરપાર જોઈ શકાય,
તેમ શ્રી કેશુભાઈનું જીવન પણ પારદર્શક અને દેદિપ્યમાન છે. તેઓ માત-પિતાના ભક્ત છે, તેમ દેવ-ગુરુનાં ય પરમ ભક્ત છે. અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના દિવ્ય આશિષથી તથા આચાર્યપ્રવર શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ, મુનિરાજશ્રી મહાસેનવિજય મહારાજ, પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય તથા ગુરુદેવ પૂજ્ય આચાર્યપ્રવરશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રત્યક્ષ પ્રેરણા એવં મધુર માર્ગદર્શન તથા અનુપમ સહધર્મચારિણી સુશ્રી અનિલાબેનના અનવરત સાથ થકી
પરમ સુશ્રાવક શ્રી કેશુભાઈએ જીવનમાં કરેલ સમ્યક્ સુકૃતોની સરવાણીની ઝાંખી કરી આપણે સૌ અનુમોદના કરીએઃ
પ્રાયઃ ૨૭ વર્ષથી અનેક દેરાસરો-ઉપાશ્રયો,
સાધુ-સાધ્વીજી, શ્રાવક-શ્રાવિકાઓ, ધર્મશાળાઓ-ભોજનશાળાઓ, વૃદ્ધાશ્રમો, હોસ્પિટલો, શાળાઓ તથા અનુકંપાદાન માટે ગરીબોને અનાજ, કપડાં, દવા, મકાન, મકાનભાડાં, વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવો વિગેરેમાં શાસનના શણગાર શ્રી કેશુભાઈ વ્રજપાર શાહ ભામાશા સમી ઉદારતાથી એકધારો અનૂઠો લાભ લઈ રહ્યાં છે.

## કેશુભાઈને મળેલ પરમાત્માનો પુણ્યપ્રાસાદ

**સિદ્ધગિરિના શ્રી આદિનાથ ભગવાન તથા**

**શ્રી શંખેશ્વર ભગવાન.**

એ દિવસ ત્યાં ઉપસ્થિત સર્વ પુણ્યશાળી આત્માઓ માટે ચિરસ્મરણીય બની રહ્યો છે કે જ્યારે તીર્થની પવિત્રતાને જાળવી રાખવા માટે થયેલ મધ્યરાત્રિ પછીના અભિષેકમાં પ્રભુકૃપાથી એવં ગુરૂ મહારાજના હૃદયમાં હોવાથી મૂળનાયક શ્રી આદિનાથ દાદાનો પ્રથમ મુખ્ય અભિષેકનો લ્હાવો પામવા સરળસ્વભાવી કેશુભાઈ સદ્ભાગી બન્યાં. વળી ગુરૂ મહારાજની પિઠિકાના પ્રવેશ પ્રસંગે દાદા શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની છાયામાં બેસીને ૧૦૮ પુષ્પ અર્પણ કરવાનો અનેરો અવસર પામીને પણ બહુભાગી બન્યાં.

## શ્રી હાલાર તીર્થ - આરાધનાધામના પ્રાયઃ દરેક દિવ્ય પ્રસંગો શ્રી કેશુભાઈના અનુદાનની ભાવનાથી મઘમઘે છેઃ

હાલાર જિનાલયમાં શ્રી આદિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી છે.
પ્રભુ પાર્શ્વનાથના પ્રતિમાજી ભરાવી તથા પ્રતિષ્ઠા કરી છે.
પ્રતિષ્ઠાપર્વમાં ૧ લાખ માણસોને મિષ્ટભોજન જમાડયાં.
મોટાં દેરાસરના પગથિયાં ચડવા અશકત લોકો માટે
તીર્થના પટાંગણમાં નાનકડાં રમણીય જિનમંદિર
‘કેશુ વિહાર’ની અંજનશલાકા, પ્રતિષ્ઠા કરાવી છે.

તીર્થની આર્ટ ગેલેરીનાં મુખ્ય દાનકર્તા બન્યાં છે.
નવકાર સાધનાપીઠમાં ચાંદીનો નવકાર ભેટ આપ્યો છે.
નવકાર સાધના બિલ્ડીંગમાં એક ઓરડાનું નિર્માણ કરાવ્યું છે.

ઈ.સ.૧૯૯૪માં હાલાર તીર્થમાં શ્રી ઉપધાન તપ કરાવેલ છે.
દર મહિને હાલાર પ્રદેશે બાવન ગામના ગરીબોને
અનાજ આદિ વસ્તુઓની કીટ અપાવી છે, ઉપરાંત...

**હાલાર પ્રદેશમાં પડેલ ૩ વર્ષના ભયંકર દુષ્કાળમાં
શ્રી કેશુભાઈ અને શ્રી હીરજીભાઈએ લાખોનું દાન
કર્યું - કરાવ્યું છે અને એમ હજ્જારો જીવોને બચાવાયા છે.**

**પાલીતાણામાં...**

કસ્તુરધામમાં સ્થાપક સભ્ય બનીને કસ્તુરધામતીર્થની ધર્મશાળામાં લાભ લઈ ઘણા ભાવિકો પાસેથી દાન અપાવ્યું છે, ઉપરાંત ઓશવાળ યાત્રિક ગૃહ અને દેરાસરજીમાં પણ લાભ લીધો છે.

**શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં...**

પૂજ્ય આચાર્ય શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની
પ્રેરણાથી હાલારી ધર્મશાળાની
કરોડોની વિશાળ જમીનના ભૂમિદાતા બન્યાં છે,
જ્યાં દેરાસરો - ઉપાશ્રયો - ધર્મશાળા બની છે અને દર વર્ષે
હજ્જારો યાત્રાળુઓ ત્યાં રહી સુંદર આરાધના કરી રહ્યાં છે.

**નવસારી, અમદાવાદ તથા ગાંધીનગર તપોવનમાં...**

પૂજ્ય પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબની પાવન
પ્રેરણાથી નવસારી, અમદાવાદ તથા ગાંધીનગરના તપોવનમાં
હજ્જારો વિદ્યાર્થીઓ ભણીને શ્રાવક તરીકે તૈયાર થયા છે,

તેમાં પણ ખૂબ મોટો ફાળો કેશુભાઈનો રહ્યો છે. નવસારીમાં તો કાયમ માટે ઉકાળેલા પાણીનો લાભ પણ લીધેલ છે.

### શ્રી ગિરનારજી મહાતીર્થમાં...

શ્રીમતી જડાવબેન રતિલાલ હેમરાજ શેઠીયા ધર્મશાળામાં પોતાના પરિવાર ઉપરાંત સ્નેહીજનો તરફથી ૪૪ રૂમો કરાવવાનો લાભ લીધો છે, જે દર વર્ષે હજ્જારો યાત્રિકો માટે આશીર્વાદ રૂપ બની રહી છે. વળી જૂનાગઢમાં સોસાયટીના દેરાસરજીના ભગવાનની અંજનશલાકા શ્રી હાલાર તીર્થમાં થઈ, ત્યારે તેના માતા-પિતા બનવાનો પણ મહાન લાભ લીધો છે.

### ભીવંડીમાં...

પૂજ્ય સાધ્વીજી શ્રી જયધર્માશ્રીજી મહારાજ સાહેબની પ્રેરણાથી આયંબિલ ખાતાના હૉલનો અનુમોદનીય લાભ લીધેલ છે.

### લંડનમાં...

ઈ.સ. ૨૦૦૬માં પોતાના ૫૦મા વર્ષની લગ્નતિથિ નિમિત્તે દહેરાસરજીમાં શ્રી નવકાર મહામંત્ર પૂજન ભણાવ્યું, તેમાં ૯૦૦ ભવિજનોએ સાનંદ ભક્તિ કરવાનો લાભ લીધેલ. પોટર્સબારનાં ફાર્માસિસ્ટોએ સુશ્રાવકશ્રી કેશુભાઈ સંગે ભેગા થઈને જિનાલયજીમાં કેશર રૂમ તથા બાળ ક્રીડાંગણનો લાભ લીધેલ. એક મોટો હોલ રાખી વર્ષીતપના ૭ બહેનોને સમુહ પારણા કરાવેલ. ૧ ભાઈ અને ૨ બહેનના ૧૦૦ ઓળીના પારણામાં પૂરી જવાબદારી સંભાળેલ.

લંડનના ૮૦ વર્ષ જેવી મોટી ઉંમરવાળા ૭૫ પુણ્યાત્માઓને
શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની અપૂર્વ રીતિએ યાત્રા કરાવી છે.
વળી બીજી વાર જ્ઞાતિના નેજા હેઠળ
'ઓશવાળ એસોશીયેશન ઑફ યુનાઈટેડ કીંગડમ' તરફથી
શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની ૨૦ દિવસની યાત્રા કરાવી છે.
તદ્ઉપરાંત શ્રી જેસલમેર-નાગેશ્વરની યાત્રા કરાવી છે, તેમાં
પણ સૌ યાત્રિકોની અનન્ય કાળજી કરી ખૂબ ધ્યાન રાખ્યું છે.

ભારતથી પર્યુષણ કરાવવા માટે તપોવનના યુવાનોને બોલાવવા
કે પૂજનો દરમ્યાન વિધિકારકોને બોલાવી
સંભાળવાનું કામ ખૂબ લાગણીથી કરેલ છે.
લંડનમાં ઓશવાળ સમાજની સ્થાપના તેમ જ
ધાર્મિક અવસરોએ અત્યંત આદરપૂર્વક સહાયક બને છે,
જેમકે આચાર્ય શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ.સા.ની સ્વર્ગારોહણ તિથિ
દર વર્ષે લંડનમાં ઉજવાય છે,
તેમાં પોતાના તન-મન-ધનનો ઉપયોગ કરે છે.
ભારતમાં દુષ્કાળ, ભૂકંપ, વાવાઝોડાં જેવી કુદરતી આફતો વખતે
સહાય માટે પોતે તથા અન્ય ભાવિકોને પ્રેરણા કરીને
લંડનથી લાખો રૂપીયા ભેગા કરી દેશબાંધવો માટે મોકલે છે.

### નાઈરોબી દહેરાસરજીમાં...

શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના તિલકનો લાભ લીધો છે.
સન્ ૧૯૮૨માં પહેલી વખત દેરાસરમાં આયંબિલ કરાવ્યું હતું.

**અમદાવાદ - કર્ણાવતીનગરમાં...**

સુંદર ઉપાશ્રયનો લાભ લીધો છે, જ્યાં રત્નત્રયીની
અદ્ભૂત આરાધના થઈ રહી છે.
**કર્ણાવતી ઉપરાંત અગણિત સ્થાને** વર્ષો વર્ષ પૂજનીય
સાધુ-સાધ્વીજીની ભક્તિમાં દવા આદિનો લાભ લે છે.

**ગુરુદેવ પૂજ્યશ્રી હેમપ્રભવિજયજી મહારાજની ત્રણે પદવીમાં...**

આરાધનાધામમાં થયેલ ગણિપદવી,
વાંકી (કચ્છ)માં થયેલ પંન્યાસપદવી તથા
કસ્તુરધામ, પાલીતાણામાં થયેલ આચાર્યપદવી પર્વોત્સવોમાં
ઊંડો રસ લઈને ઉજવી અને તેમાં મુખ્ય લાભ લીધો.
એમાં પણ આચાર્ય પદવીમાં તો હર્ષોલ્લાસપૂર્વક અત્યંત
ઉદારતાથી ચડાવો બોલી બૃહદ્ લાભ લીધો.

**ગુરુદેવ પૂજ્યશ્રીના પ્રાયઃ દરેક મુખ્ય પ્રસંગોમાં...**

શ્રી કેશુભાઈના હાથે જ માંગલિક રુપે અખંડ દિપક તથા
કુંભ સ્થાપનની ક્રિયા થાય, એ લાભ એમનો જ હોય.

**સાધર્મિક વાત્સલ્યમાં...**

કર્મના ઉદયે અત્યંત સુખમાંથી દુઃખી થયેલા સાધર્મિકોને
અત્યંત ગુપ્તપણે સહાય કરીને પગભર કરાવવાનો લાભ લે છે.
આર્થિક રીતે મુંઝાતા સાધર્મિકો દાન મળવાની અપેક્ષાએ
પૂજ્ય સાહેબજી પાસે આવે, તો તે માટે ઉદારદિલ કેશુભાઈની
હંમેશ માટે સહર્ષ સંમતિ જ હોય છે.

## જીવદયા તથા અનુકંપાદાનમાં...

અનેક પાંજરાપોળોમાં રહેતાં અબોલ પશુઓને
ચારો પૂરો પાડવા ઘાસ, રાજદાણ આદિ પહોંચાડવામાં
પુષ્કળ લાભ લે છે.

વિવિધ સ્થાને અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો, અંધાશ્રમો આદિમાં
જરૂરિયાત મુજબ સામગ્રીઓના દાનનો લાભ લે છે.
પરમ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજની પ્રેરણા અને
પ.પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજનાં માર્ગદર્શનથી
વિકલાંગોના છેલ્લા કેમ્પમાં
૧૨૫ વિકલાંગોને વ્હીલચેર આપી તથા અપાવી છે.

## જામનગરમાં...

એમ.પી.શાહ વૃદ્ધાશ્રમ માટે
પોતાની સાથે બીજા શ્રાવકોને પણ લાભ લેવા પ્રેરણા કરીને
લંડનમાંથી માતબર દાન એકઠું કરીને આપેલ છે.

## નૂતન દીક્ષાર્થીઓને...

અનેક નૂતન દીક્ષાર્થીઓને અવારનવાર
ઉપકરણો વહોરાવવાનો સર્વોત્તમ લાભ લીધો છે.

## ૩૦૦મી ઓળીના પારણામાં...

તપોધની પરમ પૂજ્ય દિવ્યાનંદવિજયજી મહારાજ સાહેબની
૩૦૦મી આયંબીલની ઓળીના પારણાંનો મુખ્ય લાભ લીધેલ છે.

## જન્મશતાબ્દી વર્ષની ઉજવણીમાં...

હાલારના હીરલા આચાર્યદેવ
પરમ પૂજ્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજની
જન્મશતાબ્દી વર્ષની ઉજવણીનો લાભ
ઉત્કૃષ્ટ ભાવના રાખી લીધેલ છે.

આ રીતે ગુરુભગવંત પ્રત્યે અનહદ સમર્પણ ભાવ રાખી,
અત્યંત સરલ સ્વભાવ સંગે
દરેક પ્રત્યે અંતરની નિર્મળતા દાખવી
પવિત્રતા - આત્મીયતા આદિ ગુણોનો સહજ અનુભવ કરાવે,
તેવા ભોળા ભગવાન જેવા કેશુભાઈ
ખૂબ-ખૂબ ગુરુભક્તિ, સાધર્મિક ભક્તિ,
જીવદયા ઈત્યાદી થકી સુમેરુ સમી શાસનસેવા કરી
સ્વ-પર આત્મકલ્યાણ સાધી રહ્યાં છે.

કેશુભાઈના ૩ બાળકોઃ સંજીતા - હિતૈષી - પુનિલ.

પુનિલભાઈ-શિલ્પીભાભીઃ જહાનવી, ક્રિષ્ન.
સંજીતા-યોગેશઃ હેતલ, જુલાન અને હિલાન.
હેતલ-રૂમિતઃ અનૈયા અને રેયન.
જુલન-પ્રિયાઃ લેલ. હિલન-મીનલ.
હિતૈષી-લલિતઃ જિલ્લના, બિન્દી.

દીકરી સંજીતા અને હિતૈષી છે વ્હાલનો દરિયો...
તો દીકરો પુનિલ પણ છે વ્હાલનું આકાશ!





























હે પુણ્યશાળી આત્મનો...
ગૃહે અમારાં પધારો પધારો!
દાદા-દાદી નવાજે ખજાનો
ત્રીજી પેઢી હેમકુંદન તણો!







## મૈત્રી આદિ ચાર ભાવનાની પ્રાર્થનાઃ

તરંગો મૈત્રીના નિખિલ જગમાં વિસ્તૃત હજો,
મહાકારૂણ્યે સૌ જગજન સદા યે પીગળજો,
સમસ્ત પ્રાણીમાં મધુર મુદિતા ઉદ્‌ભવ હજો,
ઉપેક્ષા પાપોની સકલ ઉરમાં વ્યાપ્ત હોજો.



શ્રી કેશુભાઈ - અનિલાબેનનો મધુર સંયોગ;
છે શ્રી જિનશાસન માટે મણિકાંચનયોગ!



શ્રી કેશુભાઈના જયેષ્ઠા તનયા શ્રેષ્ઠ હોમમેકર સંજીતાબેન કે જમાઈ યોગેશભાઈને, માર્ક્સ ઍન્ડ સ્પેન્સર્સમાં કાર્યરત અનુજા દીકરી હિતૈષા કે જમાઈ લલિતભાઈને, **Uxbridge**માં નિપુણતાપૂર્વક ફાર્મસી ચલાવનાર પુત્ર પુનીલને કે પુત્રથી યે વધુ વ્હાલાં પુત્રવધુ શિલ્પીબેનને કે કેશુભાઈના પૌત્રો-પ્રપૌત્રોને આજે જો પૂછીએ કે...

'પિતાજી, સસરાજી કે દાદાજી કેશુભાઈ વિષે કંઈક કહો',
ત્યારે સૌનો એક જ સૂર હોય કે...

"આજ સુધી અમારામાંથી કોઈને યે કયારેય કાંઈ જ કહ્યું નથી કે તમે આમ કરો કે તેમ ન કરો. અમારા માતા - પિતાનું સોના જેવું ઝળકતું સંવાદિત દાંપત્યજીવન જ એક આદર્શ દ્રષ્ટાંત છે, અરે... અમ સૌ માટે જીવવાનો નકશો છે - મોક્ષનું ટેલિસ્કોપ છે!"



પરિવારને પાય છે જેઓ મધુરતાનું નીર;
એવા કેશુભાઈ છે જેઠીબેનના હીર! તેમના ગુણોનો વિશ્વકોશ રચવો,
એ પણ એક અનુષ્ઠાન છે પ્રેમનદીને તીર!



વૈશાખી વાયરામાં ઝૂલતાં કનસુમરાનાં આમ્રફળોની મીઠાશને
ઘોળીને જાણે એક પરિવાર સર્જાયો હોય, તેવા પરિવારજનો!



ઉષ્માસભર અવાજમાં વ્હાલ, ચહેરા ઉપર અહર્નિશ ફરકતું સ્મિત, આંખોની આરપાર અનુભવાતું અક્ષિતેજ, તોળી-તોળીને બોલાતો પ્રત્યેક શબ્દ, ગંજાવર કાર્ય કર્યું હોય છતાં સાવ નિર્ભાર અને આર્યદ્રષ્ટા ગુરુવરે સોંપેલા કાર્યને જીવ રેડીને સંપન્ન કરવાનો અપ્રતિમ ઉત્સાહ એટલે શ્રી કેશુભાઈ અને સુશ્રી અનિલાબેન!





# કેટકેટલાં ઉપનામો એક શ્રાવકને...

સરળ સ્વભાવી કેશુભાઈ,
શ્રાવકરત્ન કેશુભાઈ,
ગુરૂને હૃદયમાં પ્રસ્થાપિત કરનાર કેશુભાઈ,
ગુરૂના હૃદયમાં પ્રસ્થાપિત થયેલાં કેશુભાઈ,
દરેક ધર્મકાર્યમાં પોઝીટીવ ભાવ રાખનારા કેશુભાઈ,
શ્રી જૈન સંઘના સહારા કેશુભાઈ,
ઓશવાળ સમાજના આદર્શ કેશુભાઈ,
ગરીબોના બેલી કેશુભાઈ,
અબોલ જીવોના તારણહાર કેશુભાઈ,
કુંટુબ પરિવારના તારક ભાઈ કેશુભાઈ...

આવા તો અનેક ગુણોથી અલંકૃત...
આદરણીય કેશવજી વ્રજપાર શાહ,
કિન્તુ સૌના માટે હુલામણાં નામાંકિત બનેલા કેશુભાઈ.

તેમના સાંભળેલા-જાણેલા-માણેલા ગુણો અને
તેમના ભાવથી ખેંચાઈને એક નાનકડા પ્રયાસ રૂપે
આ ગુણાનુવાદ કથાની પ્રસ્તુતિ કરતાં
ગુણાનુકરણના ફળ સુધી પહોંચવા મથતાં
સુશ્રાવિકા ભારતીબેન દિપકભાઈ મહેતાનો આ પ્રયાસ
સૌને કેશુભાઈના જીવન-ઝરણાનું આચમન કરાવનારૂં બની રહો.

www.fiestadesigns.in